તે સાથે શેહર ને રેહેવાનું મકાન*
એ દિવસનું મુકરર કરતે જો જરાન—
તો તે બેરાક પડતે સર્વેને પસંદ*
એમાં ન હતો હીલો કે હરકત—
તેવું કરવાથી ન ઘટતે બરકત *
જો રાખતે એ લખવા જેવી આદત—
તો રેહતે એ દીવસની હંમેશા શાહાદત*
હવે એ પુરૂષનું કયું ખાનદાન—
તે વિશે થવી જોઇએ તમોને જાણ*
એહેરામજી દાદાભાઇ લકબે સંજાણા—
હતા એલમમાં પુર અને સ્યાણા*
બાપના બપાવામાં બપતા હતા—
યોજદાયરેઅરીનું કામ કરતા હતા*
બત પલ ને વિદ્યા જોતીશ—
એ કામમાં માહેરો રાખતા અતિશ*
એ મરહુમનાં આબળા ને આગાન—
જેઓનું મથક અસલ હતું સંજાન*
રસ્તમજી બેરામજીનાં હતા દાદા—
જેઓની ચાલાકીબી હતી જ્યાદા*
નામ દાદાભાઇ સોરાબજી જાણો—
સંજાણાની બટકથી તેમને પીછાણો*
તેઓએ પોતાંકિ કબીલો લઇ—
નવસારીથી વસ્યા સુરત મધે જઇ*
ત્યારથી થયા એઓ સુરતવાસી—
વળી સાંભળો બાબત નવી ને બાસી*
કે એ જંદ. પેહેલવીનાં પંડીતનું પુર—
કાબેલ્યત ભર્યું જે રાખતો જહુર*
તેની ઓલાદ હિંદુસ્તાન માંહે—
દસ્તુર નેરીઓસંગ ધવલથી કેહેવાએ*
કે જેની કાબેલ્યતનો પારજ નહીં—
જેની કીર્તિનો શુમારજ નહીં*
જેણે ટોળા થકી બેચીછે રંજ—
જેનો મળ્યો હરી જીનતમાં ગંજ*
જે મહા પુરૂષે સંજાણ શેહેર—
કેટલાંક આદરાનો ને બાંધી દરેમેહેર*
ફીદા છે જે પર તન અને જાન—
જેણે બાંધ્યું એક ઊનમ મકાન*
પવિત્ર કેબલો આતરાબેહરામ—
દીન અને દુનિયાનું જે છે ઠામ*
તે કેબલાને કરી તખ્તનશીન—
દોખમાં બાંધી થયો જીનતનશીન*
હવે નેરીઓસંગ ધવલ દસ્તુરાન દસ્તુર—
જે નામની બુરાબોમાંથી નિકળેછ કસ્તુર.
તેનો પનોતો પુત એક નામદાર—
નેક નામ જેનું કહેછે શેહેરીયાર*
ચાર રૂત માંહેલી એક હોય છે ફસલ—
તેમ "એદલ" તેનેથી ધરાવેછ નસલ*
એ "શેહેરીયાર એબને નેરીઓસંગ"—
જેની ઉપર જમાનો થયો છે તંગ*

તેનું ખાનદાન શ્રી સંજાણ મધે—
અસલ વસ્તું હતું ભાઈ વગર સંધે*
ત્યાંથી તેઓને કેટલાએક દીનદાર—
જેઓ ધર્મપર રાખતાતા પ્યાર*
તે મધે મોભેદા બે જણાં—
દીન ઉપર ચુસ્ત હતા જે ઘણાં*
"કાકા એમને ધંપાલ" એકનું નામ—
જે સદા સ્વર્ગી કરતોતો કામ*
બીજે "કાકા એમને પાહાલન" યાર—
સારાં કામમાં જે થતો તૈયાર*
તેઓએ એમને શ્રી નોશારી ખાતે—
બોલાવ્યા હતા ભાઈ પોતાની જાતે*
આવ્યે નામી કુટુંબ વિશે ટુક—
બોલાસો કરીયેછ ન રાખતા ચુક*
કે એ કુટુંબનાં વડા અને વાલી—
જેઓને ઓળખવાથી નથી કોઈ ખાલી*
સધળી ઓળખે છે પારસીની કોમ—
કે હતો એક નામે 'ફરેદુન હોમ'*
તેનો નોસારીનાં પંથકમાં લાગ—
અર્ધો અર્ધ કરી આપ્યો તો ભાગ*
હવે ફરેદુન જ્યારે આવ્યો સંજાણથી—
ચોકસ કહીયેછ ન કેહેતા અનજાણથી*
જેનીપર હતો તે વાલીનો સાહ્યો—
તે પોતીકાં કુટુંબને સંગાથે લાયો*
તેમાં હતા પોતીકા બેટા તરણ—
કે જે હાલમાં પામ્યા છે મરણ*
તેમધે વડાનું 'આરા' હતું નામ—
પણ વચલા સાથે છે આપણને કામ*
જેનું નેક નામ હતું 'માહીયાર'—
પ્રાણ છે ફીદા થવા તૈયાર*
નાધલાનું નામ હતું 'મેહેરવા'—
હુશ્યારી જેણે મેળવીતી સવા*
હવે માહીયાર એમને ફરેદુનથી અસલ—
કેહેવાયછે આપણા દસ્તુરની નસલ*
આપણા દસ્તુરનું ખાનદાન ઉત્તમ—
સુરત ખાતે વસ્યા પછી કુદુમ*
એના બાપાવા રૂસ્તમજી સંજાણા—
જેના નામથી કોઈ નથી અંજાણા*
તેઓએ પ્રથમ સંસ્કૃત ને જોતિષ—
એ ભાષાઓનો અભ્યાસ કીધો અતિશ*
ત્યારબાદ એક ખબરદાર અને કાબેલ—
એરબી અને ફારસી ભાષાનો ફાજેલ*
હતો એક પંકાયલો મોલવી—
ઊપલી માહેતગારી તેનેથી મેળવી*
અને તે ભાષાઓમાં પ્રસિદ્ધ થયલા—
ભાર દરએક એલમો તે માંહેલા*
એણે કીધાતા હાંસેલ શું કરીએ વખાણ—
ટુંકામાંજ કહીયે છે,ન કરતા લંબાણ*
એ પછી ઈસવી ૧૭૨૫ નો સને—
આસરે કહીયેતો કાંય નહી ઉને*
એ વર્ષમાં શ્રી કેરમાનથી એક—
કાબેલ દસ્તુર આવ્યો તો નેક*
જેનું નેક 'જમાસ્પ' હતું નામ—
પણ બાપના નામની નથી ફામ*
તે આવ્યોતો શ્રી સુરત ખાતે—
લાયક હતો તે સધળી વાતે*
દસ્તુર રૂસ્તમે ભાઈ તેની પાસ—
નિચેની જુબાનોના કીધો અભ્યાસ*
પેહેલવી, પાજંદ એલમ અને—
આરામાની જુબાન રિખ્યો તે કને*
તેથી તેમાં ખબરદાર થયો—
એ વાતનો ખરો જાણવો પાયો*
હવે ઊપલા એલમો મધે યાર—
થયો એ મરહુમ દસ્તુર હુરિયાર*
તે પછી તેવણની નજદીક એ ભાઈ—
અમો કેહેવાની જણાયિછ વડાઈ*
કે તે જમાનાના કાબેલ આઠ—
જેઓનાં નામની અમોને છે પાઠ*
તેઓ થયાતા એમના ચેલા—
સધળા તેઓને જણાવીયેછ જેલા*
દ.†કાવસજી સો.‡ એક હતા તેઓમાં—
સારાં સલુક કેહે વાતાંતાં જેઓમાં*
મેહેરજી રાણાની હતી ઓળખ—
ને નોસારી જેવું હતું મોલખ*
વળી સુરત વાળા એક દસ્તુર બીજા—
કવિતા કરવામાં ન પડતી ધુજા*
તે દ. કાવસજી રસ્તમજી યાર—
જેનીપર ટોળાનો હતો પ્યાર*
ત્રીજા ફરામજી સો. મેહેરજી રાણા—
જેઓ ખરાં મોતીના એક હતા દાણા*
ચોથા, પાંચમા, પોતાનાજ પુત—
જેઓમાંથી એક પેદા કીધો સપુત*
વીસરીયે નહી જે અમો કેહતા—

† દ. = દસ્તુર. ‡ સો. = સોહરાબજી.

તો છઠ્ઠા એસ્સોના ભાઈના બેટા*
દસ્તુર શાપુરજી માણેકજી સંજાણા—
સાતમા તેહમુલજી નવરોજી સંજાણા*
છેલ્લો આપણો જીવત ગુજીત—
જે થયોછ બેહસ્તનશીન*
મરહુમ 'એદલ દારાબ' પોતે—
જેને જોયુંતે પુસ્તકમાં જોતે*
એસ્સોએ જંદ, પેહલવી, ને ફારસી—
જે જોબાન કેહવાયછ આપણી પારસી*
તે સાથે વળી અરબી જોબાન—
શિખ્યા હતા, નકરતા લંબાણ*

આ નિચેનો ઇશારો જે કરીયેછ—
ને વાંચનારાઓની શેવામાં ધરીયેછ*
તેની મતલબ એ રાખીયેછ અમો—
કે હીયાં લખવાનો મળ્યો છે સમો*
તેથી લખવાનું જણીયેછ જરૂર—
જેની મચાઇપર છેઇયે ગરૂર*
હવે અમો શું કરીએ વખાણ—
કે નોસારી મધે પવિત્ર મકાન*
આતરાએહેરામનું પાએ તખ્ત—
પ્રથમ અને પેહલીજ વખ્ત*
જ્યારે દ. સોહરાબનો†હતો વખ્ત—
ત્યારે આતરાને જે કીધાતા તખ્ત*
તે કેખલાની ક્રિયાઓ ભાઇ—
નીચે લખેલા દસ્તુરોથી થાઇ*
દસ્તુર એદલજીના બપાવા એક—
જે થાય ૮ દસ્તુરોનાં ઉસ્તાદ નેક*
તે દ૦ રૂસ્તમજી બે૦ સંજાણાં જાણો—
અરી વાત કહીયેછ, બેરાક માનો*
ને વળી તે સાથે દસ્તુર દુખ ટાળણ—
બરજોરજી કાઉસજી દારાબ પાલણ*
એ બંધની સરદારી હેઠલ એ ચાર—
ઊપલાં કામની ક્રિયા થાઇ તૈયાર*
એ વિધીની અમોએ પકી કરી શોધ—
એ અમલના બનાવની રાખીછે નોંધ*

દસ્તુરનાં બપાવાને એાળખેછે સૌ—
શું તવંગર, ગરીબો ને મઉ*
બેહેદીનો ને બોબેદો નથી અંજાણ—
જે કેહેવાતાતા રૂ૦ બે૦ સંજાણ*
બે બેટાઓ હતા તેમને પેટે—
જે ઓનાં નામો કહીયેછ હેતે*
'નવરોજ' હતું વડા છોકરાનું નામ—
'દારાબ' નાધલાનું આયેછે કામ*
ઊપલા નવરોજના તોખમથી ભાઇ—
જન્મ્યો તેહમુલ, દસ્તુરનો પિતાઇ*
એ નામવર શ્રી સુરત મધે—
આરાકારા થયો હતો બધે*
સબબ કે ત્યાંજ હતો એનો વાસો—
શીરા એને કીધાતા, કેઇ તેણે દારો*
એ મરહુમે સાંભળો ઓ ચાર—
સુરત મધે રાગેદ કીધાતા ચાર*
આપી તેઓને તાલીમ પેહલવી—
તેસાથે અવસ્તા જંદ મેળવી*
તે શીરો મધે ભરૂચ વાળા એક—
દસ્તુર કાઉસજી જે થઇ ગયા નેક*
બીજા શ્રીસુરતના ‡ દસ્તુર વડા¶—
નેક મનરાની જે ઓ રાખેછે સદા*
કેઓરારો એમને દાદાભાઇ—
સબળી પાંતીની રાખેછે ચતાઇ*
ત્રીજા શ્રી નોસારીવાળા સ્યાણા—
કેરસાસજી ૪રામજી મેહેરજીરાણા*
મોબેદ ડોસાભાઇ મદારી ૪ થા હતા—
એ સબળા નામોની રાખીયેછે સત્તા*
હવે દ. નવરોજજી જે ઊપર કહ્યા—
નેકી સાથે જે રાખતાતા દયા*
તેઓ પોતાના બાપનો હોકમ લઇ—
રહ્યા રસ્તમપરાંમાં, ઘર જુદું લઇ*
એ વિદ્વાન ગ્રહસ્થે ચાર—
સુરતમાં ઘણો મેળવ્યેતો પ્યાર*
પોતાના મુરબ્બીની પેઠે ભારી—
ઇજત, આબરૂ મેળવીતી સારી*
એ નામીચા દસ્તુરે ઓ ભાઇ—
લીધીછ મેહનત જે એનેથી થઇ*
બે નામીચા ગ્રહસ્થોને મુદ્દાસંદ—
પેહલવીની સાથે રિબ્યતી જંદ*

† દસ્તુર સોરાબજી મેહેરજી રાણા. ‡ હાલનાં.
¶ એ ઘણો ઊપલા એલમો મધે ઘણી સારી માહેતગારી ધરાવતો નથી—પણ જે કાંઇ થોડું ઘણું જાણેછે તે દસ્તુર તેહમુલજીનાજ હાથ હેઠલ હાસેલ કીધુંછે એવું ઘણાએક મોબેદો કહેછે.

તેમાં પ્રથમ શ્રી નોસારીવાળા—
જે ઓની કીર્તિ ગણાયછે આળા*
ઇ. હોરમજી નસરવાનજી મેહેરજી-
રાણા—
બીજા વળી તેમનાજ ભાઇ સ્યાણા*
મુબારેક નામ જેનું રૂસ્તમ હતું—
મસલત લીધાથી જેના આસાન થતું*
એ છેલ્લા સાહેબે શ્રી નોસારી મધે—
ન કોઇને રહે જગ્યા સંધે*
એવી રીતે જાહોજલાલી સાથે—
દસ્તુરી ચલાવીતી પોતાકે જાતે*

—

આપણા લોકોમાં આએતો છે મહશુર—
તેમાંતો નથી કશીબી કસુર*
કે પનોતો પુત પાળણે પડે માલમ—
બચગીથી જણાય, દાનાવ કે જાલમ*
તે કેહવત એ બુજર્ગને લાગુ પડેછ—
બચગીના વર્તથીજ તે દાના કરેછ*
જાહેર કરીયેછ તેનું નિચે વૃતાંત—
કે ન રેહે કોઇનાબી મનમાં ભ્રાંત*
એ ફાજેલની વય હતી અય.રે ૧૬) ની-
દાનાઇ શેરાન થતી ગઇછ ત્યારના*
એ નાધલી વયમાં મરાતબ ને નાવર—
યોજદાયરેગરી કીધી, રાખ *આવર*
એટલુજ કરીને ન રહ્યોતો એસી—
પણ ઉસ્તાદ એક હતો જે એશી*
તેનથી હાંસલ કીધોતો એલમ—
હતો અભ્યાસી, ન લગાડતો વિલમ*
હવે એ બ્રહ્મચારીની જુવો ચતાઇ—
મરાતેબ થયા પછી એ ભાઇ*
એ ધણીએ પોતીકા બપાવા પાસ—
કીધો પેહલવી ને ફારસીનો અભ્યાસ*
અરબી એલમનોબી માહવેરો કીધો—
દુનિયાનો ખોટો લોભ છોડી દીધો*
એવુંતો ચિત એનું રહ્યું મશગુલ—
કે સોનાનેબી ગણવા લાગો ધુળ*
એલમમાં એવુંના લગાડયું ધ્યાન—
ન કરી શકતા અમો જેનું બ્યાન*
ન બીહતી મધમાબ કે થારો નારા—
મીઠા ઝોડાની ફરેછ આસપાસ*

બેધડક જઇ બેસેછ હરેક ફુલપર—
ન રાખતી કશી પાંતી કાંટાનો ડર*
તે મીરાલે એ માહવિદ્વાન—
બણવા લાગેા તે એલમની બાણ*
રાત ને દાહાડો તેપર લાગેા બળવા—
લાગેા એમબતીની મીરાલે ગળવા*
પોતાની જુવાનીનો તમામ વખત—
નહી ગુમાવ્યેા જરાબી મફત*
એલમને બાતર તે બન્યોતો જોગી—
એવો થાઇ લાગેાતો એલમનો ભોગી*
એ દિલ! સાંભળ તું એ દસ્તુરની વાત—
કે અભ્યાસ કરતાં જે દાહેડો ને રાત*
એનો બ્યાંવેર જીબ્યો ઉસ્તાદ—
ત્યાંવેર ન કીધી એક ઘડી બરબાદ*
તે ગુજરયા બાદબી સાંભળ જીગર—
એને ન ચાલ્યું એલમ વિગર*
ત્યારે જીનતગુજીન † કેબલેગાહ—
એ દસ્તુરનો જે હતો નેક બાહ*
તેનિથી એલમ હાંસેલ લાગેા કરવા—
એલમની એને હમેરા હતી પરવા*
એ રીતે એલમની બાહિતગારી ધરી—
ફારસી, એરબી, ને પેહલવી પાડ કરી*
અવસ્તા, પાજંદ, ને સંસ્કૃત—
બાહિતગારી મેળવીતી એને દરસ્ત*
હવે સંસ્કૃતની કેળવણી કોણે આપી—
નામ તેનું અમો જણાવીયેછ છાપી*
શ્રી સુરતના લોકોમાં પંકાયલો—
નામીચો પંડિત જાહેર થયલો*
સગ્રામપરામાં હતું તેનું ઠામ—
તે ધણીનું નામ હતું 'તુલજારામ'*
એ ધણી હતો એક અછા વિદ્વાન—
કંઇ જોશીઓ આવતા તેને માન*
બેહરામનો જેના રેહતા ચર્ણે—
તે સાથે કંઇબીજબી વર્ણે*
સંસ્કૃત તેનેથી હાંસલ કીધા—
અંગ્રેજીનીબી કાંઇક કેળવણી લીધી*
હમે આગળ જણાવ્યુંછ એક જગે—
સાબેતી તેની આપીરેછ આ વગે*
કે આપણાં જીનતગુજીન દસ્તુર—
નો ‡ બપાવો હતો જે એલમમાં પુર*

* વિશ્વાસ રાખ. †એઓનાં બાવા દસ્તુર દોરાબજી રૂસ્તમજી સંજાણા. ‡ મરહુમ એદલજી દોરાબજી સંજાણાના બપાવા તથા ઉસ્તાદ દસ્તુર રૂસ્તમજી બેહેરામજી સંજાણા.

પોતીકા જમાનામાં એલમના ખાં—
દાખલો તેનો અમો આપીએછે હીયાં*
કે નવસારી ને સુરતના દ૰ તમામ—
જેઓનાં આગળ જણાવ્યાછે નામ*
તે સધળાએઓએ આપણા પાક ધર્મની—
જેનીમાં છે દરએક વાતો ભરમની*
તે વિરોની એ ઉસ્તાદથી કેળવણી લીધી—
જેમાંના કંઈએકે દસ્તુરી કીધી*
ને કંઈએક કરેછે હાલને સમે—
તે તપાસી લીએ, જેઓને ગમે*
કૃપાથી અમોને એક મળીછ કેતાબ—
લાભ મેળવ્યેછે તેનો શેતાબ*

આપણો થઇ ગયલો બ્રહ્મચારી—
જેની અમો લખીયેછ યાદગારી*
તેણે બનાવી "વજરે અહુરમજદી "—
હતો ૧૨૯૦ નો સાલ યજદેજરદી*
તેમાં એ વીરો આપ્યાછે વિસ્તાર—
કે જેથી મળ્યોછે અમોને આધાર*
સાચાપણું અમારૂં બતાવવાને કાજ—
પાસ 'અએતો'નો કાઢાડીયેછ આવાજ*
જે જાઇ એકોચ સ્વર્ગી બાગમાં—
તેણે કીધેલી કેતાબના પેહલા ભાગમાં*
ઉસ્તાદની સિફતમાં લખ્યાંછે એત—
તે ટાંકીયેછ નિચે, પછી જણાવશું કવેત*.

ફારસી બેતો.

دگر علم بيات دانست و تازى
بمان تصريف و نحو و شعر سازي
بهر علمي كه خواهي دسترس داشت
ز استاد عالم زآن سرافراشت
مرا تعليم كرد از مهرباني
بهر علم و هنر جاى نهاني

بيا اي ساقي فرخنده ديدار
پر از مى ساغرى در پيش من آر
كه تا بر ياد أستادي كنم نوش
ز مد هوشي دل آرم باز با هوش
بتعريفش يكي نغمه سرايم
بهر احوال خود هم وانمايم
كه اين دانش ز كه تحصيل كردم
بنظم و نثر چون تفضيل بردم
بدام تحقيق كه اين علم گراسي
بيمن لطف آن استاد نامي
مه برج هنر خورشيد دانش
كزو روشن روان اهل بينش
فضيلت بخش جملر فاضلان بود
چراغ مجلس دانشوران بود
جدم مرحوم رستم ابن بهرام
خدا دارد روانش شاد مادام
هم او بد جد و هم آموزگارم
كزو نازان و دايم شاد خوارم
چه دستوران دين تلميذ او بود
بهر كس پرتو دانش بدو بود
چه وستا و درى و پهلوى را
بمان پازند و زند و معنوي را

ખીઆ અએ સાકી એ ફરેાનદે દિદાર-
પેારજ મએ સાગરી દરપેરી મન આર*
કેતા બર યાદે એાસ્તાદી કેાનમ નેારા—
જ મદહેાશી દેલારમ બાજ બાહેારા*
બ તારીકૂરા યકી નગમે સરાયમ—
હમે અહેવાલે એાદ હમ વાનમાયમ*
કે ઇન દાનેરી જકે તેહસીલ કરદમ-
બનજમેા નસર ચુન તફજીલ એાદમ*
એદાંન તેહેકીક કેઇન એલમે ગેરામી—
બયમને લેાતકે આન એાસ્તાદે નામી*
મહે એારજે હેાનર એારશેદે દાનેરા—
કજે રેારાનરવાંન અહેલે ખીનેરા*
કજીલત બક્ષે જેમલે કાજેલાં એાદ—
ચેરાગે મજલસે દાંનેરાવરાં એાદ*
જદમ મરહેામ રૂસ્તમ એબને બેહેરામ—
એાદા દારદ રવાંનરા રાાદ માદામ*
હમેા એાદ જદદેા હમ આમેાજગારમ—
કજે નાજનેા દાએમ રાાદ બ્યારમ*

યે દસ્તુરાંને દીન તલબીજે એ બુદ—
બહરકસ પરતવેદાંનેરા બદો બુદ*
યે વસતા એ દરીએ પેહેલવીરા—
હમાન પાજંદા જંદા મઅનવીરા*
દેગર એલમે હયાત દાનેસ્તો તાજી—
હમાન તસરીફા નેહેવા રાએર સાજી*
બહર એલમી કે બાહી દસ્તરસ દાસ્ત—
જે એાસતાદાંને આલિમ જાંનસર અફરાસ્ત*
મરા તઅલીમ કરદ અજ મેહેરબાની—
હમે એલમો હોનરહાએ નેહાંની*

ઉપલાં બેતોની કવિતા

"કહેછે બંદા હમેશાંનો બાકી—
કે લાવ એ મુબારેક દિદારના સાકી*
લાવ એક શરાબથી ભરેલું પ્યાલું—
કે ધ્રુટિ બાબતને નજરે નેહાંળું*
નેક ઉસ્તાદની યાદમાં કરું નોરા—
બેહોશીથી પાછો ફરી દિલમાં લાઉ જોશ*
તે ઉસ્તાદની યાદમાં ગાયન કરું—
જેથી એક વફાદાર શાગેર્દ ઠરું*
મારો હેવાલથી કરું જાહેર—
કે દાનાઇમાં કોણથી થયો માહેર*
કોણથી શિખ્યા એ મારતબંદી—
'અએત' એટલે 'કવિતા' દિલપસંદી*
ટુંકામાં, કોણથી પામ્યો ફજીલત—
ન ઊતપંત થઈ જેથી બુરી ખલત*
(એ ફિલસુફ કહેછકે) બાતરીથી જાણ—
એલમનું કોણથી મેળવ્યું માન*
તે નામદારની મેહેરબાંનીની બરકત—
કે જેથી ન પડી મને કશી હરકત*
જે હુનરના બોજનો હતો માહતાબ—
દાનાએમાં આપતો સૂર્ય જેવો આબ*
ફાજેલોને ફજીલત બક્ષનાર હતો—
એલમી એનો જીવ તેથી રોશંન થતો*
વિદ્વાનોની મજલેશનો હતો ચેરાગ—
દાનાએને દીલપસંદ, ફીલસુફી બાગ*
(એ હકીમ કહેછ કે) તે જીનતવાસી—
જેનો હુનર ગોલામ, વિદ્યા હતી દાશી*
તે મારો બપાવો રૂસ્તમ મેહેરાંમ—
જેના રૂહ ઉપર હોજો સલામ*
બોદા તેના રવાનને હંમેશ ખુશી રાખે—
ઊતરતો આવ્યોછું હું જેની શાખે*
તે મારો બપાવો અને ઉસ્તાદ—
જેની મુરબ્બીગીરીથી હું છું આબાદ*
જેનેથી હું હંમેશાં કરતોતો નાજ—
બેશક હતો તે એલમનો સાજ*
નહી કેહતો હું કાંઇ રાખીને ભેદ—
હતા દિનના દસ્તુરો તેનાં શાગેર્દ*
જેથી તેમને મળ્યો દાનાઇનો સાથ—
મહજબનો જે એ ધરાવેછે પાયો*
હવે દિલને તું ના કરી નાંખ સુસ્ત—
પણ સાંભળ એ તું જીગરે દુસ્ત*
કે પાજંદ, પેહલવીમાં તે હતો બામ—
એલમે હકીકી ને અવસ્તા કલામ*
એ અને એ વગરે એલમે હૈયાત—
અરબી ને'નેહેવા શાએર'કીધીછે નેહાત*
બીજા એલમો માંથી જાણ એ જ્ઞાની-
દસ્ત કુદરતીની તે બતાવતો નિશાની*
બીજા ઉસ્તાદો કરતાં હતો સરફરાજ—
કાયલીનો જે આંગળાં કાહડતા આવાજ*
તે દાનાવ ઉસ્તાદે રાખી પ્રિત—
ભેદ ભરેલા એલમોની શિખવી મને રીત"*
એ રીતે આપણો બરો બ્રહ્મચારી—
ઉસ્તાદની લખી ગયોછે યાદગારી*

હવે એ દસ્તુરનો બપાવો બાશ—
બોલ બોડા પોતીકાં તંનમાંથી રાશ*
અજલના હોકમને આપીને માન—
ગયો જ્યાં હતું અસલી મકાન*
ત્યારપછી દસ્તુર એદલ દારાબ—
પ્રકાશવા લાગો જેવું મોતીનું આબ*
દીપકવા લાગો જેવી હોએ આરસી—
કંઇ બેહેદીનોને શિખવવા માંડી ફારસી*
વળી હોએ કેડે ગમી ને રોહાદી—
માહેતમનો આવાજ યા આબાદી*
ફરામ પરાં અને રૂસ્તમપરાંમાહે—
તો 'વાએજી' કરવા એ જગતજોગી જાય*
એ વિવેકીએ અને ગુણવંત—
એની ચબલાઇનો નથી અંત*
એ મહાપુરૂષ હતો હમેશાંજ કાંમમાં—
તેથી બુજર્ગી મેળવી બાસ વ બામમાં
એ ફિલસુફે ઉપલી મેહનતો સંગાત—

ગોજદાથરેગરીનું કામ રાખ્યુંતું હાથ*
વળી દિનના કંઈક બરહક પુસ્તક—
જે થયાતાં એ પ્રિલશુફને હસ્તક*
તેઓનો તરજુમો અને ઊતારો—
કરવા સાથે, કંઈ કરતો સુધારો*
એ રવેશે તે રાત અને દિસ—
કામે લગાડતો, ગુણીજણનો શીરા*
હવે એ જીગર ને દીનદાર અમારા—
રૂખસારા ખુશીથી ખીલજો તમારા*
સર્વે સાહેબોને આતોછે માલમ—
વિદ્યાવાનને સઘળી ચાહે છે આલમ*
પછી શું ગરીબ અને માતબર—
સર્વે કોઈ બુજેછે તેની કદર*
એલમી માણુસને મળેછે જસ—
જ્યાં હોએ ત્યાં તેનો ચાલેછે દસ*
મળેછે તેને માન ને અકરામ—
એ રીત છે જગતની, એ નેક નામ*
તે પ્રમાણે આપણો જગતવાસી—
જેને અમો લખ્યાવેછે સન્યાસી*
તે પોતીકા એલમની બુજર્ગી પ્રમાણે—
વખણાવા લાગો શ્રી સુરત દરમ્યાને*
તે વખતના એક નામવર વેપારી—
જેની હુરમત ને આંટ હતી ભારી*
વડો શેઠીઓ શેહનશાહી અનજુમનનો—
સાચ્ચાંનો સાથી ને એક વચનનો*
દીનશાહજી એદલજી નામીચું ખાનદાન—
તેઓસે પડીતી બોહલી ઓળખાણ*
તેજ નામદારના દોલતખાંના માહે—
આપણો દસ્તુર ત્યાં હંમેશાં જાય*
કે શેહેરમાં જે ઓને પડે જરૂર—
ઢુંડવા જાવું તેમને ન પડે દૂર*
વળી એજ આપણો સદા સન્યાસી—
મિત્રાઇ પકડી બેઠોતો ખાસી*
રૂસ્તમ માણેકનું ખાનદાન નામી—
પુર વખણાયલું, ન કરાંની ખામી*
તેઓ સાથેની વગ ને ગરોબો—
રાખતો એ આપણી દીનનો સોબો*

હવે આપણી નામી ને ટાપુ ફળવંત—
છે જે આબાદ અને બળવંત*
તે પંકાયલી પણ નાની ટાપુની અંદર—
પ્રકારા પાયો એ સ્વરૂપી ચંદર*
એ ઊગમણુ પ્રાંતના એલમનો શાગર
પારસીઓમાં પેરાવા, હીંદુઓમાં નાગર
તેણે પેહેલું જ્યારે મુક્યું કદમ—
તે વિશે તમોને જણાવ્યેછ સનંમ*
કે ૧૮૫૬ નું ત્યારે હતું સાલ—
ગણત્રીમાં ૫૧ વર્ષ થયાંછે હાલ*
તે પનોતે સાલે એક દસ્તુરની સાથ—
નાંમ તેનું સાંભળો, ઓદા બક્ષે રાહત*
દસ્તુર ફરામજી સોરાબજી રાણાવાળા—
નોસારીનારેહવાસી ઓળખ જેની આબા*
એ બંધો આલેમો એક શેઠની ફરમાસથી—
શેઠ અરદેશર દાદીની દરખાસ્તથી*
ખરેખર જે શેઠીયો કરી ગયોછ રાજ—
તે નેકબખ્તને ત્યાં શેહાદીને કાજ*
એ બંધે કાબેલો આવ્યા હતા—
સબબકે તે શેઠે બોલાવ્યા હતા*
એ હીંગાંમમાં એ દસ્તુરો ચાર માસ—
રહ્યાથી ઓળખી ચુકા અમને ખાસ*
વાહડિયાજી ફરામજી માણેકજીને ભાઈ—
દસ્તુર ફરામજી સાથે પીછાણત થઈ*
તે શેઠે કીધી તે દસ્તુરને ફરમાશ—
કે રાખુંછું ફરજંદો તમારા દાશ*
તેઓને ફારશીની આપવી માહેતગારી
તે કબૂલ કીધું દસ્તુરે, થઈ આભારી*
પછી તે શેઠના બંધે નેકબખ્ત—
રિખવા લાગા જોઈ સારો વખ્ત*
આપ્યો તેમને 'ગુલેસ્તા'નો સબક—
ફારશી રિખવાનો જે છે બીજો તબક*
કેળવણીનું કામ એમ કીધું શરૂ—
પછે દસ્તુરને કંઈ કારણ પડું*
બાનગી કામસર રોકાણ પડી—
ન મળે ફરસુદ કે રિખવે એક ઘડી*
એવું જોઈને તેણે આપણો માહગુણી—
હક નામની જેણે લગાડીતી ધુણી*
તેને એ કામ કીધું હસ્તક—
કે તેજી ભર્યું રાખનાર મસ્તક*
એ સરપરાજ સાંભળ બીરાદર—
એલમીયતના જંગી ને બાહાધર*
ગુણીજણના આપે ફરજંદ છે બે—
ફારસીનો સબક કાંઈ તેઓને કેહ*
કબૂલ કીધો તેણે દસ્તુરનો રાખુન—
લાગે નહી તરકે, ઘણુંજ જબુન*
પછે પેલા મીજાજના બાશા—
જેઓમાંથી આવતો સુગંધી વાશ*

કેળવણી આપવી તેઓને શરૂ કીધી—
ધીરે સ્વભાવે સમજણ બહુ દીધી*
હવે એતો છે સર્વે લોકોને જાણ—
કે શિખ્યા કરતાં, સમજાવ્યામાં સ્યાણ*
તે રીત એ ગુણીએ કીધી અખત્યાર—
જેથી વધ્યો બચાંઓનો પ્યાર*
શિખવવાની ચાલ તેઓને પસંદ પડી—
તેથી આપની આગળ સ્તુતિ કરી*
કે આ ઉસ્તાદ છે કાબેલ્યતભરેલો—
એનમ છે પુરો એણે હાંસલ કરેલો*
તે સાથે જાણેછે રીત અને સલુકુ—
લંબાણ હોયછે તેને સમજાવેછ ટુક*
તે એવી રીતે કે સમજમાં આવે—
દિકટ બાબતને જલદી ધ્યાનમાં લાવે*
એવા તારીફના સાંભળી વચન—
થયો બચ્ચાઓનો પિતા મધન*
એમ કરતાં એક દિવસને ટાણે—
શેઠ મળ્યો દસ્તુરને કાંઇએક બહાને*
કીધી તેઓસે વાત અને રીત—
કાબેલ્યતની તેઓની પિછાણવા રીત*
કે કેટલું છે તેઓની અંદર પાણી—
તપાસ કીધાથી દાનાઇ પિછાણી*
એ રીતે શેઠ સાથ થઈ મિત્રાચારી—
માન ને અકરામ મળવા લાગું ભારી*
હવે સર્વેને આ નામ હરો જાણીતું—
કે હતું આ ઇનિસાન કેહવું માનીતું*
કદમી ફીરકામાં બુજર્ગીભરેલું—
સર્વ જરથોસ્તીઓને મોહડે ચહેલું*
ન હરો કોઇપ્રી એ નામથી અંજાણે—
ખાતરી છે અમારી એકીનથી માનો*
તે કોણ? મરહુમ મુલ્લાંફીરોજ—
નામ લીધાથી જય મુબારક રોજ*
તેઓને શેઠ સાથે હતી ઓળખાણ—
ફરામજી સાથે હતી અછી પિછાણ*
તેઓની મારફતે ફરમાશ કરાવી—
દસ્તુર એદલજીને એસ્તેમાસ કરાવી*
કે ન લગાડતાં કશોપ્રી વીલંબ—
અવસ્તા, પેહલવી, ને પાજંદ ઇલમ*
હેસાનમંદીથી શિખવે મને—
તે વાત ગઈ દસ્તુરજી કને*
આપણા દસ્તુરે તે એસ્તેમાસ—
મરહુમ મુલ્લાંફીરોજની ફરમાશ*
ઊતર વાળ્યો તેનો ભાઇ આમ—
કે શ્રી સુરતમાં છે મને કંઈ કામ*
વાસ્તે જો હું જઇને પાછો આવશ—
તો એસ્તેમાસ મોટી ખુશીથી બજાવશ*
એ પછી થોડીએક મુદત રહી—
આપણા દસ્તુરની સામગ્રી થઇ*
શ્રી સુરત ખાતે જવા થકી—
બંધે દસ્તુરોની થાઇ વકી*
પછી દસ્તુર 'એદલ' ને 'ફરામ'—
ખુશીથી સિધાર્યા પોતાકે ઠામ*
ત્યાં દસ્તુર એદલ રાબેતા પ્રમાણ—
ગુત્થો પોતીકા એલમ દરમ્યાન*
હવે એ પુરૂષની એવી હતી ખાહેશ—
કે સુરતમાં હમેશાં ભોગવે આસાયેશ*
જન્મભૂમિમાં ગુજરે જનમ—
મરજી એવી તેની હતી સનમ*
પણ મુલ્લાંફીરોજવિરો આખ્યોતો કોળ—
શેઠ ફરામજી આગળ બોલાયોતો બોલ*
તેથી તે શેઠ અને મુલ્લાંફીરોજ—
કાગજ પત્રો લાગા લખવા દરરોજ*
સલુકાઈ અને રાખી ગંભીરાઇ—
કે મુંબઇ આવો એ વિવેકી ભાઈ*
એ ઊપરથી દસ્તુરને પડી ફરજ—,
મુંબઇ ખાતે આવવાની અરજ*
તેથી અઢારશો એકસઠનો સંવત—
યજદેજરદી ફરોજ્ઞ નો અંત*
તે સાલમાં એ નામિયો પંડિત—
એલમમાં જેનું લાગુતું ચિત*
તેણે † મુરબ્બી ને એશને રાજી કરી—
મુંબઇ ટાપુ તરફ વળ્યો ફરી*
તે ખુશાબખ્તી ને ભરેલી વધાઇ—
ખબર મુલ્લાંફીરોજને થઇ*
તેથી તે નામદાર ફીરોજ પોતે—
તેસાથે શેઠ ફરામજીની જોતે*
એટલેજે ફરામજીના સાહેબજાદા—
એસ્તેકબાલ ગયા ખુશીથી જ્યાદા*
માહિમમાં લીધી એ દસ્તુરની ભેટ—
મુલ્લાંફીરોજ ને જુવાન્યા શેઠ*
હવે ભેટ અને થયા બાદ મુલાકાત—
ફરામજીના છોકરાઓએ કાહડી આ વાત*

† દસ્તુર દારાબજી તથા નવરોજજી રૂસ્તમજી સંજાણાને*

કે ફરામજી શેઠની ફરમાશ છે આપ્યે—
વાસો તમારો, ઘેર અમારે થાય*
જોકે ન હતી એમાં કોઈની મકદૂર—
કે આ ફરમાશને કરે નામંજુર*
તોપણ ઊપલા મુલ્લાંશ્રીરોજી—
બતલાવવા લાગા ખરી દિલસોજી*
એક દિલી અને બતલાવી હેશાનગી—
જાહેર અને કીધી મર્યાદા ખાનગી*
સાચું મન અને ખરૂં દિલ—
બતલાવવામાં કાંઈ ન કીધી ઢીલ*
એ જોઈ સર્વેએ કીધું એકમત—
કે ન કરવો શબ્દ 'શ્રીરોજી' નો રદ*
પછી આપણો તે બોલનાર ખરાંનો—
થયો મુલ્લાંશ્રીરોજનો પહરાણો—
હવે બીજા દિવસની વાત માનો—
એતકાદથી ખરૂં કહીયેછે જાણો*
આપણો દસ્તુર એમ લાગો કેહવા—
કે શેઠ-ફરામજીની મુલાકાત લેવા*
મને જરૂર કરી જોઈયે જવું—
શ્રીરોજને પડ્યું તેથી શાંમેલ થવું*
પછી તે બંધે દસ્તુરો ગુણવંત—
એક સાધુ અને બીજો સંત*
તેઓએ ફરામજીની મુલાકાત લીધી—
નશારવાનજી માણેકજીનીખી ભેટ કીધી*
એજ વખતથી દસ્તુરજીનો પગ—
વાહડિયા ખાનદાનમાં થયો વગ*
મજબૂત અને બહુ પાયદાર—
તે શેવટની ઘડી વેર યાર*
હવે બીજી તરફ 'શ્રીરોજ' સાથ—
ગુજારવા લાગો દાહડો ને રાત*
મોહબતનો તેથી એટલો થયો હક—
બરાજ મિત્રો, ન એમાં કાંઈ શક*
એક વગર બીજાને નહી ચાલે—
એકમેકના પડતા શબ્દનો ઝાલે*
એ પ્રમાણે થયું મિત્રાઈનું નાતું—
બંને જણ સાથે કરવું હોય કંઈ સારું*
હવે એજ વખતથી એદલજી પાસ—
સબક લેવા લાગા શ્રીરોજી બાસ*
અવસ્તા, ને પેહલવી શરૂ કીધી—
પ્રથમ પેહલવીની પરહંગ હાથ લીધી*
કેમકે જે હરેક પેહલવીનો શિખનાર—
પ્રથમ શિખવી કરેછ અખ્તયાર*
તે શિખ્યાબાદ અવસ્તા કલામ—
(જે લાવનારના રૂહપર હોજો સલામ)*
તે તેના પેહલવી અર્થ સમેત—
કીધી શ્રીરોજીએ શિખવાની ખેત*
કરવા લાગા તેવણ પેહલવીનો પાઠ—
એલમ સાથે લેવા લાગા બાઠ*
હવે આપણા મરહુમ જોગી ને અતિત—
જેઓને 'શ્રીરોજી'રો લાગીતા પ્રિત*
તેઓ લગભગ એક વર્ષ વેર—
રહ્યા મુલ્લાંશ્રીરોજીને ઘેર*
તે મુદતમાં મુલ્લાંશ્રીરોજી યાર—
ઓરદેઅવસ્તા શિખી થયા તૈયાર*
અને તે અવસ્તાને કીધી મુતાલે—
મુબારક ભવિષ ને બખ્તાવર તાલે*
પછે વંદીદાદવિશે કરતાતા કોશોશ—
તેટલામાં શેઠ ફરામજીનો એરા*
માણેકજી નોશારવાનજી વાહડિઆ કરી-
તેઓએ દસ્તુરને આરજુ કરી*
કે કંઈએક કારણસર મને છે ગરજ—
એટલામાટે તમને કરૂં અરજ*
કે કોટમાંનું આપણું મકાન હરએક—
જે દિસે તમારી નજરમાં નેક*
ત્યાં આવીને હવેથી રેહવું—
કબૂલ કીધું દસ્તુરજીએ તેમનું કેહવું*
હવે આપ્યે ઊપલા સબબને સર—
મુલ્લાંશ્રીરોજને દૂરી પડી અકસર*
તેથી તે નેકબખ્તનું ચાહવું—
અટકી પડ્યું કારણ જોઈ આવું*
એટલેજે અવસ્તાની તાલીમ—
લેનાર હતા તે જમાને હાલીમ*
તેમાં પડ્યો લગરીક એ વાંધો—
પણ મિત્રાચારીમાં ન પડ્યો સાંધો*
યાને બંધોને જે હતી દોસ્તદારી—
ઊરતવારીથી તે રહીતી ભારી*
ન પડીતી તેમાં અડચણ કશી—
એવા ગયાતા મોહબતમાં ફશી*
એ કલમ ના થાઈ જ સુસ્ત—
સાંભળો હવે તમો ખીરાદર દુસ્ત*
કે આપણો મરહુમ ને એલમે જંગી—
જેનાં મોહડાંપર સદા હતી રંગી*
તે સાહેબને કોટમાં જઈ વસ્યાબાદ—
કાહડી થોડાએક દિવસોની આડ*
પછી પોતે વાહડિયા ફરામજી શેઠ—
લઈ ગયા દસ્તુરજીને કરાવવા ભેટ*

શેઠ હેારમજજી બમનજીની સાથ—
જે ઍાસે થઇ અછી મુલાકાત*
માન સાથે ભેટ ઍકમેકની લીધી—
દસ્તુરજીને મુબારકબાદી દીધી*
હવે વડાઍા કહેછ તેમ મેાટાનું મત—
તે સાથે તેની તપાસવાની ગત*
ચાલવાની તેની બધી ચાલચલણ—
પિછાણી લેવાની તેની વલણ*
આપણ કરતાં કંઈ હેાયછે નિરાળી—
તે વાત નથી વિચારથી ખાલી*
કાંકે વાહડિયાજી હેારમજજી શેઠ—
જે ને ત્યાં કરતા હજારેા વેઠ*
તેણે પેાતીકી દાનાઈના બળે—
પિછાણ્યા દસ્તુરને તેજ પળે*
સલુકાઈના સમુદ્રમાં ધેાઈ—
સેજમાં લીધા તેનાં ગુણ જેાઈ*
હવે ઍજ વખ્તથી ઍ બ્રહ્મચારી—
કેાળનેા સાચેા ને સદા ઍતબારી*
હેારમજજી સાથે થઈ તેને સેાહબત—
દાહેડે દાહેડે વધતી ગઈ મેાહબ્બત*
તેથી તેની સંગતમાં ગુટાયેા—
ખારા આશનાવ ને મિત્ર ઍક થયેા*
જેથી તે બખ્તાવર શેઠ ઍા જાણી—
કરવા લાગા તેની પર જાનફેશાની*
ને ફરામજી વાહડિયાને ઇચ્છા જણાવી—
કે મારી ખાહેશ ને મરજી છે આવી*
"ઍની† ઍારાકી પેારાકી મજ ત્યાંથી
થાઍ"*

ફરામજી શેઠથી તે ના ન કેહવાય*
તેથી તેઍાઍ કબૂલ કીધું હા—
દસ્તુર પર ઍવેા બંધેનેા ચાહ*
હવે હેારમજજી શેઠે કીધેા હુકમ—
ત્યાં શું હેાય હવે ભાઇ વીલંબ*
જેઈ કાહાડયું ઍક મુકામ નાદર—
રંગીન બારી, ને રેાણકદાર દાદર*
તે સાથે જરૂરીઆત તમામ સામાન—
પકાવી ખવાડવા સારૂ ઍક ††બાહમન*
ઍ રવેસે કીધી બધી તરતીબ—
હવે આપણે ઍ ઍલમે તખીબ*
હમેશાં જેનું બેાલવું હતું રાસ્તી—
જેને કાંઇપણી ન હતી ધાસ્તી*
તેથી તે આખ્યા દાહાડાની ઘડી—
ઍલમ સાથે ગુંબેશ કરી*
તેમાં ને તેમાં કરતેા વધારેા—
ખાલી ન જાય દાહેાડેા ઍક સારેા*
ઍવેા ઍ નામદાર વખ્ત તપાસે—
કે ગફલત કીધાથી આળસુમાં ખપારેા*
વળી ઍ બ્રહ્મચારીને ન હતેા શેાક—
કે જેમ કરેછ બીજા દસ્તુરેા જેાક*
ખાયછે કવાબ ને પીયેછે તાડી—
અનરેાજને દાહેાડે જરૂર જાયછ વાડી*
તે વાતથી ઍ દસ્તુરાંન દસ્તુર—
ઍલાહેદેા અને તદન હતેા દૂર*
ઍલમજ હતેા ઍનું ખાવું ને પીવું—
ઍલમજ ઍનું હતું ખુશીનું જીવું*
પણ કદાચ અને કેાઈ વખ્ત—
નેકનામ અને બુલંદ બખ્ત*
હેારમજજી શેઠની મરજીને ખાતર—
વાડીઍ જવું પડતું તેને ખાતર*
તેાપણ ત્યાંથી ઍલમમાં ધ્યાન—
ક્યાંયેર લખ્યીયે તેનું બ્યાન*
હવે દાહેાડે દાહેાડે બનતેા ગયેા જેાગ—
શેઠ અને દસ્તુરનેા સંજેાગ*
મિત્રાઈનેા હક વધ્યેા અરસપરસ—
મેાહબત અને માયા થઈ સરસ*
ઍટલુંતેા વધ્યું તે શેઠનું હેત—
નિચેના દાખલાથી ગુણીજણ ચેત*
કે તે શેઠે પેાતીકા ખારા મેહલમાં—
બેહેસ્તના બાગ જેવી સેહલમાં*
આપી ઍલાહેદી તેને જગેા—
પવિત્ર તે પાક હતેા વગેા*
વળી તેની સેવામાં ઍદમતગાર—
હુશિયાર ને રાખ્યા માહિતગાર*
તે સાથે ઍક હલાઍદા ઘેાડેા ને ગાડી—
આપી દસ્તુરજીને કરવા સવારી*
ઍ રીતે આખ્યું માન ને અકામ—
હતેા જે આપણી દીનનેા ઇમામ*
સર્વે લેાકેા આ વાતથી છે માહેર—
ને તેમજ લખ્યી ગયા છે શાયર*
કે સર્વેને પેાતીકેા જન્મદેશ—
મા બાપ, દેાસ્ત આશનાવ, ને ઍશ*
ઍ સર્વે ઉપર વધુ હેાય છે હેત—

† દસ્તુરજીની.* †† બાહમનને આ જગેાઍ મુબેદ સમજવેા.*

દૂર હોઅેતો કરે છે મળવાની અેત*
તે પ્રમાણે આપણો સદા હેતુ—
જેને પોતીકા વતનથી પડયું તું છેટું*
તેણે થોડી મુદત ગુજર્યા બાદ—
કીધી પોતીકાં સ્વદેશની યાદ*
કીધું પોતીકું જીગર પસંદ—
કે જન્મભૂમિના કરે દર્શણ*
અેવા વિચારથી શેઠની પાસ—
સુરત જવાની બતાવી આશ*
પછી લઈ હોકમ ને પરવાનગી—
દસ્તુરે હંષથી લીધી રવાનગી*
મુંબઈથી પોતીકે સ્વદેશ ગયો—
મતલબ માફક થે કું અેક રહ્યો*
ત્યારબાદ પાછો મુંબઈ આવી—
ડાહાપણની રીતીઅો પાછી ચલાવી*

હવે અો અકલી ને દાનેશમંદ—
સાંભળો બાબત આ દિલપસંદ*
કે મુંબઈમાં જે કેહવાયછ ચરનીવાડી—
ધોબીતલાવ જ્યાં વસ્તી છે ભારી*
જ્યાં હવાનું સુખ ને પવનનું ચેન—
ખુશીથી જાયછ જ્યાં દાહોડા ને રેહન*
બદનમાં રેહેછે અછો કરાર—
પવનને લીધે ન ગર્મીનો વરાર*
જીવને હમેશાં લાગેછ ચમન—
માશુક થાયછે મન ને ગમન*
અેવી નાદર જગોપર અો ભાઈ—
જરથોસ્તીઅોની વસ્તી ઘણી થઈ*
સમજ કે સઘળી પાંતીનું સુખ—
જન્મનો બિમારી વિસરી જાય દુખ*
પણ અેક પાંતીની ત્યાં અડચણ હતી—
તે મટાવવાની ન હતી કોઈમાં ગતિ*
તે અડચણનું સાંભળો તમો વૃતાંત—
નથી કંઈ અેમાને કેહવાને ભ્રાંત*
કે સર્વે કોઈનો હોયછ ધર્મપર પ્યાર—
પછી શું હોય ભલા કે ભુડા યાર*
તેજપ્રમાણે આપણા જરથોસ્તી—
સુદરે સાથે જેઅો રાખેછે દોસ્તી*
જેઅો ઊપર છે જરથોસ્તનો સાહ્યો—
બંદગી કરવાનો લઇ બેઠાછ પાયો*
અેબાદતને વાસ્તે તેઅો જાય દૂર—
તેટલાં કારણસર તેઅોને જરૂર*
પેડારામાં જોઇતું તું આતરાઆદરાન—
ઓદાના ઘર જેવું જેને છે માન*
અેક તે અને બીજી અગત આઅે—
જે વિશે કોઇથી ના નહી કેહવાય*
કે જ્યાં ઘણાઅેક લોકો વસે—
સારૂં માઠું ત્યાં અલબત્તે થશે*
તે વખ્તે અેવાં મુકામ વગર—
થઈ જતાતા જેરોજબર*
તે વાતથી નેકનામ હોરમજદ—
નેધેબાંનીમાં જેની હતા યજદ*
તેને સુજ્યો અે નેક મારગ—
કે ઊપલી અડચણથી કંઈને કરે ફારગ*
આતરાઆદરાનનું બંધાવે તખ્ત—
ન જતો મુક્યો તેણે અે વખ્ત*
કરી તેઅોઅે દિલસાથે શારત—
મરજી દસ્તુરને બતાવી તરત*
કહ્યું કે પાછા જાવો સુરત—
અેરા કબીલાને લાવો હંષ તુરત*
હંષજ કરો તમો વારો ને ઠામ—
સબબ તમારા જોગ પડયું છે કામ*
તે અેકે બાંધવુંચ અેક આતરાઆદરાંન-
તેનાં તમો પોતે થવો પાસબાન*
તે સાંભળીને આપણા દસ્તુર સાહેબ—
હતા જે દીનના પેરાવા ને નાયબ*
તેઅોઅે ખુશી અને ખુરમી સાથ—
કબૂલ કરી ઊંચા કીધા બે હાથ*
કે 'અો જમીન જમાનાના માલેક—
દીન અને દુનિયામાંતો તુ છે ખાલેક*
તુંને હંમેશાં પસંદ છે રાસ્ત—
ગરીબોની કબૂલ તું કરેછ દરખાસ્ત*
નથી કાંઈ અેમોને સંદેહ ને વેહેમ—
કે મોટાના જીગરમાં ઊતારેછ રેહેમ*
અે છે તારી કુદરતનો નમુનો—
ગુજર્યો ભવ, પણ ન થયો જુનો*
નથી ચહડયો કાંઇ તે ઊપર કાટ—
દર દિવસ વધુ દેખાડે ચમકાટ'*
અે પ્રમાણે તેણે ગુજારી દુવા—
ચાહી શેઠની હૈયાતી ને ઊવા*
કે 'જીવજે તું સદા સરફરાજ—
કરજે હંમેશાં અદલનું રાજ'*
અેવી દુવાગીરી અને અરજ—
કીધી પોતીકી જાણીને ફરજ*
પછી તે શેઠ સાથે કરી મસલત—
મુંબઇથી સિધાર્યો તે નેક ખસલત*

શ્રી સુરત ખાતે તે પુગેા જાઈ—
મળ્યા એરા કુટુંબી ને ભાઈ*
દોસ્ત આરાનાવનેા કરી મેળાપ—
નવસારી ગયેા એ બુજર્ગીનેા બાપ*
ત્યાં તે જગેાના વડા દસ્તુર—
જે એાપર ઇજદી ચમકતું નૂર*
નસરવાનજી સેાહરાબજી કરી નામ—
જેનું વસવું હતું નવસારી ગામ*
તે સાથે દેરાઈ મીનેાચેહર ખેારશેદજી—
પુર ચલણ ને ભરપુર રેાજી*
નવસારી માહેલા એ મુખ્ય ધણી—
તેએાએ મર્યાદા રાખી ઘણી*
આપણા સાધુની લીધી ભેટ—
પ્રેમ સાથે દિલમાં રાખી હેત*
પછી તેએા બેસી એકાંતતા—
એકમેકને પુછવા લાગા સુખશાંતા*
કીધી વાત પછી આપણા નેકબખ્તે—
જોઈ શુકન ઘટીકા ને વખ્તે*
બીજી વાતેાની સાથે આ—
કહ્યું કે આદરાંન નવું એક થાય*
પેકાયલી ટાપુ મુંબઈની અંદર—
જે છે હાલમાં એક વખણાયલું બંદર*
હેારમજજી વાહડિયાની ફરમારાથી—
તે ગુણીજણની પૂર્ણ આશાથી*
અર્નીવાડીના લતાને લગત—
જ્યાં છે જરૂર બાંધવાની અગત*
ત્યાં શેવકના ઊપરીપણાં હેઠ—
તેથી થેાડી તમને સેાપુંછ વેઠ*
કે હું સુરત જઈને પાછેા આવું—
હંબથી મુંબઈજ પરભાડેા જાઉં*
તેની અંદર તમેા નેકનામ—
હેરાંનમંદીથી કરવું આટલું કામ*
મેાબેદોને નવું બરસનુમ આપી—
પુર અશેા જેવેા, ન હેાય પાપી*
તેએાને દરેમેહર ઇજવાને માટે—
આદરાનને તખ્તનશીન કરવા તેસાથે*
બા તરતીબથી રાખવા તૈયાર—
એ સાંભળી પેલા જીગરના હાર*
દેખાડવા લાગા દિલની ઊલટ—
કે એવેજ કામે લાગે સૌની દુલત*
જેથી થાય તેમને બમનેા ગુણ—
આ જેહાનમાં નેકી, તે જેહાનમાં પુન*

પછી દસ્તુરને કહ્યું એ દેારત—
હંમેશાં દિલમાં રાખજે તું જોરા*
નેકા પછવાડે કસેા રેહેજે કમર—
જેથી નામ તારૂં રહી જશે અમર*
એમ કહીને કહ્યું કે, સજ્જન તમારા—
કબૂલ મંજુર છે જીગર અમારા*
એમ કબૂલ કરાવીને તે પહરેજગાર—
નવસારી કસબાથી પાછેા પડયેા બાહર*
ત્યાંથી આવીને સુરત રહ્યેા—
પછી મુંબઈ ખાતે વિદાય થયેા*
ત્યારે ૧૧૭૫ નેા યજદેજરદી સન—
સંવત ૧૮૬૩ તે હિંદુના ગણુ*
તે સાલમાં એ દસ્તુરે આવી—
અશેા મેાબેદોને સંગાથે લાવી*
હેારમજજી શેઠના આદરાનનું કામ—
નાખ્યેા તેનેા પાયેા ને ઠામ*
દસ્તુરે પેાતીકી હકુમત તલે—
ફતેહમંદ દાહેડે અને નેક પળે*
પછી શુભ ઘટીકા ને સારા વખ્તે—
આદરાન સાહેબને બેસાડ્યા તખ્તે*
જરથેાશ્તનાં ધર્મની શરત ને કલામ
(જે નેકબખ્તના રૂહપર હેાજો સલામ)*
તે માફક આદરાનને આપી જબનશીની-
તે વિશે કેટલી કરીયે નુકતેચીની*
કે શું હશે ત્યારનેા વખ્ત મુકૂળ—
શું હશે ત્યારની બખ્તાવર પળ*
શું હશે ત્યારની પનેાતી ઘરી—
કે તેજ મુકામપર સાંભળી વરી*
તેજ આદરાનના ગુંબજજની માહે—
આતશબેહેરામ તખ્તનશીન થાય*
વાહડિયાજી હેારમજજીની નજરબ્તે—
આદરાન બંધાયા બાદ કેટલું ને છેટે*
હવે એ જીગર એને મુકેા પછાત—
ને આદરાનની મતલબ કરી લેા હાથ*
આદરાનને તખ્તનશીન થાવાનેા દાહેડા-
તેની ઊપર તમેા ધ્યાન પેાંહચાડેા*
રેાજ વીસમેા ને માહ બીજો—
સાંભળેા અકલી ને અજીજો*
૧૧૭૫ નેા યજદેજરદી સાલ—
તે દિવસ સાંભળેા બેાદાના લાલ*
શેઠે કીધું આદરાનનું જશન—
સર્વેને મનભાવતું પસંદ*

થાને આદરાનને કીધા તખ્તનશીન—
સાંભળો તમો અમારા સર નથીન*
કે તે જરાનથી ફારેગ થયાબાદ—
સર્વેએ આણી ખેદા પાસે દાદ*
કે કાયમ રાખજો એવા દયાળુ—
જગરના સાહે ને સદા માયાળુ*
હવે ક્રિયા થયા પછી શેઠે પોતે—
ખારા ખુશી અને હરખથી મોટે*
કરી પોતીકા દિલ અંદર ખ્યાલ—
આપણા દસ્તુરને હોરાડી ચ્યાલ*
ને સોંપી આદરાન સાહેબની દસ્તુરી—
ફરજ અદા કીધી એ રીતે પુરી*
ત્યારબાદ તેવણનું નેક ખાનદાન—
જેએાને હતું અફાબરી માન*
†તેઓએ દસ્તુરને બુજર્ગી આપવા—
મોટે દરજજે તેને સ્થાપવા*
આપ્યા દસ્તુરને શ્યાલના જોટા—
બુજર્ગી આપીને ઠેરવ્યા મોટા*
જાણવું જોઇયેછ હવે એ બાપુ—
કે આ રચનાભરી મુંબઈ ટાપુ*
સર્વે ઠેકાણે આશકારાં થયલી—
વેપાર વણજમાં અતિશે વખણાયલી*
તે મધે એ દસ્તુરને પેહલવેહલું આએ—
શ્યાલ દોશાલાનું માન મળેલું કેહવાય*
હવે એ આતરા આદરાનનો વાલી—
દસ્તુર હતો ખરો ભાગ્યશાળી*
તેને હોરમજજી શેઠ બખ્તવર—
ખરા અશો, જેવા હતા દાવર*
તેઓએ એવીતો જોઈનેક ફાલ—
હોરાડીતી આપણા જોગીને શ્યાલ*
કે ત્યારપછી ઘણેએક ઠેકાણે—
શુભ વખતે, અને સારે ટાણે*
એ દસ્તુરને "તે" થાઈ ફળવંત—
શેવટે જેનો સારો આવ્યો અંત*
એટલે જે આએા જરથોશ્તી ટોળો—
નહીં ટુંક, પણ અતિશે મોહોળો*
તેઓપર વડા દસ્તુરનો એતાબ —
મળ્યો એ જોગીએ શેતાબ*
અને તે માન સાથે રાખનારો જેખમ—
બજાવ્યો હોધો જ્યાંતક હતો દમ*

એ રીતે એ શ્યાલ સુફળ થાઈ—
ગોયા બજદાંથી થાઈ આગાહી*

હવે એ જગરે આશાનાવ—
આદરાન વિશેનો જાણવો બનાવ*
કે શી રીતે એ આદરાનનું તખ્ત—
દાહોડા, માસ, વર્ષ ને વખ્ત*
કયું ચોઘડિયું અને ઘરી—
કયે સમે એ ક્રિયા કરી*
તેથીતો તમો થાયા જાણીતા—
હવે સાંભળો અમારા માનીતા*
કે બજદેજર્દી સને ૧૧૮૨—
ઇસવી અઢારસે બાવીસનું ટાંણું*
અઢારશો ઇઠોતેર હિંદુનો સંવત—
તે સાલમાં આપણો એ સંત*
હોરમજજી શેઠની એક્તેમાસ માટે—
ગયો એ સાધુ શ્રી સુરત ખાતે*
શેઠ દાદાભાઇ નસરવાનજી મોદી—
જેઓની નામવરી નથી કંઈ થોડી*
તારીફ કીચીછ જેની સુરતની રૈયતે—
તે અશો જીવતયુજીનની નઈયતે*
માજદીયશની દીનના કાનુંન પ્રમાણ—
જેમ છે હજરત જરથોશ્તનું ફરમાન*
તે ફરમાન મુજબ એક આતરા બેહરામ—
દીન દુન્યા ને જીવતનું ઠામ*
તે બાંધીને તેને તખ્તનશીન કરવા—
જરથોશ્તી કોમના લોકોને પહરવા*
એ કારણુસર તે નામદાર—
જાણીતો ને અછો કામદાર*
શ્રી સુરત ખાતે લગભગ તેર માસ—
નાધેબાનીને માટે રહ્યો પાસ*
ધર્મનાં કારણુસર એંચી રંજ—
ઉભો કીધો એ એજમતી ગંજ*
લીધી પોતીકાં તન ઉપર જેહમત—
જેથી એને મળીછે રેહેમત*
શેહનશાહી પારસીઓના કેબલાનું કામ—
એ માતબરે કીધું સરંજામ*
પછી તેની ક્રિયાનો અધિકાર—
પાંચે પંથકની અંદરથી યાર*
સુરતના પંથકને કીધો હવાલ—

†શેઠ જમશેદજી વાહડિયાં તથા રતનજી બમનજી અને નશરવાનજી માણેકજી એ સાહેબો તે વખ્તમાં અછો મોભો અને ભારે માન ધરાવતા હતા.

કે નહી થઈ શકે કોઇથીએ સવાલ*
એ રીતે તેઓએ કીધું મુકરર—
તેજ રીતનો હાલ ચલેછે કર*
હવે આપણા દસ્તુર સાથે રામેલ—
એનો ખીરાદર એલમે કામેલ*
હતો જે એનો ભાઇ પિત્રાઇ—
કાંમમાં રહ્યો તો સાથે પિત્રાઇ*
તે તેહમુલજી નવરોજજી લકએ દસ્તુર-
મદદગાર ને શામેલ, ન હતા દૂર*
એ જણાવવાની જાણી અગત—
સબબ કીધી દસ્તુરને મદદ*
હવે શ્રી સુરતના આતરાએહરામ—
જે ને કહીયેછે ઈશ્વરી મુકામ*
તેને તખ્તનશીન કરવા થકી—
આગમચથા કરી રાખીતી વકી*
તે વકી પ્રમાણે રોજ ૧૭ મો સરોશ—
જે રોજને "હમકારો" કહીયેછે દોસ*
માહ બીજે જાણો અરદીબેહસ્ત—
બીજા ૪ રેસ્તાઓમાં જે છે શ્રેષ્ઠ*
૧૧૯૩ યજદેજર્દી શેહેનશાહી—
હિંદુઓનો સંવત ૧૮૮૦ મો ભાઇ*
કારતક વદ એકમ ને વાર બુધ—
ખરી તારીખો લખીયેછે શુધ્ધ*
તારીખ ૧૯ મી નવેમ્બર જાણ—
૧૮૨૩ ઇસવી સને પિછાણ*
દિવસના કલાક નવનો શુમાર—
અંજુમન એકથી થાઈ બેશુમાર*
જરથોસ્તી મહજબના લોકો તમામ—
જેનીમાહે કંઈ ખાસ અને આમ*
મોબેદો, દસ્તુરો અને દાવર—
બરશનુમ લઈ, થઈ ચુકેલા નાવર*
કંઇક પહરેજગાર મર્દ અને અશો—
પાક થાઈ, કાહાડીને નરો*
જરાનની મિજલસમાં શામેલ થયા—
સવાબનો હમબેરો લેવાને આવ્યા*
તે સર્વે અનજુમનની અંદર—
આપણા માહતાબ અને ચંદર*
ગુરૂ એ કીધા સવાર તખ્તપર—
ઊપર કહેલે શુભાખ્તિ વખ્તપર*
પછી તેને પ્રથમ આપવા બોય—
આપણો પ્રવિણ વિચારીને જોય*
જોઇને પછી તેને અશારત—
કીધી દસ્તુર કેબોશરોને બશારત*
તેથી તેણે પ્રથમ બોય દીધી—
પછી જરાનની તૈયારી કીધી*
તે નામી અને મિજલસ પાક—
ત્યાં આપણી ખુજર્ગીની શાખ*
જે હતી સર્વેમાં એક રોશન ચેરાગ—
સંસારી, પણ લીધેલો બોદાઇ વેરાગ*
તે એવીતો રોશની હતી આપતી—
કે અંધારીને તદન હતી કાપતી*
એવોતો માર્યોતો તેણે ઝીનસ—
તે સાથે સુગંધી અતરની વાસ*
જેથી થાઇ મિજલસ તદન ગમધોર—
ચુપકીદી બેઠીતી, ન કરે શોહર*
સર્વેનો ખુશ થાયલો દેમાગ—
જરાનની ક્રિયાનો ખીલેલો બાગ*
સુખડની ખુશબોથી મજબો ભરેલાં—
સર્વેએ બોહડાં હસ્તાં કરેલાં*
મેજ માડવાનો થાયલો હીગામ—
તેનીજ અગતસારૂ બોટી સૌ ગામ*
તેવું જોઇ આપણો ન્યાગાન—
જેનું છે આપણપર આળા હેશાન*
તેણે એ કામની આપીતી સતા—
કે જેથી નહી થાય કશી ખતા*
તેણેજ કેબોશરોને હોકમ ફરમાવી—
તેવણનેજ હાથે મેજ મંડાવી*
એરીતે સધળું થયું સમાધાન—
પછી ગતિ મુજબ થવા લાગું દાન*
પરમેશ્વરે જેમને આપ્યુંતું ધન—
બક્ષવા લાગ્યા તેઓ કરી મોટું મન*
શક્તિ પ્રમાણે ગરીબ બેહદીન—
બેહતર માજદીયસ્ની ધરાવનારા દીન*
એબાદતમાં તેઓ થયા રજુ—
બંદગી કરવા લાગા કરી વજુ*
પછી ધર્મ કીધો મકદુર પ્રમાણે—
આવી નેકબખ્તી ભરેલે બાહાને*
હવે એ વાંચનારા દાનેશમંદ—
એને લગતી બાબત આએ દિલપસંદ*
સાંભળો તમો ને થાવો ખુશ—
કે જરાનનું કાંમ થયું દરશ*
ઘણી વાખવાખી ભરેલી રીતિ—
દસ્તુર, મોબેદોએ, લગાડી ચીતિ*
ત્યારબાદ તે મિજલસ દબદબાભરી—
ઇંદરની સભા ગોવા હતી વરી*
જ્યાં હતા બધા ૩ડી બસલ્લતના—

કરનારા મસલત નેક વિચારના*
ત્યાં હોરમજજી જમનજીની તરફથી—
તે નેક નામના મોકલેલા હરફથી*
શ્રી સુરતની અનજુમનના અકાબર—
દીનશાહજી એદલજી આવ્યા આગર*
આપણા સદાના બ્રહ્મચારી પાસ—
શ્યાલનો જોટો લઇને એક ખાસ*
તે શ્યાલનો જોટો તેમને હોરાડી—
બે હજાર રૂપીયાની ડેલી એક કાહડી*
આશીર્વાદ તરફિ કીધી તે હસ્તક—
પછી તેજ કરી પોતાકું મસ્તક*
આપણા દસ્તુરનો થાયલો આભાર—
સારા શબ્દોમાં તેનો ઉતારી સાર*
માનભરેલા બોલોથી વાળ્યો કહી—
કે કીર્તિ તમારી અમોપર રહી*
સઘળી શ્રી સુરતની અનજુમન—
તમોથી થાયલો ન વિસરશે ગુણ*
તમારૂં કરજ નહી થારો અદા—
હેશાંન જરી ને રેહશે સદા*
એ અને એથી કંઇ ઊમદા બોલ—
તેઓએ કહી સંભળાવ્યા અમોલ*
ત્યારપછી કે બોસરો દાદાભાઇને—
શ્યાળ જોટો હોરાડ્યો ખુશી થઇને*
શ્રી સુરતના આતરાબેહેરામની—
ખુશીથી સર્વે ખાસ વ આમની*
શેહેનશાહી પંથકના દસ્તુર વરા—
ખાસખુશીથી તેઓને નેમણુક કરા*
ત્યારપછી સર્વે પંથકોવાળા—
બિરાજ્યાતા જે ઓ એકમેકથી આળા*
તેઓને તેઓની લાયકી જેવી—
દક્ષણા દાખલ રકમ આપી તેવી*
એ રીતિ એ ક્રિયા સંપૂર્ણ થાઇ—
વળી આ બાબત છે નવી નવાઇ*
સર્વે બુઢાઓને હશે ખબર—
પણ જુવાનો અણજાણ હશે મગર*
કે સુરતમાં ન હતી આવી રસમ—
નિબાહ કરો ને બોહચોડો અરામ*
નિરંગદીનના કામમાં હતી એક એબ—
તેને મળી આપણા જોગીથી જેબ*
વરસીયાઓ ત્યાં નહી મરાતેબ થાતા—
ને મરાતેબ કરવાને દાનાવો ચાહતા*
તે દિકટ કામ લઇ એ જોગીએ માથે—
શ્રી સુરતના મોબેદોનેજ હાથે*
ભારી હુસિયારી ને નિબાહ રાખી—
દીનનું કામ એ બજાવ્યું પાકી*
ત્યારથી નિરંગદીન ને વરસ લેવું—
સુરતમાં તેનું થયું છે રેહવું*
તે છે આપણા કોમની યાદગારી—
બીજી કીર્તિઓમાં એની એક ભારી*
કે નહિ થયલાનો કીધો પ્રવેશ—
ને શોભાવ્યું પોતીકું ખાશ સ્વદેશ*
એજ રવેશે સર્વે કરી સમાધાન—
ત્યારપછે એ બુજર્ગીનું બાન*
તેણે પોતીકું પનોતું કદમ—
કીધું આપણી ટાપુની ગમ*
માન અકરામથી ત્યાંથી થાઇ વિદા—
હંઇ આવી ઘંડા આપણા કીધા દીદા*
એ પછી યજદેજર્દી અખ્યારનો ઘંચાણું-
તે સમે આ કારણે ને મળ્યું બાહનું*
શ્રી સુરતના આતરાબેહેરામનું તખ્ત—
બદલાવાનું કારણ પડ્યું તે વખ્ત*
તે તખ્ત † કરવા બદલ—
એ ઘુંચી આપણો દસ્તુર અદલ*
ક્રિયા કરવા સારૂં ગયો તો સુરત—
છેલ્લી તે જોઇ જન્મભૂમિની મુરત*
ત્યારબાદ એ દીનના સરદારે —
ન જોઇ જન્મભૂમિ કે ઘરદારે*
મુંબઇમાંજ કીધો સેવટનો વાસો—
જ્યાં બોલ્યો પ્રાણુ ને સાસો*

એ પછી દસ્તુરજી મુંબઇ આવ્યા બાદ-
એક બીના બની તે આવીછે યાદ*
દોહોડ (બા ૨) વર્ષ પછી જે બની—
જે જણાવવાની અગત છે ઘણી*
૧૧૯૭ યજદેજર્દી સાલ—
ઇસવી હતો કહ્યો તે યાદ નથી હાલ*
જરથોસ્તી ટોળામાં જે પડ્યું છે તલું—
બોરાક જેથી કંઇ ન થાયું ભલું*
તે ઉપલે સમે પેલી કબીશાની છોકર—
જે બારીક બાબત લખતાં લાગેછે ફિકર*
તે છોકર ઊઠી ગેબી થાઇતી એ સમે—
જેનું બ્યાન નિચે વાંચો તમે*

† તખ્ત એટલેજ બાદશાહીયાંની નિચેનો પથ્થરનો બાજત.

ખુશામદનો અમો કરી તિરસ્કાર—
આપ્યો અત્યાર બજાવીયેછ અધિકાર*
જાડું લખવાની અમોને નથી મરજ—
પણ સચાઈથી અદા કરીયેછ ફરજ*
આ બે દિવસની છુટ્ટગાંની સાઈ—
શું કરવા અમો લખીયે આઈ ?*
એક ખરા લખનારનો અધિકાર છે એવો—
કે લખે બનાવ બન્યો હોય જેવો*
એ સઘળી ફરજે ઉપર નિર્વાહ કરી—
બાબત જણાવેછ જે જે ખરી*
હવે સાંભળો અમારા જરથોસ્તી ભાઈ—
જે સમે કખીસાની તકરાર ઉભી થાઈ*
ત્યારે રોહેનશાહી ટોળાની તરફથી—
હુશયારી ચાલાકી અને ઝડપથી*
આપણા દસ્તુરે આપ્યું ધ્યાન—
તકરારમાં એ થયો તો આગેવાન*
તેની સાબેતીમાં કેટલીએક ભાષા—
પુર છે જેની સચાઇ વિશે આશા*
જેવીકે જંદ, અને બીજી જબાન—
પેહેલવી, ફારસી, ન કરતા લંબાણ*
અરબી ને સંસ્કૃત ન મેલી પડતી—
ખરૂં કેહેવાને કલમ નથી ડરતી*
એ સઘળી કેતાબોનો લઈ સાર—
ધારેલી મુરાદ માં પડયો પાર*
રોહેનશાહી અનજુમનના ખરચથી—
ને તેઓના અકાબરોની અરજથી*
એ બાબતમાં એક બનાવી કેતાબ—
જેનો આ પ્રમાણે હતો એતાબ*
'ઓરહે વહીજક' એવી અકલહોરાની—
યાને "કખીસાનુ નૂર અને રોશની" *
એક ગુજરાતી પુસ્તક એવે નામનું—
ખરી બિના ને અતિશે કામનું*
ઈસવી ૧૮૨૮ માં પ્રગટ કીધું છાપી—
બાહેર પાડી જેની ઘણીએક કાપી*
એ પુસ્તક પ્રસિદ્ધ થયાથી ભાઈ—
રોહેનશાહી ટોળામાં બહુ ખુશાલી થાઈ*
તેઓને એથી એવોતો ઉપજ્યો ગર્વ—
કે જાણે તેઓને મળ્યો હોય દર્વ*
વળી કેટલાએક કદમીઓએ સમજી કુર્કે-
પોતાકિ રોજ માહ કીધોતો તર્ક*
નોહોન નાહીને વળી તોબા કરી—
ખરા માર્ગની રાહ અખ્તાર કરી*
તેથી તેઓને ખચીત ઘટેછે માન—
કે રાસ્તી ઉપર આપ્યું ધ્યાન*
હવે એ કેતાબ સંબંધી સાંભળો વાત—
જેથી ખરેખર ઉપજશે ઉકળાટ*
સને ૧૨૭૦ યજદેજર્દી સાલ—
ઈસવી સને ૧૮૩૦ યાદ છે હાલ*
યાને ૨) વર્ષમાં મુદત હતી જુજ—
ત્યારે ૨૬ જવાબ આપવાને પડયું સુજ*
વડા દ. "પ્રીરોજી" નું લઈ નામ—
હસદથી અદેખાઈનું શરૂ કીધું કામ*
ગુજરાતી જુબાનમાં એક કાહાડીતી બુક-
કે જેની તકરારને લગાર મારી હોય ટુક*
તો અકલના આસરાથી જાય પોડે દૂર—
એવી છે કંઈએકની ખાતરીપૂર*
પણ તેનું નામ નહી રાખ્યુંતું હીન—
બલકે શોભતું, "અવીજે દીન" *
જેનો ધણીએક ભાગ એવો હતો—
કે આપણા દસ્તુરને લગોડે બટો*
જુઠી નિંદા અને દૂર્ધન સખુન—
જેથી લખનારને લાગે જખુન*
એવી રીતનો રાણુગાર આપી તમામ—
પોતાના ટોળા માં કીધો દમામ*
વળી તે નજીવાં પુસ્તકની માહે—
(શું લખીયે અમારી કલમ શરમાય)*
દીનના પુસ્તકો ઉપર બોટો—
શક મેળ્યોતો અતિશે મોટો*
હવે અમોને એ વિશે નથી દરકાર—
પણ જ્યાં આવી પડી તકરાર*
કખીસાની વિરૂધ જે કીધીછ વાદવિવાદ-
તેમાં જરાએ નથી સલુકનો સ્વાદ*
મન ભાવે એમ બોલ્યા જાણે નવાબ—
ને જણાવ્યું કે છે એ "૨૬ જવાબ"*
એવાં બોલવાને ન આપીએ વજન—
તોપણ સાંભળો અમારા પ્યારા સજન*
સારી સત્તાથી અમો જાણીયેછે એવું—
લખી જણાવીયેછ ખબર છે તેવું*
કે અવીજે દીનના ૨૬ જવાબ થકી—
દસ્તુર એદલે ધ્યાન આપ્યુંતું નકી*
અને તેનો અર્ધો અર્ધ વાર—
૨૬ જવાબ રહોતો તૈયાર*
પણ અમોને ખબર મળીછ એમ—
જેની સત્તા વિશે નથી કંઈ વેહેમ*
કે જેઓ ધર્મ ઉપર હતા ચુસ્ત—
ને કેહેવાતા દસ્તુરના દોસ્ત*

તેઓએ દસ્તુરને આપીતી સહલા—
કે નાહેકની તમોને ન જોઇયે ખળા*
કે જેમાં કાંઇ નહી પણ નિંદા ફકત—
તેના રદ જવાબ માટે ન ખોહવો વખ્ત*
તેમાં ક્યાં છે તેવી મોતેબર દલીલો—
બદ સલુકાઇથી જેમાં કીધોછે ગીલ્લો*
એ સહલાનો દસ્તુરે ફાયદા લીધો—
જવાબ આપવાનો વિચાર છોડી દીધો*
એકદમ તેથી ઊઠાવ્યા હાથ—
એવી ચોકસ અમોને મળીછે વાત*
હવે અમારા વાંચનારાઓ જાતભાઇ—
આ લખ્યાથી અમોને દિલગીરી થાઇ*
કે ઊપલી "આવીજે દીન" કેતાબ વરી—
મુલ્લાંફીરોજને નામે છપાઇ ખરી*
પણ સત્તાથી કહી શકીયેછ સારી—
કે એ વાત છે બીલકુલ ખોટી ને આરી*
એ મરહુમ મુલ્લાંથી તે લખાઇ નથી—
પણ તે પેકાયલાં નામના આધાર થકી*
તેની હૈયાતી પછી તેનું લઇ ‡નામ—
એવી બનાવટ ભરેલું થયુંછે કામ*
એ બનાવટમાં પ્રીતને અંગેજે હતા—
તેઓને એ દસ્તુર દર દિવસે ફાએક થતા*
તેની મોટાઇ જોઇ બળી મરતા—
હરેક તરેહની બનાવટ કરતા*
તેઓએ એ ફિતુર કરયુંછે એવું—
મોટા ઠપકા લાયક ને ધિક્કાર જેવું*
એ કામ તેઓએ કીધું હિચકારૂં—
બહુ જબુન ને અતિશે નકારૂં*
તે જણાવવાનો હમણાં નથી વખ્ત—
સબબ એતો ચુનોચ્યારા છે સખ્ત*
એ ફિતુરભરેલી જે થઇછ બનાવટ—
પ્રીરોજને નામે જે કીધી તલાવટ*
તે ચોરી પકડવાનું કારણ છે મોટું—
કે આ મતમાં તે ન થાઇ શકે ખોટું*
મુલ્લાં એવું ન લખે કબુ થાઇ—
તેવિશેની અમો આપીયેછ ગુવાહી*
જેમકે એક ઠેકાણે અમોએ લખ્યુંછે એમ—
અને ફરજ જાણી કહ્યુંછે તેમ*
કે એ બંને દસ્તુરો જે કે હતા દૂર—
તોપણ તેઓમાં દોસ્તી હતી પૂર*
તેઓ એકમેકની લાયકી જાણતા હતા—
મિત્રાઇનો હક પિછાણતા હતા*
હવે ભાઇ આવી દોસ્તી સમેત—
જે દોસ્તી વિરો ન થાઇ શકતાં કવેત*
તે પ્રીરોજ પોતાના દોસ્ત સાઇ—
કબુ પોતાની કલમે ન લખે આઇ*
જે મિત્રો હોયછે એલમવાળા—
ને પ્રિત પણ રાખતા હોયછે આળા*
તેઓ કબુ ન એવું હિચકાઇ કામ—
કરીને દોસ્તને કરે બદનામ*
સરિયામ જુઠાં તોહમતો ન ઊઠાવે—
એક ખરા દોસ્તની આબરૂ ન લુટાવે*
માટે એ "આવીજે દીન" મુલ્લાં એ હાથે—
પોતાની કલમે ને પોતાની જાતે*
લખીને એવું ન કહ્યું હોય દુષ્ટ—
એ મરહુમ ન હોય જુઠાંપર રુષ્ટ*
કે એક ખરા દોસ્તને બોલે બદ—
બીલકુલ ખોટી ને એ વાત છે રદ*
વળી અમોને કેટલાએક આબરૂદાર—
તે સાથે એ બાબત વિશે માહિતગાર*
એવા લોકોએ ભરોસાથી અમોને—
જે ખબર આપીછ તે જણવીયેછ તમોને*
તેઓ એવું કહેછ રાખી ઇમાન—
કે એ બંને આલેમોની દોસ્તી દરમ્યાન*
કદી એવો નથી થયો બિગાર—
જેથી એકબીજાનો કરે ધિક્કાર*
હવે આ લખવાના ટેકા માહે—
જો કોઇની સાહેબનું દિલ ચાહે*
તો કીમતી દસ્તાવેજો કંઇ નથી દૂર—
સચાઇનો અમોને ટેકો છે પૂર*
તેથી અમો સાબિત કરી શકાયે—
વાંચનારાઓ પતીજે એમ લખીયે*
પણ તેમ કરતાં આ ભાગની થાર—
અસલ મતલબ થાયછે ખુહાર*
તેથી અમારી કલમ કરેછે મના—
કે ખતમ કરો, જો હોય ગુણીજનાં*
ને બીજી બાબતપર આપીયેછ ધ્યાન—
વાસ્તે ટુંકુ કરીછે આપે બયાન*
સાંભળો દાવરો ને અમારા ભગત—
આ બાબત કબીસાની તકરારને લગત*

‡ મરહુમ મુલ્લાં ફીરોજનું.

એટલેજે યજદેજર્દી ૧૧૯૯ ના સાલ માં-
જે ને થયાંછે ૨૫ વર્ષ હાલ માં*
ત્યારે આપણા ટોળાની તરફથી—
ને શેઠેનશાહી પારસીઓના ખર્ચથી*
સ્થાપવા એક આતરાબેહરામ ભાઈ--
મરજી તેમના શેઠીયાઓની થાઇ*
તેથી એ કામના ખર્ચ માટે નકી—
નાણાની રકમ ને મકાન થકી*
એટલેજે નાણું કેટલું ભરવું—
ને આતરાનું મકાન કયાં કરવું?
તે વિશેની ગોઠવણ કરવા સાઈ ખાસ—
દોલતમંદ શેઠીયા મળી પાંચ પચાસ*
સભા એક ભરી એલાહીબાગમાં—
કેજે હતો બહમનજી વાહાડિયાનાં લાગમાં*
યાને હતી બહમનજી શેઠની વારી—
માનવંત સભા ત્યાં ભેગી થાઈ સારી*
ત્યારે તે સભામાં તે વખત—
એક શેઠીયો કે જે છે નેકબખ્ત*
તેનું નામ એટલુંતો છે રૂપલાયલું—
દરેક સારાં કામમાં ભેળાયલું*
તે યાને જે પાંખાંછે બેહેશ્ત--
આ ફાની દુનિયાની છોડીછે દેહેશ્ત*
તે હોરમજજી વાહડિયાનો છોકરો વડો-
ધર્મનાં કામમાં જે રેહેછે ખરો*
જેનું છે બમનજી પનોતું નામ—
વળી છે જેનું "કુરલું" કરી ગામ*
પંચાતના અકાબરોને તે શેઠે—
જે દરખાસ્ત કીધી તે લખીયેછ હેઠે*
કે "અમારા મુરબ્બીએ વિચારી દિલમાં-
અમોને ફરમાવ્યુંછે પોતાનાં વિલમાં*
તેઓએ અમને કીધીછ વસિયત—
તેમાં એવી કીધીછે નસિહત*
તેઓએ તેમાં ફરમાવ્યુંછે આમ—
કે મારી નૈયતે કરવું એ કામ*
એટલે લખ્યુંછે એ રીતે વગર સંદેહ—
કે મુંબઈમાં બંધાવે આતશ કદેહ*
તેથી જો અનજુમનનાં અકાબરો સર્વે—
રજા આપે વગર હરકત કરવે*
તો અમો મોટી ખુશી સાથે—
એ નેક કામ લઇજીયે અમારે માથે"*
એ દરખાસ્તને સર્વે સભાસદો—
જાણે પાંખ્યા હોય કાંઈ હદીઓ*
તેમ મોટી ખુશી સાથે તે ટોળાના લાલ—
એ દરખાસ્તને રાખી બેઠા બાહાલ*
તે ઉપરથી યાર તેજ વેળા—
જે કામ માટે થાયાતા ભેળા*
તેજ સભામાં ખુશીથી ઘણી—
કાયદા પ્રમાણે તનદોરસ્તી ભણી*
ને આતરાબેહેરામની ક્રિયા અજબ—
દીને બેહે માજદયસ્નીના હોકમ મુજબ*
કરવા સારૂ સઘળા અકાબરો મળી—
તે કામ વાસ્તે ગોઠવણ એક કરી ભલી*
તેઓએ એક વિચારથી ઠેરવ્યું આમ-
દ. "એદલને" સોંપવું એ જોખમનું કામ
સર્વે સાહેબો દસ્તુર પર થાઈ ફિદા—
એ કામ માટે તે સાહેબને પસંદ કીધા*
એ સઘળી થઈ રહ્યા પછી દરખાસ્ત—
તે સભા ત્યાંથી થાઇ બરખાસ્ત*
હવે અમોનેખી ખુશી થાવાનોછે વખ્ત-
કે શેહેનશાહીઓના હવે ફર્યા બખ્ત*
તેઓને વાસ્તે એક એબાદતખાનું—
સેતાયરા કરવા, ઊભું રહી છાનું*
તેવું પાકીજે નેક મકાન યાર—
તેઓને વાસ્તે હીંયાં થાયછે તૈયાર*
સાંભળો ભાઈ હવે રાખીને કાન—
પ્રથમથીજ અમો કરીયેછ જાણ*
કે એ મુબારેક ક્રિયાનું કામ—
શરૂ થાયું ને ખરચાયછે દામ*
અને તે કામની ક્રિયા સખ્ત—
સઘળી કીસમનાં આતશો લેવાતી વખ્ત*
દીનનાં કાયદા મુજબ દસ્તુરી પહરવામાં-
ને બીજી સઘળી ક્રિયાઓ કરવામાં*
શેહેનશાહી અનજુમનનાં આબરૂવાળા-
અકાબરો પંચાતનાં ઓધાવાળા*
એ સાહેબોના એકસરખા વિચારથી—
સારી મોહબત અને ખરા પ્યારથી*
પ્રથમથી યાને રારૂઆતથી—
બરૂ કહીયેછ ન કેહેતાં મરૂવતથી*
એ મરહુમ દસ્તુરનું પનોતું નામ—
વાપરીને સઘળું ચલાવ્યુંતું કામ*
હવે તમો સાંભળો જરથોસ્તી જગ—
વર્ષ એક ગુજર્યું હરી લગભગ*
ત્યારે આતરાબેહેરામ સાહેબની યાર—
સઘળી ક્રિયાઓ થાઈ તૈયાર*
ત્યારે આપણા ભલા ભાગ્યશાળી—
જેની આબરૂ કેહે વાતી ભારી*

તે દસ્તુરે † શેઠની નૈયત માટે—
બરરાનુમ લીધું પોતીકી જાતે*
બરરાનુમની સઘળી ક્રિયા માર્ગ—
કરીને એ દસ્તુર થયો ફારેગ*
પછે એારવીસગાહમાં કરી શુકર*
આતરાએહેરામનાં પાયતખ્ત ઉપર*
શેહેનશાહી માહા બીજે ૧૭ મો રોજ—
યજદેજર્દી સને ૧૨૦૦, કરી લએાજ*
એ દિને સહવારના કલાક સાતે—
દસ્તુર સાહેબે પોતાની જાતે*
તે પાકીજે મકાનમાં ઈજરાને કીધી—
પોતાની ચાલાકીની શાખ દીધી*
એ ઈજરાનેનાં કામથી એમો ભાઈ—
અમો તમોને આપીયેછ વધાઈ*
એ આપણો દસ્તુર ડાહ્યો—
લા કલાકને અમલે ફારેગ થયો*
ત્યારે માજદીયસ્ની દીનના કુંલ—
ખરૂં કયેછ નથી કરતા ભૂલ*
શું બચ્ચાં, બુઢાં કે જવાન—
શું દોલતમંદ, ગરીબ, નાતવાન*
બા તરતીબથી અનજુમન સાથે—
પાદશાહને મોટી જાહોજલાલી સાથે*
મોટા માન સાથે તખ્તનશીન કીધા—
જેથી હજારો દેવદરૂજે બીધા*
એ જરથોસ્તી દીનની નહી સેહલી—
બુજર્ગ કેબલાની પેહલ વેહલી*
બોય દેવાની ક્રિયા કોણે કીધીછ—
તે વિશેની શાબાશી કોણે લીધીછ*
તે નામ છે નિચે, ના રેહેવો અણુજાણું-
"એદલજી દારાબજી સંજાણું"*
હવે એ ક્રિયાથી ફારેગ થયા બાદ—
સાંભળો સારો સ્વાદદાર સાહદ*
એવું આવ્યુંછે અમારા જાણવામાં—
કે દરબાહના મોટા દિવાનખાનામાં*
આપણા દસ્તુરે બીજું માન લીધું—
જશનની બી અજદનું કામ શરૂ કીધું*
એ જશનની ક્રિયાની વેળા—
માજદીયસ્નાન લોકો થાયાતા ભેળા*
જેની ગણુત્રી નહી આપી શકાય—
ખરૂં છે, તે આ કલમથી ન લખાય*
પણ એવી ઠઠ કોઇ બીજી વખ્ત—
મળી હોય ભારી મોતેબર સખ્ત*
એવું કોઈનો જોવામાં આવ્યું ન હોય—
જેને જોઇયે તે ખોજ કરી જોય*
એવી ભારે જાહોજલાલી ભરેલી—
સઘળા બુઢાએ વખાણ કરેલી*
મિજલરા હતી, કહીયેછ અમે—
તેવી ન મળીતી કોઇબી સમે*
હવે મીયજદના કામથી થાયા ફારેગ—
શરૂ થયો બીજી ક્રિયાનો માર્ગ*
શેહેનશાહી અનજુમનની તરફથી—
મોટી આબરૂ, ઈજત, ને ઝડપથી*
તે વખ્તના વડા અદાબર અરારાફ—
શેઠ ખરશેદજી માણેકજી શરાફ*
એ શેઠે મુંબઈનાં જરથોસ્તીઓને હીસે-
તેઓનાં વડા દસ્તુર મુકરર કરવા વિશે*
દસ્તુર એદલજી દારાબજીને યાર—
સ્યાલ જોટો હોરાડ્યો કરીને પ્યાર*
બીજી પેહરામણી ન મુકતા જતી—
મુંબઈની મોબેદી અનજુમનની વટી*
એક કીમતી જોટો હોરાડ્યોતો શાલ—
ત્રીજી પેહેરામણીનો કરો ખ્યાલ*
સર જમશેદજી જીજીભાઇ નાઇટ—
જે હવે કેહેવારો હાનરેબલ રાઇટ*
તે અને શેઠ ખાનદાનવાળા સાહેબો—
જે દીનના કેહેવાયછે ખરા નાયબો*
વળી શરાફ ખુરશેદ માણેક—
જેણે ટોળાને આપીછે ચાનક*
તે સાથે અનજુમન સુરત શેહેરની—
જન્મભૂમિ જે કેહેવાયછે એ મેહેરની†*
નોસારીનીબી અનજુમન વળી—
દીનદારી જેઓ ધરાવેછ ભલી*
તે સાથે સુરતનાં મોદીજી એક—
ને નોસારીના વડા દેરાઇજી નેક*
એએઓએ સ્યાલ જોટાઓ હોરાડી—
બતલાવી પોતાની દિલ કોશાદી*
શેઠ બમનજી હોરમજજી વળી—
જેઓની સુચના આવી હતી ભલી*
તેવો એબી એક હોરાડ્યો શાલ જોટો—
દસ્તુરજીનો ઊપકાર માન્યો મોટો*
અને એ વગેરે એ મુબારક ભારી—
દબદબાભરેલી સભા મળીતી સારી*
તેનાં હાજર થાયલા બાસ વ આંમ—
સદા જેબથી ધર્મનું કરતાતા કામ*

† શેઠ હોરમજજી વાહડિયાની નૈયતે કે જે સાહેબના પુન માટે એ ધરમનું કામ કર્યું હતું. †આપણાં દસ્તુરજી સાહેબની.

તેઓએ ઘણું એક પ્યાર અને હેતથી—
દસ્તુર ઉપરથી મોહબતના એતથી*
તેઓ છે હેતુ એ ભલા સબ્સના—
એવું સમજી તરેહવાર કરી દક્ષના*
તેમથે રૂપાં નાણાં ને કેઈ જોટા શાલ—
વળી શાબાશીથી દસ્તુર થયો નેહાલ*
ત્યાર પછી તે મિજલસમાં હાજર થયેલા—
શેહેરે શેહેરના, પણ જાત માહેલા*
દસ્તુર મોબેદોને દરજ્જા પ્રમાણ—
દબણાનું આપ્યું આદરમાન*
કોઈને શી આલ, કોઈને રૂપાં નાણું—
એજ પ્રમાણે કોઈને નથી છાંણું*
આતરાબેહેરામના પોતે મુતવલી—
સારી રાખનાર સોચના ભલી*
તેઓએ વેહેચ્યું જેમ દરસ્ત દીસ્યું—
પણ ના કોઈ નજરમાંથી ખીસ્યું*
સર્વેને તેઓએ આપી બક્ષેરા—
સઘળી પાંતીએ થાયા સકસેસ*
એ પછી ઊપલી વખાણ કરેલી—
રચના અને દબદબાભરેલી*
સબા મોટા હરખ સાથે ભાઈ—
ખુરા ખુરાલીથી બરખાસ્ત થાઈ*

સાંભળો ભાઈ અમો ન મારતા લાફ—
કે ખરશેદજી માણેકજી લકબે શરાફ*
આપણી પંચાતનો અકબર વડો—
જેને ગણીયેછે કુલનો દડો*
જે નામવર જ્યારે પામ્યો મરણ—
ગોથા થાયું તું જાણે સૂર્ય ગ્રહણ*
એવો તે અકબર સર્વને જણાયલો—
ખાસ એક ખરો અધિકારી ગણાયલો*
અકબર ખરો તે હતો સ્વતંત્ર—
ગરીબ ને માતબરમાં ન જાણતો અંતર*
ન જાણતો કાંઈ એ બંનેનો ફરક—
પણ નીબ્રા કરીને પોંહચાડનાર રક*
ખરા પહરેજગાર ને નર અશો—
મોજુદ છે જેના દાખલાઓ બશો*
પંચનાં કામમાં ઈનસાફ અદલ—
મરૂવત માટે ન કરવા બદલ*
એવા તે અધિકારીએ સાચાં મનથી—
તનદરોસ્તી એ થકી ભનાવી તે દિનથી*
... ...

ચાહવો વાંચનારા યજદાંથી દાદ—
કે એજ આતરાબેહરામ પરથાયા બાદ*
તેનીજ ખુશાલીમાં સાંભળો આ બાબદ—
જે લખવા માટે રોશાયેછ કાગળ*
ડાહપણનો દરિયાવ, સલુકાઈનો સમુદ્ર—
કીર્તીનો કોટ, જે છે મુંબઈની અંદર*
દોલતનું દરખ્ત ને બક્ષેશનો બાગ—
બુલંદીનો બોરજ જેમાં કીરણનો ભાગ*
પૈસાનીએ પેરાવા, પ્રખ્યાતે પાહાડ—
મોહિતગારીએ મોલવી ને જરનું છે ઝાડ*
બંગે બાહદુર કોમને કરીમાન—
તને તેહમતન, જેવો સામે નરીમાન*
સલુકાઇનો શાહ, મિજાજનો મજનું—
ખુબીમાં બોસરો માનવી શું ખજનું!
લાયકીએ લોહરાસ્પ, સુરતે સેકંદર—
જુબાને જલેજર, એલમે એકંદર*
સચાઈએ સ્વાવક્ષ કનાએતે કોબાદ—
પહરેજગારીએ પેશોતન નેમેહઆબાદ*
હિમતે હાતમ સખાવતે સાગર—
દાનાઈમાં દારાં, ને નમાનો નાગર*
જોરે જેહાંબક્ષ, બળત્વારીએ બરજો—
તુંદીએ તુસ, લાયકીનો લરજો*
જંગે જેહાંશોરા, ને કેરસાસ્પેશાંની—
ફતેહમંદી જેવી ફરાંમરજની નીશાંની*
જમાને જમશેદ, હિંદુસ્તાનનો હાતમ—
સેતારા ૪રેછ જેનાં મુજબ હુકમ*
ખાસ રાણી વિકટોરિયાનો મિત્ર—
ખરૂં જણાવીયેછ નથી થાતા ઈતર*
સર નાઈટનો ધરાવ્યો યારો બેતાબ—
તે જમશેદજી જીજીભાઈએ શેતાબ*
કુલ દેરાવર ને ખાતેનાં ગામ—
આ ટાપુ મધે માહલક્ષ્મી ડામ*
દસ્તુર ને મોબેદોને પોતાકી વારી—
જીયાફત એક આપી દક્ષણા દીધી સારી*
તે મધે આપણા જોગીને શ્યાળ જોટો—
ઊમરાવને હાથે શું સખાવતનો ટોટો?
બીજાઓનેબી તેમની લાયકીની રીત—
જોઈને ભેટ તરકિ આપ્યું વીત*

એ કેબલાને તખ્તનશીન કરવાની—
અને એ નેક કામ હાથ ધરવાની*
બાબતનો ટુક હેવાલ એક—
આ પણા ઊપલા દસ્તુરે નેક*
૪રસી બેતોમાં બનાવી યાર—

કીધેતો જે એણે તૈયાર*
તે કેતરાવી સંગેમરમરના પથરપર—
દરધાહમાં દરવાજાનાં સર ઉપર*
જરી ક્ષીધામાં જે છે આવ્યો—
તેનો તરજુમો જેટલો છે પાવ્યો*
તે અસલ ફારસી બેતો મુધા ધરીયેછ—
ને તેનો અર્થથી જાહેર કરીયેછ†*
કે જેથી અમારા વાંચનારાઓને—
એ બાબતમાં ઇલાકો રાખનારાઓને*
વધારેવાર શેકાવું ન પડે—
જ્યારે જોઇયે ત્યારે એમાંથી જડે*
તે વાંચવાથી જોવામાં આવશે એવું—
કે પાદશાહને તખ્તનશીન કરવા જેવું*
નેક અને બારીક ક્રિયાઓનું કામ—
દસ્તુરે પોંહચાડયુંછે સરંજામ*
મોટી બુજર્ગી તથા જાહોજલાલી સાથે—
નેક અકલે ને મુબારક હાથે*
સઘળી હુશ્યારી લગાડી કામમાં—
ફાયક નામ જેથી થયુંછે ગામમાં*
એકલું એજ નહી પણ બીજાથી બાર—
પોતાની સરદારી તળે પડયાંછે પાર*
જેની ટીપ વાંચ્યાથી ખરા દીનદાર—
બેહદીનો અને મુર્યદો એકીનદારે*
આફરીન કરયા વિના નહી રહે—
એ વિરોનો થોડોજ લાગેછે ભય*
એ ટીપથી તેઓ થશે મધન—
મટશે તેઓના સઘળા વિઘ્ન*
તે સાથે ખુશાલી થારો પેદા—
વાંચે કોઇ ગામ મધે યા ખેડા*
એક વાંચનાર, તું હેડલી સત્રો ચીપ—
અમો લખીયેછ જે નામોની ટીપ*
તે તપાસ અને કરી લે પતીજ—
ખરૂં કરીયેછ ઓ અમારા અજીજ*
નથી કાંઇ એમાં અમોએ વધારેલું—
નથી અણઘટતું કાંઇ સુધારેલું*
પણ ખરે ખરો છે એક ચિતાર—
વગર વધારેલો છે એ વિસ્તાર*
તે ઉપર તું આપ તારૂં ધ્યાન—
કે ખરૂં છે કે ખોટું નિચેનું બ્યાન*
એવાં કામો નથી કરતા સર્વે કોઇ—
છે આજેખી જીંદગાની બોઇ*
પોલા ખુણે ખોટોલે દોસ્ત—
તેનેખી તપાસ, ના રેહે શોરત*
કે થાયછે તૈયાર જ્યાં હોયછે કવાબ—
મથન હોયછે જ્યાં મળેછે રારાબ*
પણ ભાઇ તેઓ સાથે નથી કામ—
કોઇ કેહેરો કોઇને કરેછે બદલામ*
પણ અમોને પુરો કરવોછે ઉપલો બાબ—
તે કરીયેછ નલેતાં શુખનો ખુઆબ*
તેથી ઓ કલમ તું થા જલદી તેજ—
ને તુંને ધડનારને આપ ફેજ*
કલમ કહેછે સાંભળ ઓ પારસી—
મને ચિતાર કાહાડવામાં વાર શી?
હવે ઉપર જણાવ્યુંછે અમોએ આમ—
કે એણે નથી કીધું એકલું એજ કામ*
પણ તે સાથે બીજાખી ક્રિયાનાં કામ—
જે કીધાંછે તેના જણાવ્યેછ નામ*
આ કોઇને અજબ લાગશે વખ્તે—
કે ૭ આદરાંનો બેસાડયાં તખ્તે*
તેમધે ખરોદહજી માણેકજી રારાકે એક—
કોટ મધે એવું કામ કર્યુંછે નેક*
બીજું રૂસ્તમજી કા૦ પટેલનું થાના મધે—
જેનું નામ આરાકારાં છે બધે*
ત્રીજું હોરમજજી પટેલનું કેદારી આ-
ગળ—
જે હાલમાં નકામું પડયુંછે ફાજલ*
ચોથું રોઠ જીજીભાઇ દાદાભાઇનુંકોલાબે-
નેક કામ ઘણું કીધાંછે જે "ગોલાબે"*
પાંચમું સર જમશેદજીનું પુણા ખાતે—
જે સાહેબ છે સંપૂર્ણ સંધી વાતે*
અને છઠું અથવા છેલ્લું ઓ ઇરાની—
નરારવાનજી હીરજીભાઇ એક કરાની—
એણે કાંદાવાળા મોહોલાની ‡ અંદર*
ન બુજી કાંઇખી ધર્મની કદર—
પણ અદાવત અને ઉસ્કેરણી કરવાથી—
નજીવા બાંહાંનાંપર ધ્યાન ધરવાથી*
એક નજરા અને નાપાક મોહલા માહે—
ખરૂં વર્ણન કરીયેતો ઉદાસી થાય*
તેવો છે એક અપવિત્ર જીલ્લો—
જ્યાં હંમેશાં થાયછે ધર્મનો ગીલ્લો*

† એ બેતો અને તેનો તરજુમો આ પુસ્તકના પાછલા ભાગમાં જોવામાં આવશે. ‡ ભાંડી બજાર મધે.

ત્યાં મોબેદોની નડવાથી મોહોકાન—
આતરા આદરાનનું બંધાવ્યું મકાન*
એવું જે હરેક નેક કામ કરનારને—
ખરી જરૂરીયાતથી હાથ ધરનારને*
અમોએ આપવો જોઇયેછે જરા—
ને અમોએતો એકને આપ્યોછે કજરા*
પણ તે વાતથી જાણીતુંછે આખું ગામ—
ને વધું બતાવેછે 'ફરશાદ ઊલ કમ ફામ'*
તેથી બતમ કરી કલમ તું અટક—
વધારે નો બતલાવ તારી લટક*
વળી વાંચનારાઓ કવી ને કામેલ—
બીજી બાબતમાં ધ્યાન કરો સામેલ*
કે આ ચાલતી સદીમાં જે કાંઈ—
રવાનોને આસાયશની જગો બંધાઈ*
તે સંધળી સરદારી નીચે દસ્તુરની
એજ—
સરંજામ પોહોંચીછે, તે લખીયેછ સેજ*
તેમધે છેલ્લું કાવસજી બીસનીવાળું—
જે "નવું" બોલ્યામાં આવેછે ચાલું*
તે દોબ્બમાનાં તાણાની અને—
ક્રિયાથી બજવાની એ બંને*
બારીક અને ઉત્તમ ક્રિયા—
પોતે કરવામાં દસ્તુરજી બીરયા*
કોશીશથી તે કામ પાડ્યું પાર—
બુઢાપાની કાંઈ ન રાખી દરકાર*
એ હકીકત તમોએ સાંભલી દીલપસંદ—
હવે વાચો એ દોબ્બમાનું જરાન*
જરથોસ્તી દીનનાં અનજુમન સાથે—
સહવારના થુમારે કલાક આઠે*
રોજ ૧૨ મો અને ૮ મો માહ—
સાંભળો અમારા સોદાગર ને શાહ*
શેહેનશાહી સને ૧૨૧૩ યજદેજર્દી—
દીનદારોની ભારે થઈ હતી ગિર્દી*
તારીખ ૭ મી મે એ ૧૮૫૦ મો એ કમ—
બેત મળે નહી તો શાનો છે ગમ ?
વઇશાખ વદ ૫, સંવત ૧૯૦૦ પુરા—
ખરી છે તારીખ ઓ જરથોસ્તી સુરા*
એ દીને ભાઈ વાર હતો બોમ—
જ્યાં મળીતી પારસીની આખી કોમ*
તે વખ્તે દસ્તુરે લઈ આદરમાન—
જરાનનું માંડ્યું આપરંગાન*
એ ક્રિયા થઈ રહયા પછી તમામ—
શેઠ કાવસજી બીસનીએ કરી સલામ*
દસ્તુરને હોરાડ્યો એક શ્યાલ જોટો—
તેસાથે ઊપકારખી માન્યો મોટો*
પછી થઈ મિજલસ બરખાસ્ત—
એજ છે અમારી ટુંકી દરખાસ્ત*
એજ રવેશે અને એજ રીતે—
દાનેશમંદો તમો લગાડો ચિતે*
જીબતયુજીન આપણુ દસ્તુર વડા—
વળી આ તીર્થમાં બાહેર પડા*
એટલે જે શ્રી થાણા અંદર—
મુંબઇથી દૂર છે ગાઉ બાર પંદર*
ત્યાં છે જરથોસ્તી લોકોનો વાસો—
સાંભળો ખરા પએગમ્બરના દાસો*
સાંભળો તમો સાચા બિમાની—
બેરાક રહો અને બેગુમાની*
કે તે જગોએખી દોખમુ એક—
જેને બંધાવનાર અશો ને નેક*
અવરતાવાણીના જે છે પટેલ—
દાદાભાઈ રૂસ્તમજી લકબે પટેલ*
તેણે પોતીકા ખરચીને જર—
કરી ઓદાઈને પએગમબરી ડર*
જરથોસ્તી દીનના ફરમાબરદારે—
બાપની નૈયતે તે બાસ સરદારે*
દોખમું બંધાવી મેળવ્યું નામ—
તેના કામકાજમાં આપણો 'બમામ'*
ગુટેલો હતો સાંભળો ઓ જની—
આ છે તેની શાહદતની નિશાની*
દોખમાનો પુર્યો એ નામવરે તાણો—
બજબુખી એણેજ એકીનથી માનો*
તે બજવાનો સાંભળો દાહેડો ને વાર—
રોજ ૧૯, માહા ૭, સને બારસો બાર*
તપાસો તમો અકલમંદ ઓલમી—
૧૮૪૩ બસવી, માર્ચ તારીખ સોલમી*
ફાગણ શુદ પુનમ, સંવત ૧૮૯૯—
વાર ગરેઉ હતું શુભાખ્યિત ટાણુ*
તે દિવસે થાણાની અનજુમન હજુર—
મીઠારા ભર્યો એ મસકતી બજુર*
ગોલાબના જેવો રાખનાર બવાસ—
બાહેર કાઢાડ્યો તેણે સ્વાસ*
યાને ઉજવું કીધું સેજનું—
હાંસલ થાવું જેથી છે ફેજનું*
એ રવેશ સંધળો ક્રિયા માર્ગ—
કરી થાયો આપણો ' બમામ ' ફાર્ગ*
હવે ઓ રસીકો ને અમારાં જીગર—

નહી ચાલતું અમોને બોલ્યા વગર*
કે તે વખ્તની શું અનજુમન—
શું તે વખ્તના બોલાતા વચન*
મુંબઇના લોકો ને થાણાના વાશી—
સૌ એ દસ્તુરને આપતા શાબાશી*
તેજ વખ્તે એ દોખ્માનો ધણી—
જોઇ એ 'ઇમામ'ની મેહેનત ભણી*
પોતાપર થાયલો આભાર વાળવા—
આપણા ઇમામનો ઊપકાર ટાળવા*
ભરી મિજલસમાં લાયક કોલે—
શુભાખિત વચન ને મીઠા બોલે*
આપ્યો સર્વે મિજલસમાં વાલી—
પછે દક્ષણાની વાત ચાલી*
એ ઇમામને હોરાડ્યો સ્યાલ જોટો*
શોભાયમાન અને કીમતનો મોટો—
પછે સઘળાએાનો જોઇ દરજ્જો—
આપ્યું એવું ન લાગે લરજ્જો*
એ રીતે એ ક્રિયા સમાપ્ત થાઇ—
વળી આ તમો સાંભળી લો ભાઇ*

કે દખ્ણ હેધરાબાદમાં પંકાયલો—
સર્વેમાં ત્યાં આરાકારા થાયલો*
નિજામનો મોટો ઇજારેદાર—
જરથોસ્તી ટોળાનો એક સરદાર*
નામ જેનું વીકાજી મેહરજીભાઇ—
યજદાંની તેએાને થયાથી આધાઇ*
તેએાએ જરથોસ્તી કોમને કાજ—
જ્યાં ચાલેછે નિજામનું રાજ*
થોડાએાએ ત્યાં કીધુંછ મડક—
તેએાને નેકી બદી ને વખ્ત*
દોખ્માનું પડે અતિ ઘણું કામ—
તે એ સખી અને નેક નામ*
વિચારી પોતીકી ખાતરમાં લાયો—
અને નાંખ્યો ત્યાં દોખ્માનો પાયો*
પછી તેવિરો આપણા 'ઇમામ'ને ખબર—
જાહેર કીધી ન કરતે સબર*
કે "એ નેક દસ્તુરે કદરદાન—
લખ્યો વિગત આપણા ધર્મપ્રમાણ"*
તે ફરમાશ થકી ક્રિયા અને રીતી—
આપણા ધર્મની પવિત્રાઇ ને નીતિ*
ટુંકામાં તેની સઘળી હકીકત—
ક્રિયા કેમ કરવી તેની વિગત*
વીકાજી મેહેરજી પર મોકળી લખી—
તે પ્રમાણે તે શેઠે સખી*
પોતીકા મોબેદો ને દસ્તુર પાસ—
સરંજામ કામ એ પોંહચાડ્યું ખાસ*
હવે એ અકલમંદ અને એાલમાં—
શું આપ્યુંછે ઊપલા કોલમાં*
ઊપર એ દસ્તુરના અમલ તળે—
તેણે લીધેલી મેહનતના બળે*
દીનના હોકમપર કરીને ચાહ—
માર્ગ અને તેણે બતાવેલી રાહ*
તેણે બતાવેલો નેક રસ્તો—
ઉસ્તવાર છે જે નહી ધસ્તો*
તે સઘળાંનું અમોએ કીધું વૃતાંત—
નથી એમાં કાંઇ ભર કે ભ્રાંત*
જે છે એમાં તે બધુ રાસ્તીનું ડોળ—
જુઠો નથી એકુ વાક્ય યા બોલ*

સાંભળો વળી આ નવો હિસ્તયાર—
જાણવાજોગ જે આપીયેછે વિસ્તાર*
કે એ પેહેલવી ને જંદનો માહપંડિત—
જે હાલ આપણથી થયોછે અણુડીઠ*
જેને વિરો આપણો વિચાર મુસ્તકીમ—
કે તે ફાજેલ અને કાબેલ હકીમ*
જેને આપ્યોછે 'ઇમામ'નો બેતાબ—
તે માહપુરૂષે કર્યું કરેલી કેતાબ*
તેણે બનાવેલાં કંઇક પુસ્તક—
જેની માહે આવેલાં કાંઇ ખુશાબ્બત*
પૂર્વે તરફના એલમને જે હતી એબ—
તે કાહાડીને એણે આપીછે જેબ*
સુકાઇ હતી જે તેની કળો—
અથવા તો હતી જડમૂળથી બળી*
તાજો કીધો પાછો તેનો બાગ—
કાહાડ્યો હતો જે લાગેલો ડાઘ—
અમારી તે પ્રમાણે સદાની આદત—
નિચે આપીયેછે તેની શાહદત*

આપણા મરહુમ દસ્તુરે બનાવેલી કેતાબોની વિગત.*

પ્રથમમાં એ ગુણી શખ્સ—
સવાર થાઈ દોડાવા લાગેા ૨ખ્રા*
બારદે અવસ્તાનેા પવિત્ર કલામ—
નમીને તેને કરીને સલામ*
કીધેા તે ઈમામે પેાતીકે દસ્ત—
એલમમાં થાયેા ગરક ને મસ્ત*
તે પવિત્ર કલામના કીધા અર્થ—
જે છે ઊપયેાગી, નહી અનર્થ*
તે કેતાબની શું કરીયે વાખ્યવાખી—
ફાયદેા જેનેા કેમ ચાખ્યેછે આખી*
બેહદીન, એવૈદ, અને નાવર—
દસ્તુર, મરતબ, અને દાવર*
ઉસ્તા, અને ટુકાંમાં સઘળા પારસી—
તેઓને એ કેતાબ થાઈછે આરસી*
તેવિશે અમેા જેટલું બેાલીયે—
એ કેતાબની ખુબીને બેાલીયે*
તે સઘળું કેહવાય નજીવું, નકામુ—
બેહેતરકે જોય એ કેતાબની સામુ*
એ કેતાબ છે રેાશન, નથી ગઈ ડુબી—
તેજ પેાતે પેાતીકી દેખાડેછ ખુબી*
તેથી અમેા બેાલવું કરીયેછે કમ—
પણ જો પાછું જોઈયેછ એજ ગમ*
તેા અમેાને એવેા બેાલાસેા થાયછ—
કે એ તરજુમેા પેહેલેા કેહેવાયછ*
યાને ગુજરાતીમાં થયેાછ એજ—
નહી પડી હરી મેહેનત એમાં સેજ*
અવલ હતેા પેહેલવી ને સંસ્કૃત—
તે સઘળાને તપાસી કરી દરૂસ્ત*
ગુજરાતીમાં કરી કીધેા આશકાર—
જે પડયેાછ આજે મુદત થઈ બાહાર*
તેપરથી આપણને માલમ પડેછ—
કે ફલાણેા અર્થ તે હાનેા ઠરેછ*
તેથી આપણને એ છે ઘટમાન—
કે રાસ્તીની રીતીએ કરીયે વખાણ*

બીજો ગ્રંથ "બારેહ વહીજક" જાણેા—
"કખીસાનું નુર" અર્થ તેનેા માનેા*
યાને કખીસેા જે છે જાયજ—
તેવિશેનું બેાતેબર ગ્રંથ છે આએજ*
તે પામ્યુંછ એ 'ઇમામ' થી જનમ—
સાંભળેા અમારા પ્યારા સનમ*
કે જેમાં છે અવસ્તા ને પેહલવી—
દાખલા તરીકે એ ઇમામે મેલવી*
એ આપણેા પહરેજગાર આબેદ—
માહભારત દફતરથી કરી સાબેત*
કખીસાને ખરેખર કીધેા મહશુર—
જેમાં ન દીસ્તી કસીબી કસુર*
પણ એ વિશે આગળ બેાલ્યાછે કંઈ—
તેથી બ્યાનેાશી ધરીયેછે હંઈ*
અમારી કલમને કરીયેછે સુસ્ત—
કે ઘણું બેાલવું એ નથી દરૂસ્ત*
પણ જાણ થવા થકી કરીયેછે જાહેર—
કે છપાવી એ ગ્રંથ પાડયેાતેા બાહેર*
તે સમા પ્રમાણે ખર્ચીને અકલ—
પ્રગટ કરાવીતી ઘણીક નકલ*
તે ઘણેએક ઠેકાણે હરેા પડી—
તપાસેા હાજર છે આ ઘડી*

ત્રીજું પુસ્તક એક "ફરમાંને દીન"—
કરી ગયેાછ એ જીનત ગુજીન*
તેની મતલબ શેાધતાં આ નિકળી—
ધર્મ સંબંધી છે તેમાં કાંઈ જીકરી*
એટલેજે ખુલંદ ગાથા ઘંમ્બાર—
વર્ષની શેવટે આવેછ એક વાર*
તે સ્પંદાદ મહિનાની પછવાડે જાણુ—
ને ફરવરદીન મહીનાની આગળ પિછાણુ*
તે દિવસેાપર એ માસ સ્પંદાદ—
ન જોઈયે પટવેા, એ લીધીછે આડ*
એટલે ગાથા સાથે માહને સંબંધ નથી—
જેમ પડવાને ન લાગતી કશી તથી*
તે વિશેની કીધીછે જીકર અછી—
તપાસીને આએ બાબત લખીછ પછી*

ન ઠીલ કરતાં જણાવ્યેછ શેતાબ—
'મોજેજતે જરથેાસ્તી' એ ચેાથી કેતાબ*
જેમાં જરથેાસ્ત અસ્પનતમાન—
જેનું નામ લેતાં કરીયેછે નમાન*
તેનાં રૂહપર હોજો કરેાડેા સલામ—
લાવેલા રેહેજો તેના સદા કલામ*
તે પએગમબરના મોજેજા કરેલા—

આલમ લોકની આંખ આગળ ધરેલા*
તે સાથે મુખ્તેસર મહજબનો સાર—
એ નામનો ગ્રંથ જાણો દીનદાર*
એ એલમેહકીકથી થાયો ઉતપંત—
ખુખીનો જેની નથી કંઇ અંત*
સબબ કે જેમાં પએગમ્બરી બોલ—
તેના મોજેજાની કરેલી બોળ*
તેનું નામ જેમાં હર ધરી આવેલું—
જે નામ છે આપણને ભાવેલું*
તો કરો જાનીઓ તમો પરખ—
તે બાબત વાંચતાં કેમ ન થાય હરખ?
અમો કહીયેછ કે બહુ ખુશાલી થાય—
સાચાં મનથી જે પએગમ્બરને ચાહે*
એવાં તે ગ્રંથની શું જણાવીયે લાયકી—
જેમાં પોતામાં નથીજ કંઇ બાયકી*
તેજ ગ્રંથ પોતીકો બતાવેછ તોર—
તો શું કરીયે અમો બાલી દોરાદોર*
દાનેશમંદો તેની કદર પિછાણેછ—
બહુ ઉપયોગી તે પુસ્તકને જાણેછ*

જે ઉપર જણાવીછ અમોએ નકલ—
તે વિશે વાંચનારા પોંહચોડો અકલ*
કે કેહવાં એ ચાર પુસ્તક અગણીત—
આશકારાં કરી ગયેાછ એ અતિત*
હતી જેની અતિશે જરૂર—
એવું કહીયેછ અમો થાઇને ગરૂર*
કીધો એવો તેનો સેહલો ઈલાજ—
કે ઘેરે ઘેર નકલો જેની છે આજ*
તે વિશે તે અતિતનો ઉપકાર માની—
આ બાનગી વાત છે અમોએ જાણી*
કે એ જોગી અને બરો ગોશાંઇ—
અબ્દુત કહો અથવાતો સાંઇ*
તે સન્યાસી બીજા ગ્રંથો કંઇ—
યાદગારી તરીકે મુકી ગયેાછ હંઇ*
તેનાં નામ મળ્યાંછ કૃપાથી અમોને—
વાંચનારા જણાવશું તે નિચે તમોને*
પણ તે આગમચ એ દસ્તુરના વારસ—
કરીયેછ તેઓને અમો સિફારસ*
કે કરે તે ગ્રંથો તેઓ પ્રસિદ્ધ—
જેથી યુરોપ, એશિયા ને હિંદ*
જ્યાં જ્યાં છે તેનું નામ આશકાર—
તે ફળવંત રોપાને નવો આવે બાહાર*
અને થાય તેપર ખુશબોદાર ફુલ—
જેની વાસનાથી જાને બુલબુલ*
ફીદા થઇને ગાવા માંડે સરોદ—
જેથી મટિ દિલ અંદરનો ક્રોધ*
દેમાંગ થાય સઘળાંઓનો તર—
લીધેલી મેહેનતની બુજે કદર*
વાસ્તે દસ્તુરના વારેસો દાનેશમંદ—
સજ્જન આએ સાંભળો દિલપસંદ*
કે બેકીમત જરને જમીનમાં ડાટે—
તો રજ અને ચહેડે તે ઉપર કાટે*
તે સાથે ન થાય તેનો ઉપયોગ—
જેમ શાહજાં માણસને લાગેછે રોગ*
બીમારીથી તેનો થાયછ ભક્ષ—
વાસ્તે એ દાનાઓ પોંહચોડો લક્ષ*
કરો તે ગ્રંથોને આશકારાં પેહલાં—
મુસ્તીપણું છોડો ને વેકો વેહલાં*
કાંજે બેકીમત મોતી જો શીપમાંજ રહે—
તો ઝવેરી તેની કીમત કેમ કહે?
આપણે કેમ જોઇયે તેનો તેજ—
દલીલ એક સાદી બતાવીછે સેજ*
તેથી એ અમારા મેહરબાંને મન—
શેતાબી કરો ના ગુમાવો દન*
આશકારાં અને કરો તેને જાહેર—
વાંચીને થાય જેથી આમ લોક માહેર*
એવી છે અમારી દરખાસ્ત ને અરજ—
ને જો પુછશોતો છે તમોને ફરજ*
તે ફરજ હવે કરો તમો અદા—
કે કાયમ નામ રહે દસ્તુરનું સદા*
હવે વાંચનારાઓ શ્યાણા ને શોબી—
જુવો અમારાં બોલિલાંને ગોબી*
ઉપર જે અમે કીધોછ કરાર—
તેને શેતાબીથી પાડીયેછે પાર*
જણાવીયેછ પુસ્તકો નહી છપાયલાં—
જાહેરમાં નથી જે આશકારાં થાયલાં*
જે એ ઇમામના લએલાં પડ્યાંછ પડત-
જેને છપાવવાનો અમો કરીયેછ લડત*
તેનો સેજ જણાવીયેછ ઇસારો—
વાંચનારા નજર તમો ન બીસારો*
'આવાં ઇયસ્ત બા માએની' નુ છપાયલું-
પાંચમું ગ્રંથ એ દસ્તુરથી થાયલું*

જેમાં એક †દસ્તુરના તરજુમાની
ગલતી—
કાહાડી, માયની કીધીછ શુધ્ધ ને મળતી*

પાંચ ગ્રંથોને દીધાં બતાવી—
છઠું ગ્રંથ હવે દીજીયેછ બતાવી*
"વજરે અહોરમજદી" એવે નામનું—
ગુજરાતી તેમ ફારસીમાં એને કામનું*
જવાહેરમાં જેની કીધેલી જડત—
ફારસી બેતોની કીધેલી મદદ*
જેનીમાંહે આપણો પવિત્ર મહજબ—
તેને લગતા દાખલા એ અજબ*
શુમારે છે ચાલીસ ને દશ—
પણ તે આપી ને નથી કીધું બસ*
કાંકે તેની માહે દસ્તુર સાહેબે—
આપણા ધમામ અને નાયબે*
બીજા કંઈ હેવાલનો કીધાછ ખુલાસો—
તે જાણવાનો તમને દીજીયેછ દિલાસો*
કે અમારી ભલામણપર અમલ કરી—
દસ્તુરના વારેસો કરશે દિલભરી*
એવી છે અમોને પક્કી આશા—
કે જેથી નિકળે ફુલ જેવો વાસ*
તેવું એ વારેસો કાં નહી કરશે ?
ને નહીજ કરશેતો બેપરવા ઠરશે*

હવે "બેહરામ યસ્ત બા માયની"—
જેમાં છે વાત કંઈ દીન આઇનની*
તેને અમો ગણીયેછે સાતમું પુસ્તક—
જે છે હાલ એ વારેસોને હસ્તક*
એટલેજે એ યસ્તનો તરજુમો—
કરવાનો લીધોતો એ કાબેલે જુમો*
તે એજ બ્રહ્મચારીએ પાડયોછે પાર—
આઠમીનોબી છે એવોજ સાર*

"ગોશ યસ્ત બા માયની"—
જેમાં મુગાં પશુઓના સાહ્યની*
જીકરી ભરેલી આવીછે વાત—
તેનો તરજુમો એ પંડિતને હાથ*
થાઇને નાહેકનો રહ્યોછ પડી—
કેતાબ આઠમી તે છે ઠડી*

"ખોરદાદ યસ્ત બા માયની"—
અલબતે બિના જેમો હરો ન્યાયની*
તેનું ગુજરાતીમાં કીધુંચ ભાષાંતર—
જેનો બળાપો કરીયેછ એકાનતર*
કે દીસ્તુ છે એ સંતાપભરેલું—
એમાંનું કાંઈ નથી આશાકારાં કરેલું*
તે વિશે અમો જણાવી દલગીરી—
દસમા ગ્રંથની જણાવીયેછ શીરી*

"શારેસ્તાંને ચાર ચમન"—
જે વાંચ્યાથી મનને થાય ગમન*
ઘણું કરી તેનો તરજુમો અકસર—
ખરો ને વાજબી પણ મુખ્તેસર*
કરી ગયોછે એ પ્રવિણ—
દુરબંદેશ અને દૂબીન*
તે ગ્રંથપર મુકીયેછ દસમો આંક—
કરી ગયોછ એ ફિલસુફ રાંક*

"બાંને ન્યામત" એ અગીઆરમી
પોથી—
કરી ગયોછ એ એમમની કોઠી*
ફારસી જુબાંનમાં જે હતી અવલ—
તે આપણને પડવા થકી સવલ*
ગુજરાતીમાં તેનો તરજુમો શુધ્ધ—
કરી ગયોછ એ સેતારો "બુધ્ધ"*
તેથી હજુર નથી થયો આશાકાર—
એ વાત ભુંડી અને છે નાશકાર*

બારમી કેતાબ એ દસ્તુરથી બની—
તેનીતો છે ભાઇ તારીફજ ઘણી*
એ જીગર તે કેતાબ છે નામી—
જેની અંદર નથી કંઈજ ખામી*
તે કેતાબ છે સર્વેથી સરસ—
મજદુર નહી કે કોઈ કહે નરસ*
તે સબબે વાંધેના 'એરિયનટલીસ્ટો'—
ઊગમણા પ્રાંતનાં માહ પંડિતો*
તેઓને છે એનો બહુ ઊપયોગ—
એવું કહીયેછે અમો જોઇને આ જોગ*
વાસ્તે તે કેતાબ જો આપે રોશાની—
તો સાંભળો આ વાત અમો દોસ્તની*

† દસ્તુર એદલજી દારાબજી આસાનાએ જ આવાંયસ્તની માયની કીધીછ તેના તરજુમાની ગલતી દસ્તુર મજકુરે બતલાવીછે.

કે એ વિદ્યા ને એલમના ફુલને—
ગુલે અનાર અને ગુલનેા*
અતિશ્રેણે પમરતેા ઊપજે વાસ—
જેમાં છે સારા ને ઈડા ખવાસ*
તેમાં વધારે સેાહરમ આવે—
ચાલુ કીર્તિને વધુ ફેલાવે*
એ દાના ! જેની કરીયેછ સ્તુતિ—
તે કેતાબ નાદર ને કાહાડીચ ચુંટી*
તેનું કીધુછ એક જોર દફતર—
જેમાં છે તીર, પેકાંન ને બખ્તર*
એ જ્ઞાની ! તું તેનેા કરા કર—
છે જેમાં "હરફેા" નું લશ્કર*
તે છે પેહેલવી ભાષાની ફરંગ—
૭૦૦૦ લાગતેાનેા જેમાં છે દરંગ*
ફરહંગ એટલે અંગ્રેજીમાં 'ડીક્ષનરી'—
શબ્દોને જેમાં બતાવેછે ઘેરી*
તેવી ડીક્ષનરી એ આતુરે—
આ પ્રાંતના કવિ ચાતુરે*
પેહેલવી ભાષાની અંદર બનાવી—
તરજુમેા તેનેા ફારસીમાં લાવી*
આપણે વાસ્તે તૈયાર રાખીછ—
તેની કાંઇ લેહેજત કૃપાથી ચાખીછ*
અમેા આધીન શેવકેાએ પેાતે—
માલમ કરીછે રેારાનીભરી જોતે*
સખ્ત મેહેનતમાંથી કરનારી ફારગ—
અંધારાં માહે દેખાડનારી માર્ગ*
તેવી કેતાબવિશે શું બેાલીયે ?
અપાર વજનને કયે કાંટે તેાલીયે ?
કાંકે જર્મની દેશનેા રેહનાર—
હમેશાં સતવાદી વચનેા કેહનાર*
વિદ્યાનેા શાગર, એલમનેા ભંડાર—
જેને જાણેછ હિંદ, વેલાયત, ખંડાર*
આ ટાપુમાં તેનું નાંમ પંથરાયલું—
આ † તકરાર સમે આરાકારાં થાયલું*
જેને પ્રેાફેસર સ્પીગલ કહેછ—
એલમની કદર તે કાએલ બુજેછ*
તેણે જોઈ ખુશી એ ફહરંગની—
વિદ્યા ને એલમના સહરંગની*
ઊપલા દસ્તુરના વારેસેાપર—
આબરૂ તરકિનેા લખ્યેાછ પત્ર*
એ 'ઇમામ 'ની કાએલ્યત વખાણી—
જેને હાથથી છે એ કેતાબ લખાણી*
તેવિશે સારૂં આખ્યું છે મત—
કૃપાથી અમેાએ તે જોયું છે ખત*
તે ઊપરથી રાખીયેછ અગમચેતી—
કે આપણા પેશવાની કરેલી ખેતી*
જેમાં પાકયેાછ અમુલેા દાણેા—
અભ્યાસીઓને લાયકનેા ખજનેા*
તે મેાડા યા વેહેલે બાહેર પડશે—
અમારૂં બેાલ્યું વજનદાર ઠરશે*

તેરમા પુસ્તકનાંખી ઘણું છે ગણુ—
શુદ્ધ લખવાનું બીજ છે 'વ્યાકરણ'*
એવું કબૂલ કરશે સર્વ કેાઇ—
"વ્યાકરણ "નેા મૂળ આધારજ જોઇ*
તે વ્યાકરણનેા મુખ્તેસર સાર—
પેહલવી જુબાનમાં કીધિછ દીનદાર*
તેવા ગ્રંથને તે કેાણ ન વખાણે ?
જે છે એ દસ્તુરને કેતાબખાને*
તે વિશે અમેા જણાવીયેછ હસારેા—
દસ્તુરના વારેસેા, વાત ના વિસારેા*
યાદ રાખેા, થાવેા સાહુચેત—
આરાકારા કરવાની કરેા ખેત*
'દાદાર ખીન દાદેાખ્ત'કેતાબ ચૌદમી—
હતી ફારસી જુબાંનમાં જાણેા ઊદમી*
તેનેા ઊતારેા દસ્તુર મજકુરે—
પેાતે કરીને રાખ્યેાછે હજુરે*
તેમી છે કેતાબખાનાની માહે—
પંદરમી કેતાબ વળી નિચેની કેહવાય*
પંદરમી કેતાબ વંદીદાદની માયની—
જે છે લાવિલી આપણા નેકખાહની*
તેનેા ગુજરાતીમાં અર્થ કરી—
કેતાબખાનાની માહે છે ધરી*
વળી એજ વંદીદાદનેા ઓદાર્હ લેખ—
તેનેા તરજુમેા ફારસીમાં "શેખ"*
સૈયદ અને ગણુ તેને પીર—
કરી તે ગયેાછ સાંભળેા એ વીર*
તે ગણાયછે સેાલમી કેતાબ—

† ભાઇ ધનજીભાઇ ફરામજી ફ્રીથના તથા દસ્તુર પેશેાતનજી બેહરામજી સંજાણાએ ફ્રીધેલી તજ્તીનેા તરજુમેા રાયલ એસિયાટીકસેાસાયટીના જર્નલમાં છપાવિયા પછી તે તરજુમાની તપાસ ઊપર જણાવેલા પ્રેાફેસરને ફરવાને સેાંપવામાં આવનાર છે. એ વખ્તથી એ પ્રેાફેસરની કાએલ્યત આ ટાપુમાં જાહેર થઈ હતી અને ત્યારથી આ ટાપુ મધે તે એાળખાયેા છે.

સતરમી વિશે સાંભળી લો શેતાબ*
ખોદાઈ કલામ જે છે વિસ્પરદ—
જે પઢેયાથી મીટે જંજાલ ને દરદ*
ટળે હજારો દુશ્મનોની ગેર્દ—
તેને ફારસીમાં એ પીરમર્દ*
કરી ગયોછે દીનઆગાહ—
સતરમી કેતાબ તે છે નેકખાહ*
ઈજશનેનું પુસ્તક પાક—
જે છે આપણા મહજબની શાખ*
જે પુછોતો તે છે આરસી—
તરજુમો તેનો કીધોછ ફારસી*
તેથી ઊપલાં પુસ્તકો સંગત—
જઈને બેહુંજ જ્યાં હતું પંગત*
તે પુસ્તકને લે ગણી અઢાર—
ઓગનીસમું આવશે, વાંચવું વધાર*
ઓગનીસમું પુસ્તક આ છે જીગર—
ન ચાલે ઇસારો જણાવ્યા વિગર*
એ કેતાબ "અવીજેદીન" નામની—
પ્રસિદ્ધ થાઈછ કબીસાના હીગામની*
કદમી પારસીઓના પીરકા તરફથી—
તેનો રદીયો વગર ફરકથી—
એ ઈમામે આપવાનો કીધોતો શરૂ—
જેને ગણીયેછે સેતારો "દહરૂ"*
તેણે એ પુસ્તકનો અર્ધો ભાગ—
બનાવ્યોછે જેવો ગુલજાર બાગ*
પણ છે તેનો અટકાવ થયો—
તેનો ઇશારો આગળ છે આવ્યો*
આ ગ્રંથને (૮૭)† મે પાને—
તેથી તે નહી જણાવતા આ ટાંણે*

એ વત્રોગે અમારા મિત્ર—
ખાસ રાખનારા મહજબ પવિત્ર*
"રેહેનુમાએ જરથોસ્તી" નામના—
છપાયાંછ છાપાખાનાંમાં જમેના*
ચોપાનિયાઓ દરએક માસે—
વર્ણન તેનું અમો કરીયેછે હાસે*
કે તે ચોપાનિયાંની મતલબ મૂળ—
એ હતી કે કરે જો જુદ્દીનો ભૂલ*
પવિત્ર મહજબને આપે જે ઠપકો—
તો દેખાડે એ ચોપાનિયું દીપકો*
આપે તેનો જલદીથી ઉત્તર—
વજનદાર અને વળી સુતર*
તે ચોપાનિયાંને એ દીનયાર—
મદદ કરતો બહુ રાખીને પ્યાર*
એ દીનદોસ્તે રાખી આ આદત—
આપતો નામિચાં દસ્તરોની શાહદત*
જંદ, પારસી ને પેહલવી વળી—
તેના દ્રષ્ટાંતો દીનમાંથી ભલી*
ઓ રફીક, અવલથી તે આખેર તુલીક-
જેથી મીરાનરીઓને પડીતી બીહીક*
એ ચોપાનિયાંની હતી તેમને ધાસ્તી—
કે દાખલા આપીને કરશે જાસ્તી*
તે એ દસ્તુરની મેહેનતથી જાણવું—
બરૂં કહીયેછે, એકીન ધરી માનવું*
પણ લખવાને અમોને લાગેછે દુખ—
કે એ આપણને ઊપજાવનારૂં સુખ*
એ ગુજરવાને ન થયા માસ—
તેટલામાં પામ્યું એ ચોપાનિયું નાશ*
યાને નિકળતું થાઈ ગયું બન—
ને નથી આશા કે નિકળે કોઈ દન*
એનીજ સાથે તેણે કીધો મેળાપ—
તેથી દુખી થાઈ કરીયેછે વિલાપ*

ઓ અમારા રફીકો અને દિલજાન—
પવિત્ર મહજબનું ધરાવનારા માન*
ઓ અમારા ખરા દીલશાહતી—
સંપૂર્ણ મનના સાચા હિમાયતી*
ઓ અમારા મેહબતવાળા—
થાજો તમારી બોલબાલા*
રેહેજો હમેશાં ખુશ ને મગન—
ટળજો તમોપરના થાતાં વધન*
ઊપલી હેકાયત તો વાંચી તમોએ—
કેતાબો વિશે જે લખીછ અમોએ*
પણ તેતો તદન થઈ ચુકી પુરી—
તેથી તેને પકડાવીછે દૂરી*
પણ હવે ઓ દાનેશમંદો જ્ઞાની—
ખાસ વિચારવાળા અને ધ્યાની*
આપણા ઈમામનું ખાસ ખાનદાન—
તે વિશેની અમો કરીયેછે જાણ*
સાંભળો તેને તમો આપી લક્ષ—
પુર એલમી ને કાએળ શખ્સ*
એ ઈમામે કીધા કોણને ત્યાં વીવાહ—

† પેહલી આવૃતીનો ૮૭ મો સફો જાણવો.

અગત્ય છે બહુ અમોને તે કેહવા*
કે અથોરનાનનો ખાસ જે ટોળો—
જે છે માનવંતો ને અમુલો*
તે ટોળામાં દોરાબજી રોહરીયાર—
સગાઇ તેવણને ત્યાં થઇ નેહાર*
તે પતિવ્રતાનું નામ હતું જીવનાઇ—
તે એ ઇમામની બાનુ ગણાઇ*
તે પતિવ્રતા ને એારત સાહુ—
એ ઇમામથી વીશ વર્ષ અગાઉ*
થઇ ગઇ હતી કઇલાસવાસી—
તેથી એ ઇમામને લાગી નાસિપાસી*
હવે તેણીથી થયાં હતાં ત્રણ રતન—
જે રાખ્યાં હતાં કરી જતન*
તે મધે બે બેટી અને એક બેટો—
ખુબસુરત ને હતો જેબ દેતો*
નામ હતું તેનું બેહમનજી કરી—
તે વિશે કંઇએકો કહેછે વરી*
કે નાનો હતો પણ ચાલાક હતો—
બહુ હુશિયારી રાખવા જતો*
પણ લખવાને અમોને ઉપજેછે સંતાપ-
કે તે કરીમ જે છે સર્વેનો બાપ*
તેણે પાંચ વર્ષની કુમલી ઉમર—
તેટલાં તેડી લીધો પાછો " કુવર "*
હવે એ 'ઇમામ'ની બે બેટીએો હતી—
પતિવ્રતા અને નારો સતી*
તે માહેલી એક થઈ વર્ષની વીશ—
પોતીકા કર્તાને નમાવી શીશ*
વઇકુંઠનો રસ્તો પકડી ગઈ—
બાકી હાલ એક છે હૈયાત રહી*
એ દસ્તુરના નામ લેહેનામો તે છે—
તે છે, તે છે, અને જે છે તે તે છે*
જેવો મોભો ભોગવી ગયાછ આવા—
તે ઇમામના દાનેરામંદ બાવા*
છ ફરજંદો રાખતા યાદગાર—
ત્રણ બેટા ને ત્રણ બેટીનો શુમાર*
તે બેટાએોમાં વડા બેટાનું આબ—
ખુબ હતું નામ જેનું હતું સોહરાબ*
વચલો બેટો તે "એ." એેલમની શાખ-
જેને એોળખી ચુકા હજારો લાખ*
એ ' ઇમામ' ને નખીને શાગેર્દ—
પવિત્ર મહજબનો જાણનારો ભેદ*
તે કોણ? એ દસ્તુર પોતે 'એેદલ'—
બોદાઇ એેશકમાં જે હતો પેદલ*
હવે નાનો અને જે પુછો ત્રીજો—
તો સાંભળો તમો દાનાઇનો બીજો*
કેહવાયછે જે દસ્તુર બેહરામ—
† આતરાબેહરામમાં જે કરે છે કામ*
ચલાવિછે સઘળો કારોબાર—
એક ખરા દોસ્ત તરીકે યાર*
હવે દસ્તુરને બેહેન હતી ત્રણ—
તે મધેથી બેતો પામીતી મરણ*
બચગીમાંથીજ પામીતી વફાત—
ને બાકી રહેલી છે એક હૈયાત*
હવે એ દસ્તુરની નેકબખ્ત માય—
નામ જેણીનું હમાબાઇ કેહવાય*
તેણી વિશે એો ગુણવંતા ભાઈ—
ખબર અમોને આ મિસાલે થાઇ*
કે આપણો 'ઇમામ' ને નખીનો દોસ્ત—
વતન છોડીને આવ્યો શો કોરાસ*
આ વખણાયલી ટાપુની માહે—
તે વખ્તે તેની માતા " હમાય"*
તેણીએ પોતીકો પ્રાણ ને જન—
કરી દીધો બોહતના ફુરેસ્તાને દાન*
જીનતની માહે તેણીએ કીધો વાસો—
કાહડી નાખ્યો આ બદનમાંથી સાસો*
બાસ પોતીકાં સુરત શેહરમાં—
રેહવાના એ ઇમામના ઘેરમાં*
હવે એ આપણા એેલમે બાહાદર—
તેવણના વડા ભાઈ ને બીરાદર*
એ ઇમામથી અગાઉ વર્ષ શોલ—
કીરતારને આપ્યા પ્રમાણે કોલ*
કીધા પ્રમાણે તે કરીમ સાથ બોલી—
ચાલતા થયા બાંધીને ઝોળી*
તે મરનારને ત્યાં ન હતો છોરો—
તેથી આપણો ' ઇમામ ' એે બોરો*
થયો હતો તે મરનારનો પાલક—
ધુણી ધાલી જેણે જગાવીતી બાલક*
એ ઇમામનું નામ તેથી એેમ લખાતું—
સરેસ્તાની રીતે સૌથી કહી શકાતું*
તેજ નામ છે મજલેસોમાં બાહાલ—
ને તેજ પ્રમાણે બોલાય છે હાલ*
કે ' દસ્તુર એેદલ એેબને સોહરાબ '—

† શેઠ હોરમજજી બહમનજી વાહડિયાજી વાળા.

એ નામ પછાત જોઇયેતો વાપરે દારાબ*
જે નામ છે એ જોગીના બુદ બાપનું—
તે લીધાથી ન થાય કામ પાપનું*
એવું તમારા આંધીનો બુબ જણેછ—
વાજબીપણું તો તે સાહેબ પિછાણેછ*

—

અમારા વાંચનારા ડાહ્યાને ડોહરા—
પુખ્ત એલમ ને વિચારના બોહરા*
બરાં બોટાંની કરનારા પરીક્ષા—
સાચાંને શાબાશી, જુઠાને શિક્ષા*
આપનારા છો તમો પોતે ધણી—
ઊપલી બાબત જે તમોએ ભણી*
તે કુટુંબ ને વિશે હતી એશ—
ન નરશી, પણ બાબ છે બેસ*
તેને દુકાંમાં કીધી કોતાહ—
સબબ અમો નથી વખ્ત બોહતા*
પણ હવે એ દામામના શાગેર્દોનો બાબ—
અમારા લખવાને આપનારો આબ*
તમારી રોવામાં કરીયે છે રજુ—
જે બાકી રહી ગયોતો હજુ*
નિચે અમો આપીયેછે તેને જગા—
સાંભળો અમારા જતીઓ સગા*

—

એ માહ પંડિત અને વિદ્વાન—
દીનાર્ય દાસ ને એલમ દીદબાન*
હુશ્યારી હતી જેને આધીન—
કાબેલ્યત કાબુમાં હતી સ્વાધીન*
દર્યાકૃત હતો જે ગુણીનો દાસ—
તે બ્રહ્મચારી પંડિતની પાસ*
સાત શાગેર્દોએ લીધી તરતીબ—
જેનો પુકારો અમે કરીયેછ નકીબ*
જણાવીયેછે અમો તેઓનાં નામ—
કંઇએકોના વલી રેહવાના હામ*
કે એ સાત બધેથી મુખ્ય ત્રણ—
પેલા બુર્શીદના થયાંછે કરણ*
તેઓ પેહેલવી ને અવસ્તા બુદ—
શિખ્યાછે ઘણુંકરી સહી ને શુદ્ધ*
તે બધે સોહરાબજી ફરામજી નોસા-
રીવાળા †—
કાવસજી દારાબજી મેહરજીરાણાવાળા*
ત્રીજા એ દસ્તુરના ભત્રીજા પ્યારા—
એજ બોલથી બોળખી લેશે શોહારા*
તોપણ નામ જણાવવાની છે જરૂર—
ન જણાવીયેતો ગણાર્ય એ ગરૂર*
કે પેશોતનજી દસ્તુર બેહરામ—
જે શેહેનશાહીઓના આતશવરેરામ*
તે બધે ચાલેછે દસ્તુરી મોભે—
બેશક કહીયેછે તે તેને શોભે*
કંઇ બુજર્ગો કહે છે એને લાયક—
સબબ કંઇ તકરારમાં થયેછે ફાયક*
તેથી સઘળાઓની છે મનપતીજ—
કે છે એમાં કાંઇ કાબેલ્યતનું બીજ*
હવે બાકીના રહેલા ચાર—
જે ઓએ થોડો બહુ લીધેલો સાર*
જે ઓએ થોડી ઘણી કીધીછે વેઠ—
તેઓના નામ વાંચો તમો હેઠ*
દસ્તુરાન દસ્તુર મુલ્લાંશેરીજ—
તેઓએ એનેથી કરીતી કંઈ બોજ*
સુરતવાલા દસ્તુર સોહરાબ બરજો—
એલમનો હાંશેલ કીધોતો દરજ્જો*
દસ્તુર રૂસ્તમ બેહરામ સંજાણા—
કલ્યાણીવાળા એલમમાં દાણા*
બોથા એ દામામની બેટીનો પુત્ર—
જે પુછેતો અમો આપીયેછે ઉત્તર*
એલમની બાણ કાંઇ તેણે બોદીછ—
એ દામામના હાથ તળે વિદ્યા શોધીછ*
તેથી મેળવીછે ઘણીએક બાણક—
જેનું નામ છે રૂસ્તમ માણક*
અટક જેની કેહવાયછ માડણ—
કરો અમારાં બોલ્યાની છાડણ*
કે જે બોલ્યાછ તે સીધું યા આડું—
દાનાવ સાહેબો તપાસો વાડું*

—

હવે એ પંડિત ને બ્રહ્મચારી—
કાબેલ્યતની કીર્તિ જેની ભારી*
તેણે હાંશેલ કીધેલા એલમ—
જણાવીયેછે ન લગાડતાં વીલંબ*
કે એ બ્રહ્મચારી, જંદ ને પાજંદ—
તેનોતો થાય પડયોતોજ ખંડ*
તે સાથે પેહલવી ને સંસ્કૃત—
પાકેપણે શીખ્યોતો દરસ્ત*
ફારસી અને એરબી જુબાન—
અપાર તેનીતો બોદીતી બાણ*
હવે મરાઠી ને ગુજરાતી—
બચગીથીજ હતી એની શાહતી*
વળી તે સાથે હિંદુસ્તાની—

† દસ્તુર ફરામજી સોહરાબજી મેહરજી રાણાના છોકરા.

એ સઘળા એલમની પકી નિશાની*
એ 'કલમ' નામાં ભરપુર હતી—
એવું કહીયેછ અમો ખતી ખતી*
ને તેવું કેહવાને છે અમોને કારણ—
જુવો એને કવેલી કીતાબોની ધારણ*
તેપરથીજ સંદેહ જરો મટી—
એવું કહીયેછ અમો રાખી ગતિ*
હવે એ સાથે અંગ્રેજી ને તુર્કી—
એ ભાષાઓનેખી જોઈતી ધુરકી*
તે ઘણી નહી પણ બહુ થોડી—
તેને અમો ન કેહવા ચાહતા બોહરી*
જુઠું બોલીને નાહેક શું અરાવીએ—
વગર ફોકટનું તે શું સહરાવીયે ?
જેવું હોય એવું કહીયે એ રૂડું—
બોટું બોલવું એ સર્વેથી ભુંડું*
હવે એ આપણો બ્રહ્મચારી બાપ—
જેનેથી હતું એલાહેદું પાપ*
તે સઘળા ટોળામાં હતો વિદ્વાન—
વડા દસ્તુરનું ધરાવનારો માન*
ધર્મશાસ્ત્રી સાચો ને શુદ્ધો—
બચગીથી માન મેળવતો થયો બુઢો*
સર્વે જરથોસ્તી કોમને જાણીતો—
પસંદ પડતો ને સર્વેને માનીતો*
એલમીયતપણાંથી બુજર્ગ થાયલો—
એખી હતો એક બોલમાંઓ માહેલો*
તે દાના પંડિત ને પુર જોગીએ—
એલમે હકીકીના પુર ભોગીએ*
એલમના બળથી જુવો આખી—
ભોગવી સઘળા દસ્તુરોપર સાહેબી*
હવે જેવો કાબેળ એ હતો અતિત—
તેવી બધી લાયકીઓ ધટિત*
કીધી હતી એણે પોતામાં શામેલ—
જેથી પુરેપુરો ગણાયો કામેલ*
આ બાકી નાપાયદાર જમાનામાં—
નામ લખાવ્યુંછે નમાનાઓમાં*
કેમકે રાખતોતો ધીરજ ને નીતિ—
જેના ગુણોથી જતો એ જીતી*
અદના આળાને ગણતોતો એક—
એ આપણો બ્રહ્મચારી નેક*
નમ્રતાઈ ને રાખતો મિલનસારી—
બોલવામાં મીઠારા ને સલુકાઈ ભારી*
અમારી કલમ કહેછકે હું ન ધરાઉ—
એ ફિલસુફની શું એટલીજ વડાઈ?

જુવો, જુવો, તમો કરોછો ચુક—
હૈડેથી વિસરાતો ઉંધોડો બુક*
એ કલમનું કેહવું અમોને લાગું તીખત—
પણ લાગી તેની યાદદાસ્ત ચોકત*
અમો સમજ્યા કે કલમ થાઉછ મોંડ—
પણ વિચાર કરતાં આવી ગયું યાદ*
કે હરએક સભા અને મીજલેસ—
ત્યાં એ અરો તનનો ને બાલિસ*
પોતીકા દબદબા સાથે બિરાજે—
તો તે સભાનો શણગાર થાઉ છાજે*
બરેબરે સભાનો થાય એ હાર—
બગીચામાં જેમ ગુલ આપેછ બાહાર*
તે સભા કેહવાય માનવંત—
જ્યાં બીરાજ્યો હોય એ સંત*
હવે એ અતિતના કદમની પરખ—
થતાંજ સભાઓમાં ઉપજે હરખ*
મોટપણું એનું કરવા માલમ—
જેટલી ભરાઈ હોય ત્યાં આલમ*
ઊભી થાઉને તે આપે ઈજ્જત—
રાખુનો બોલે હોય જેમાં લેહેજત*
એ રીતે એની એ આગતાસ્વાગતા—
કુલે જરથોસ્તીઓ બજા લાવતા*
હવે એ પંડિત ને 'કલમ' આપણો—
મરતબો જેને આપીયેછ બાપનો*
જેના આપણે ગણાઉયેછે શીરો—
તેણે જીંદગીનો મોટો હીસ્સો*
લગભગ તલક શાઠ વર્ષે—
ઉત્તમ કેળવણી લીધી સરસ*
વખાણવા લાયકનો કીધો શોગલ—
જે જાણેછ સઘળા અંગ્રેજો ને બોગલ*
અગત કરી એ મજકુર મરનારે—
સાત યા આઠ જુબાનના પઢનારે*
પેહલવીને ઘણી અગતની જાણી—
તે સાથે વળી અવસ્તા વાણી*
વાંચીને તેને સમજવા થકી—
સહી ને શુદ્ધ તેને કરવા નકી*
બરેબરો અર્થ તેનો કરવા—
ઊસ્તવારીથી વેરીઓસે લડવા*
એકેદમ તેપર કશીતી કંમર—
વળી આખી કહીયેછ કરી ડંમર*
કે તે પુસ્તકોની એવીતો પાઠ—
એણે પોતે કરી રાખીતી હાથ*
ગોયા રાખ્યાતાં એણે મોહો—

પાસે ન હોય તોપણ જાણેછે સોડે*
એવી યાદ ને મગજની શક્તિ—
રાખતો હતો એ કરનારો ભક્તિ*
કે કારણસર વગર વખ્ત બોહવે—
બુલાસો કરવા વગર કેતાબ જોવે*
હતો એ અતિત પુરો શક્તિવાન—
કયાંવેર કરીયે તેની વખાણ*
એ દસ્તુર ને આપણા કબીર—
સોહરમ જેમાંથી આવેછ અખીર*
જેને આપણ ગણીયેછ ઉસ્તાદ—
તે આ પુરાણી ટેકરીપર આબાદ*

ત્રેપણ વર્ષ પર આવીને વસ્યો—
ત્યારથી નહી ઊસ્તવારીથી ખસ્યો*
યાને એ અતરે જે રહી ધાખો—
પેહલવેહલો આ ટાપુમાં આવ્યો*
ત્યારથી તે મરણની ઘડી તક—
એ મરનારે પોતીકો દસ્તુરી હક*
એવીતો ઉત્તમ ને વખાણની રીતે—
સાચવ્યો હતો દાહડો ને નિતે*
કે તેપર કોઈને ફરિયાદ ને ગીલ્લો—
કરવાને નહી બની આવ્યોતો હીલ્લો*

શ્રી સુરતનાં આતશબેહેરામ સાહેબને તખ્તનશીન કરવાની બાબતમાં મરહુમ દસ્તુરજીએ દાદારની સિફતમાં જોડેલાં ફારસી બેતો*

بنام آنکہ زو عقل و روانست ∴
خداوند زمین و آسمان است ∴
خداوندیکہ ویژہ دادودین داد ∴
خداوندیکہ ایمان و یقین داد ∴
زجود خود وجود گیتیان کرد ∴
زروشن روشنان روشن جہان کرد ∴
مبرا از نقیض و اشتراکست ∴
زہمتا و نیاز و نقص پاکست ∴

તે નામની બરકતથી આ બિના—
લખ્યું છું (જેમાં વિચાર છે ઝીણા*)
કે જે સાહેબે (આ) ખાલિસ દીન—
ઈમાન તથા બક્ષ્યું બેકીન*
બક્ષેરાથી જગત ને કીધી બોજુદ—
રોશનીદાર સેતારાબ્બો (શું થાકું વજુદ)
તે રોશનીથી આલમને કીધી રોશન—
(પદાર્થ અગણિત કરવાને પોરાન*)
ને વળી તે સરાકત ને ભાગ્યાપણાંથી—
વેગળો છે ઊમેદ ને બોહતાંન (ઘણાથી*)
બરોબરીયાથી તે છે હેલાદો—
(જેથી કાંપેછે કૂર ને જલાદો*)

તરજુમો.

જે છે માલિક અકલ તથા જંતનો—
જમીન (જમાના) ને આસમાનનો*

પેગમ્બર અશો જરથોસ્તની સિફતમાં.

ازو بر روح زرتشت سفتمان ∴
درود و شوم باد از حد فراوان ∴
کہ او جملہ جہانرا شست ز اشراک ∴
ہمہ روی زمین کرد از بدان پاک ∴
ز پندش جملہ عالم بہرہ ور گشت ∴
ز شرک و کفر دلہا پاکفر گشت ∴
نمود ہ رہ سوی یزدان پرستی ∴
کہ ہست او خالق و رزاق ہستی ∴

કે જે પેગમ્બરે દુનિયાંને સઘળી—
(વાકેફગાર કીધી પણાથી જંગલી*)
(બુરાઈના માર્ગો બણવાથી*)
બોદાને હમરાકીક ગણવાથી—
(ભુડા લોકોથી તમામ સરજમીન—
સાફ કરી, (પાંથરી) બાલિશ દીન*
તેનીજ નસીહતથી આલમ કુલ—
ઘણા બોદાને માનનારી (કરનારી બૂલ*)
કોફરપણાંથી તે થઈ પાક—
બેહેરો મેળવેછ જેનો (હજારો લાખ*)
તેજ પેગમ્બરે, જે પોહચાડેછ રોજી—
(કુદરતનો સાહેબ તે ફતે ફિરોજી*)

તરજુમો.

તે (બેગરજ) સાહેબની તરફથી—
દોઆ ને બાફ્રિન (બા સારા હરફથી)*
બેહદ અને (વળી) હોજ્જે (અપાર)—
(તે પેગમ્બરનાt) અશોારવાનપર (યાર)*

† જરથોસ્ત સ્પીતમાંન અનોશેહેરવાંન*

છે જે સર્વનો પેદા કરનાર—
(બાકી અને નુરીને ધરનાર*)

તે યજદાંની પરસ્તેશ કરવા—
માર્ગ બતાવ્યો (રૂડી રાહ ધરવા*)

પાદશાહ જાર્જ પી ફોર્થની વખાણમાં.

بعهد شاه ججاه و جهانگیر .·.
که از داد ش جوان شد عالم پیر .·.

سلیمان شان کسری فرّو باذل .·.
خدیو ملک شاه جارج عادل .·.

તરજુમો.

અને શોલેમાની શોકતના પાદશાહ—
સખી અને આદેલ જાર્જ (બાદશાહ*)

પૃથ્વીને લેનાર જમશેદી દરજ્જા—
જેહાનને લેનાર નોશેરવાનની ધજા*

કે જેના ઇનસાફની બરકતથી—
(ગરીબ રૈયત સઘળી હરકતથી*)

જવાન થાઈછ બુઢી આલમ—
(પરાગંદે થયાછ ફેર ને જાલમ*)

મુંબઈના ગવરનર એલ્ફીન્સ્ટનની સિફતમાં.

بجندرالی الفنستن گورنر .·.
بمبئی نیست چون او داد گستر .·.

چراغ اہل دانش خوش خصایل .·.
دلش دایم بود بروداد مایل .·.

شجاع و صفدر و پر دانش و فر .·.
شد از تدبیر بود کهن مظفر .·.

તરજુમો.

જેનું દિલ હંમેશાં ઇનસાફના—
(વિચાર જેના હમેશાં દિલ સાફનાં*)

એલ્ફીન્સ્ટનની હાકમીના (દોરમા)—
(જે) ગવર્નરનો (કાબુ હતો જોરમાં*)

હતો તે ગંભીર તેપરજ શોખી—
(ઇનસાફને હંમેશાં કરતોતો ગોખી*)

જેની મીસાલનો (કોઈ) ગવરનર—
દાદગર નથી થયો મુંબઈ અંદર*

દાનાઓને રોશની બક્ષનારો ચેરાગ—
(તદબીરથી કારણુસર લેનારો વેરાગ*)

(પુર) જવાંમર્દ દાનાઈ રાખનાર—
પેહેલવાનીપણાંનાં (ફળ ચાખનાર*)

બુજોર્ગી સાથેનો તદબીર ભરેલો—
"દખણ" જેને છે ફતેહ કરેલો*

સુરતની સદર અદાલતના બીજા જડજ સધરલેંડની સિફતમાં.

بسورت شهر در صدرالعدالت .·.
بد آنگه جرج ثانی با کمالت .·.

جمیس صدرلند روشنرای و با داد .·.
که گشت ازیمن عدلش سورت آباد .·.

چو بهر آتش بهرام فیروز .·.
که باشد قبلهٔ رخشان دل افروز .·.

میان قوم بهدینان خلافی .·.
فتاده بود با هم اختلافی .·.

میان سردار موصوف ازره داد .·.
زحدس ورای صایب فیصله داد .·.

તરજુમો.

કમાલીયત સાથેનો (રાખનારો ધજ*)
જેમ્સ સધર્લંડ ઇનસાફને (દાદ)—

(સાંભળો ભાઈ થઈને એકંદર ભેળા)—
શ્રી સુરતની સદર અદાલતમાં તે વેળા*

જેના ન્યાયથી સુરત થયલી આબાદ*
આતશબેહરામનો ચળકાટભરેલો—

રોશાન અકલનો બીજો જડજ—
કેબલો (આપણે મુકરર કરેલો*)

તે એ સરદારે એસ્તવાર અકલ—
હુશ્યારીથી લઈ ઇનસાફનું (બળ*)

એ રોશાન કરનાર ફતેહમંદ જ્યારે—
તખ્તનશીન થવાનો હતો ત્યારે*

તે કજીયાનો ફેસલો મુજબ રીતી—
(ચુકવ્યો વાજબી, હતી જેમ નીતિ*)

શેતાન ગાલેબ થાઈ હતો રૂઠ્યો—
બેહદીનોમાં હતો ઝઘડો એક ઊઠ્યો*

આતશબેહેરામ અને તેનાં મુતવલ્લીની સિફતમાં.

بفضل داور دادار برحق .·.
دريمبری چو جنت يافت رونق .·.
بنائی آتش بهرام پرنور .·.
بنام پاک دادا بهائی مغفور .·.
نكو پی سيت هورمزجی بنا كرد .·.
پرستشگاه نام حق بپا كرد .·.
گذر چون كرد دادا بهائی مرحوم .·.
ازين دنيای فانی دراشو قوم .·.
نواج بائی كه مامش بود دلسوز .·.
اراده مينمود هرگاه و هر روز .·.
كه از نامش كند آتش وهرام .·.
كه ماند ياد گاری تا سر انجام .·.
درين انديشه زين دنيای فانی .·.
گذر كرد او بدار جاودانی .·.
پسش جهد بليغ و جد بسيار .·.
جيائی بائی نمود از بهر اين كار .·.
كه پست او جفت دادا بهای مغفور .·.
عفيفه صالحی و از هر بدی دور .·.
پس از سويش مراين آتش وهرام .·.
زسعی سيت هورمزجي شد اتمام .·.
بحكم دين چو زينت يافت بنياد .·.
زخورد وهم كلان شد آفرين باد .·.
زهی مه قبلهٔ آتش وراهرام .·.
بفضل پاک يزدان گشت انجام .·.
خدارندا روانش دار خرم .·.

بعالی پايهٔ عرش مكرم .·.
بروز وه سروش ايزد بهترين بخت .·.
نشاندهٔ آتش بهرام بر تخت .·.
بمه اردیبهشت نيكوئی بخش .·.
زعالم ديو خويان را كند پخش .·.
بجسلم سال او از عالم غيب .·.
كه تا گردد دلم آگاه بی ريب .·.
بگفت هاتف كه ای نيكو سرانجام .·.
شهر از ويژو وه آتش وهرام .·.
سنه ١١٩٣ يزدجردی

———

દાનેરામંદા ! તું રાખ બાવર—
સર્વેને પેદા કરનાર વાજબી દાવર*
તે સાહેબનાં ફરજલો કરમથી—
ને સર્વેથી નેક, આ ધર્મથી*

બેહસ્ત મિસાલ દરેમેહેર નેક—
રોનકદાર થાઈ તૈયાર એક*
યાને દાદાભાઈનાં નેક નામથી—
સબબી વજુદ (ધર્મનાં બામથી*)
આતરાબેહેરામનું તખ્ત નુરમંદ—
(જે બરકતથી દુકે થાએછે દર્બંદ)*
આપણા લોકોનું તે એબાદતખાનું—
તૈયાર થાયું (એ નથી છાણું*)
મોબારેક કદમનાં હોરમજજીને હાથે—
ઓદાનાં નામની બરકત માટે*
(નથી રહી તેની એકબી જોડી)—
કે મરહુમ દાદાભાઈ મોદી*
(આએ દુનિયામાંથી થઈ ફારગ)
અશો લોકોના ટોળામાં (કીધો માર્ગ*)
(યાને તે નેકનામે) કીધી ગુજર—
(બેવિશ્વાસી આ જેહાન છોડી ઊજર*)
ત્યારે તેઓની માતા નવાજબાઈ—
તેણીનાં દિલની સોચના એવી થઈ*
હતી હમેશાં ને હર રોજ (નિત)—
આતરાબેહેરામવિશે લગાડે હું (ચીત*)
† ચંદ્રોકાળ સુધી રાખવા યાદગારી—
ધારણા હતી તેણીની (અતિશે ભારી*)
પણ તે નેક બ્યાલમાં તે (બીવા)—
ગુજર પામી (ન સબી જીવવા*)
જાવેદાનની જેહાનમાં વાસો કીધો—
(ઘાતકી જમને પ્રાણ બક્ષી દીધો*)
તે પછી નેકોકાર જી આઇબાઈ—
દાદાભાઈની વિધવા જે હતી થઇ*
સબીવજુદ તે પહરેજગારની—
તેણીએ પોતીકા ભર્તારની*
હૈયાતી બાદ આ નેક કામ થકી—
કોશેશ કીધી, તે (પતિવ્રતાએ પકી *)
અને વળી તેમજ હોરમજજી શેઠ—
એજ ઈરાદાથી (કંઈ કરતા વેઠ*)
(તેઓથી એ) આતરાબેહેરામનું કામ—
(ખુબીસાથે) પોંહચ્યું સરંજામ*
માજદીયસ્ની દીનના હોકમ પ્રમાણ—
મુજબ તે પાક યજદાંનાં ફરમાન*
તે ગેબીના ફરજલો કરમથી—
સારી તરતીબ (અને મરમથી*)

† મરહુમ દાદાભાઈની.

થયું એ કામ કેળવાનું શરૂ—
ત્યારથી તે જ્યાંતક સરંજામ હરૂં*
ત્યાંતક નાનાથી તે મોટાં સર્વે—
(જે ગુણીજનનો ખર્ચાયો દ્રવ્ય)*
તેના હકમાં આફ્રીન ને દુવા—
(દિલ્હીને જાતાં ઈમારત જુવા*)
અમે ખુદા તેનાં † રવાનો તારી—
અરશ કુરશીની નજદીક સારી*
(જગો આપીને) ખુશહાલ રાખ—
(જેનાં અશો તનની થયછે ખાખ*)
અમે નેકબખ્ત, બેહતર સરોશ રોજ—
અરદીબેહશ્ત મહિનો, કરી લો બોજ*
નેકીનો બક્ષનાર, વૃદ્ધી કરનાર—
(જેનેથી દેવ ને દરૂજો ડરનાર*)
તે દિવસે આતરાબેહરામ (ને ભાઈ)—
તખ્તનશીન કીધા (સાંભળો વધાઈ*)
(કે તે પવિત્ર ને કેળવો પાક)—
બુરી બ્યસલતનાઓને કરે ચાક*
ગેબી આલમ મધે મેં શોધ્યો મને—
કે જેથી ચોકસ માલમ પડે મને*
ત્યારે મને આવાજ કરનારે ગેબી—
(બોલાસો કીધો દિકટ વાતનો એબી*)
કે અમે આબેરશનું કામ કરનાર બ્યો—
'બીજો વેહ આતશવરેહરામ' મધે જો*
તે જોયાથી "૧૧૯૩ મને—
યઝદઝરદી" એ દેખાયો મને*

શેઠ હોરમજજી બેહેમનજી વાહડિયાજી સાહેબને નામે તખ્તનશીન થયલા મુંબઈના આતશબેહેરામ સાહેબની સિફતમાં દસ્તુરજી સાહેબ બેદલજી દારાબજી સંજાણાએ જોડેલાં બેતો.

بنام اهو داور ارجمند .·.
پدید آور گر زمان بلند .·.
خداوند دین و خداوند داد .·.
در فضل از فضل برما کشاد .·.
خداوند هستی و هم زندگی .·.
بهی زیبد اورا زما بندگی .·.
بهشتی او هست هستو جهان .·.
چو زاوش و زاور بحکمش روان .·.
بری از تقیض است و هم اشتراک .·.
ز تنقیص و انباز و دیس است پاک .·.
ببخشید در جسم روشن روان .·.
هم از روشنان کرد روشن جهان .·.
بود کارساز همه کارها .·.
دهد زیب گلزار با خارها .·.
بخواهندهٔ بخشد مراد تمام .·.
دهد نام او کار را انتظام .·.

બુલંદ જમાનાને પૈદા કરનાર—
હોરમજદ જે (છે સર્વને ધરનાર*)
તેનાં નામથી લખવાને શરૂ કરૂંછ—
(તેનાં ફરમાનપર સર ધરૂંછ*)
કે જે દીન અને દુનિસાફનાં સાહેબ—
(છે બધે જેહાન જેની તાબે*)
પોતાની દાનાઈથી આપણુપર કીધો—
જ્ઞાનનો દરવાજો બોલો કીધો*
અને જે સાહેબ (અરે બ્યો રાવન)—
હૈયાતી તથા જીંદગીનો છે બાંધદ*
તેને બુજોર્ગી બોગવવી છે સજાવર—
આપણને તાબેદારી કરવી ઘટેછે યાર*
તેની બોદાવેદીને સધળી આલમ—
કબૂલવાર છે (બ્યો બાલમ*)
બૃસ્પતી અને સેતારો શુકર—
તેના હોકમથી ફરેછે મુકર*
તે સાહેબ બોહોલાન ને શરાકતથી પુર—
નોકસાન ને પોરાદગીથી છે દૂર*
જેણે બદનમાં રોશન બક્ષ્યો જાન—
(તે સાથે આબ્યો સાચું કરી માન*)
કે તેણે આપનારો રોશન ચલકાત—
સેતારાબ્યોથી દુનિયાંને દીધો ઝળકાટ*
છે તેજ પોતે સધળાં કામોની—
કારસાજી કરનારો સધળાં ગામોની*
ગોલાબ્યો બેતીનો છે તે વાળી—
કાંટાબ્યોથી શણગારનાર માળી*
હાજતમંદોની હાજત સર્વ—
બર લાવનારો છે તે દ્રવ્ય*
જેના યાદ કરવાથી મુબારક નામને—
મજબૂતાઈ આવેછે હર બ્યેક કામને*

---

† દાદાભાઈનાં

પેગમ્બર સાહેબ જરથોસ્ત સપેન્તમાનની સિફતમાં*

ازو باد شوم وثنا بيكران ∴
بروح زرانشت اسفنتمان ∴

كه آورد او جمله وستا و زند ∴
خلايق شد از پند او بهرمند ∴

ز قلب ضلالان غبار ضلال ∴
زدوده ز اندرز دين بى ملال ∴

بيزدان پرستى شده رهنماى ∴
زهر پاك پيغمبر پاك راى ∴

كنم نعت و هم آفرين بيشمار ..
بفرجوده آن رهبر راستكار ∴

كه از دور او گشت مدت بسى ∴
بدينش نه غول و نه جن شد كسى ∴

يقين دان ره رستگاريست اين ∴
با عجاز او صد هزار آفرين ∴

જે પગ્મેગમ્બર અવસ્તાગ્મો જંદ—
જેની શિખામણ (છે દિલપસંદ*)
તે લાવ્યાથી દુનિયા સારી—
બેહેરો મેળવેછે (જે હતી આરી*)
જે નેકે દીનની નસીહતથી—
(ને ખરા ખોદાની વસીયતથી*)
ગોમરાહ લોકોના દિલ મધેથી —
આડા માર્ગનો કાટ (મધેથી)*
કાહાડી નાખીને તે સાફ કરી—
ખોદા પરસ્તીની રાહ ખરી*
યજદાં પરસ્તીનો માર્ગ ખરો—
જેણે તેમ્મોને જાહેર કરો*
તે (વખ્શુરના) મોજીજા રારતી
(જેમાં નથી કશીબી કાસ્તી*)
તેની વખાણ બેશુમાર—
તારીફ કરેછ (તેના અતિ અપાર*)
કે જેને ગુજર્યાને મુદત થઇ ઘણી—
તોમ્મેપણ કોઇ તેનો દીનનો ધણી*
ભુત અથવા નથી થયો જીન †
(મ્મેવો છે પવિત્ર મહજબ ને દીન*)
વાસ્તે (મ્મો બંદા) મ્મેફરીનથી જાણ—
નેજાત પામવાનો માર્ગ મ્મે માન*
દોજખથી (તને રાખનારો પ્રાર્ગ—
બેરાક જાણ મ્મેવો મ્મે દીનનો છે માર્ગ*
આફરીન*)

તે (બોદાથી) જરથોસ્તનાં રહ ઊપર—
દુવા હોજો (જેથી રળ્યાછે ફુરૂર*)
બેહદ આફરીન તેઊપર હોજો—
(પાક રવાન તેનું હમેશાં સુખ જોજો*)
કે જે પાક અકલનો પગ્મેગમ્બર અશો—
(દિવ દરજ ને વેગળો છે જેથી નસો*)

પાદશાહ વિલ્યમ ધી ફોર્થની તારીફમાં.

بعهد شه جارج والا نژاد ∴
خديو جهان و خداوند داد ∴

سليمان قدر شاه والا گهر ∴
سكندر شكوه و فريدون فر ∴

شده سالخوردان زدادش جوان ∴
خدا جوى و عادل چو نوشيروان ∴

સુલેમાની દરજ્જે સેકંદરી મરતબો—
ઇનસાફનો સાહેબ આલંમનો (સુબો*)
ફરેદુનની બોરેહ બુજર્ગ ખાનદાન—
અદલ ન્યાયાધિરા, જેવો નોશીરવાન*
સાહેબીનો શોધનાર અદલ પાદશાહ—
વિલ્યમ ધી ફોર્થ ‡ ચોથો બાદશાહ*
જેના ઇનસાફથી બુઢાગ્મો જવાન—
(નાતવાનો જવાંમર્દ) થયાતા (માન*)

આતશબેહેરામ સાહેબના મુતવલીની સિફતમાં.

بنامى بلند آتش وبهرام ∴
پرستشگر ايزد راستكام ∴

بتوفيق آن مينوى مينوان ∴
بشد خرم آتشكهى چون جنان ∴

---

† ભુત અથવા જીનની મકસુદ એછે જે માજદીયસની દીન ઊપર બેશક બેગુમાન રહ્યાથી કોઇબી શરશે પોતાનાં રવાંનને દોજખી કીધું નથી.

‡ વિલ્યમ ચોથો.

ہم از غیب در خواستم سالِ او ∴
دلم زینجہت بود در جستجو ∴
چنین گفت ہاتف ز لطفِ تمام ∴
کہ بشمر زمہ آتش ورہرام ∴

ગેબીઓના ગેબી બાદશાહ—
(જેની બક્ષીશ છે સર્વેથી આળા*)
તેની મદદથી બેહેસ્તના જેવું—
એક આતશખાંનું તૈયાર થયું તેવું*
યાને આતશબેહરામ સાહેબની—
(મોટી કૃપાથી તે ગાયબની*)
બુલંદ ઈમારત, નેકીની મીનાદ—
કરવા થકી તે યજદાંની યાદ*
તૈયાર થઇ (એ જરથોસ્તી)—
(પરસ્તેશ કર ને છોડ સુસ્તી*)
તેમધે તારીફ તથા લાયક વખાણ—
બેહસ્તની મિસાલનો ગુંબજ જાણ*
બનાવ્યો હતો (બુબ નાદર)—
હવે એ ઈમારત (બંધાવનાર બાહધર)*
બક્ષીશનું વાદળ, હોનરે આફતાબ—
બુજર્ગીનું આસમાન, (સ્વર્ગનો આબ*)
ભાગ્યશાળી ને રાખનાર દાનાઈ—
ઈજત ને હાએસ્તગી સાથનો (ભાઈ)*
(સરકારી સુબો સદા કામદાર)—
બુજર્ગ તોખમનો બેહમનજી નામદાર*
તેણે એ કેબલો કરાવ્યો તે વેળા—
રૂસ્તમજી તથા અરદેશર હતા ભેળા*
એ નામવરો હતા મરાવરતકાર—
(બુજર્ગી ભરેલા બાસ સરદાર*)
એ ત્રણેદે ભાઈઓ હતા એક જીબાન-
મદદગાર ને એક દિલ (માન*)
તેઓએ પોતાકી માતા મીઠીબાઇ—
તેણીના હોકમને આધીન થઈ*
(બહુ દિલભરીથી) કોશેશ કરી—
મરહુમ બાપની નૈયતે (વરી*)
આતરાબેહરામને તખ્તનશીન કીધા—
(જેથી હજારો દેવ દરજો બીહધા*)
જે નામદારમાં (ન હતી કશી કસુર)—
દેશાવરમાં છે હોરમજજી કરી મહશુર*
તેવુંજ તેનું નામ હીયાં રાખવા—
આખેરી સુધી (કળ તેનું આખવા*)

زہی گنبدی چون بہشت برین ∴
سزاوار تحسین و ہم آفرین ∴
بنا کرد بہمنجی نامدار ∴
سحاب کرم کان غرو و وقار ∴
سپہر بزرگی و مہر ہنر ∴
جوانبخت و دانا و والا گہر ∴
چو رستمجی و نامور اردشیر ∴
درینکار بودند با او مشیر ∴
مواین ہرسہ اخوان بہم یاوران ∴
بودند یک دل و ہم دم و ہم زبان ∴
ز حکم میتہی بائی عفتہ دثار ∴
کہ بد مام شان صالحہ و نیک کار ∴
بنام اب خود ز جہد تمام ∴
نشاندند این آتش ورہرام ∴
کہ ماند نیکو نام او یادگار ∴
ہمیشہ بود تا جہان بر قرار ∴
بود سیت ہرمزجی نامدار ∴
ورا نام مشہور اندر دیار ∴
خلف باشد از بہمن پاکدین ∴
کہ بگزیدہ روحش بہشت برین ∴
جدش واریا لوجی نیک کار ∴
کزو یافت این خاندان اشتہار ∴
ز زرتشتیان انجمن سر بسر ∴
ازینکار بودند دل شاد تر ∴
بنائی آن قوم دین بہین ∴
بخواندند ہریک ہزار آفرین ∴
زہی قبلۂ آتش ورا ہرام ∴
ز فضل جہان آفرین شد تمام ∴
خنک روح ہرمزجئی نامدار ∴
نکو نام او ماند زین یادگار ∴
کہ گوی نکوئی ز دنیا ببرد ∴
تو گوئی حیاتست ہرگز نمرد ∴
خدایا روانش تو خرم بدار ∴
بر عرش با غرو با افتخار ∴
بروز سروش خجستہ سروشت ∴
مہ برترین بود اردی بہشت ∴
نشاندند این آتش ورا ہرام ∴
بتخت مہی با بسی احترام ∴

પાક દયાનતનો (હોરમજ્જીનો) બાપ-
બેહમનજી (જેથી વેગળું હતું પાપ*)
(જેનાં હાથે હતો વાજખીનો પાસો)—
તેનાં રવાને જીન્નતમાં કીધોછ વાસો*
તે જેનો નેકોકાર લવજી બપવો—
વાહાડિઆનો એલકાબ જેથી જણાવો*
કે જેનેથી એ શેઠનું ખાનદાન—
શોહરત પામ્યું (ને ભોગવેછે માન*)
જ્યારે એ કેખલો ખુખીભરેલો—
આતરાબેહેરામનો (મુકરર કરેલો*)
યજદાંનો ફજલો કરમથી યાર—
સરંજામીએ પોહોંચ્યો થયો તૈયાર*
ત્યારે જરથોસ્તી સઘળો ટોળો—
(દ્રવ્યવાન અને વળી ઓહલો*)
એ નેક કામથી થયો મધન—
(જાણે કે ઘરેઘર થયાં લગન*)
કરવા લાગી સઘળી એજુમન દુવા—
આફ્રીન કરવા લાગી (જે મલીતી જુવા*)
એ આતરાબેહેરામના માલિકપર—
(કે સદ રેહેમત હોજ્જે તે ઊપર*)
અને એ નામદાર ભરેલો નેકબખ્ત—
હોરમજ્જી શેઠ (જેમાં ગતિ ને કુવવત*)
તેનું નામ હીયાં યાદગાર રહ્યું—
(યાને નથી તે ફના થયું*)
ગોયા એ શેઠ આ દુનિયા મધેથી—
નેકીની દડી લઈ ગયોછ (બી સંદેહથી*)
એજ નહી, પણ નથી તે પામ્યો મરણ—
હૈયાત છે (તેનાં સઘળાં કરણ*)
તે નેકના રવાનને ઓ સખી ઓદાતાલા-
બુજર્ગી આપજે (હદથીબી આલા*)
તારી અર્શ ખુરશીની પાસ—
ઓરરમ રાખજે (જ્યાં ફુલનો છે વાસ*)
એ આતરાબેહેરામને બુજર્ગીનું તખ્ત-
જાહોજલાલી સાથે આપ્યું તે વખ્ત*
તે દાહેડો ભોબારેક રોજ સરોશા—
બરતર અરદીબેહસ્ત મહિનો (દરોશ*)
વળી ગેબથી તેનો શોધ્યો સને—
(કે જેથી જાણું હું પકેપણે*)
માઇ દિલ તે ઊપર લાગી ગયું-
ગેબી આવાજે ત્યારે મને કહ્યું*
પોતીકી મેહરબાનગીથી તમામ—
કે જો "મેહ આતરોવરાહરામ" *
તે મધેથી (એનો સને જોઈ કાઢાડ)—
એ હિસાબે ૧૨૦૦ યઝદેઝર્દી યાર*)

હૈઆતીની આબેરૂ.

હવે લખવાને ઊપજેછ અફસોસ—
કે સર્વે જરથોસ્તીઓનો દોસ્ત*
સર્વે સાથે રાખનાર મિત્રાઈ—
જેનામાં ન કસી ગરૂરી કે બડાઇ*
જેનાં રદનની હાલ પડીછ અગત—
તે પરમેશ્વરનો ખરો ભગત*
તે ખાલિકની કરનાર બંદગી—
જ્યાંતક હતી તેની જીંદગી*
તે ખાસ જરથોસ્તનો શીશ—
† કુરાણ, પુરાણ ને પહેડેલો હદીસ*
સર્વે કોમમો થયેલો જાણીતો—
અપઠ ને કાબેલ બંનેને માનીતો*
જરથોસ્તીઓમાં નર ને નાર—
બાળક વટીકમોબી થયલો આશકાર*
એવો તે નર અને દસ્તુર પાકી—
વગર ભરોસાની આબે જેહાન બાકી*
છોડીને ગયો અસલી વતન—
મીનો ફરેસ્તા જ્યાં કરેછ જતન*
તે રોજ પાંચમો સફંદારમદ—
વળી માહ બારમો સફંદારમદ*
જે વર્ષે આપણને કીધા દર્દી—
તે બાહારશો ને શોલ યજદેઝર્દી*
ગણાતો હતો તે શેહેનશાહી સને—
અઢારસો સુડતાલીશ અંગ્રેજી ગણે*
અઠાવીશમી આગસ્ટ, ને શનિવાર—
પાછળા પોહરના ૪॥ નો શુમાર*
તે દિવસે છોડીને બધી ભયે—
૭૨ વર્ષની હૈઆતી ને વય*
૧૫ દિવસના તાવના રોગમાં—
આવ્યો એ ગુણી પુર ભોગમાં*
તે ધિકારભરેલો ને રોગ દુષ્ટ—
કરીને એ બ્રહ્મચારીને સુસ્ત*

† આબે જગોબે કુરાણ, પુરાણ, અને હદીસની મતલબ જરથોસ્તી ધર્મ પુસ્તકોની જાણવી*

તે પવિત્ર રૂહમાંથી નાપેદા થયો—
હોકમ જ્યારે તે કિર્તારનો આવ્યો*
હવે એ ગમી ને મોટી નાસિપાસી—
ખબર ફેલાતાંજ સૈને થઇ ઉદાસી*
નાધલાંથી તે મોટે વાંધેના—
દબદબાવાળા મોટે ખાંગેના*
દુકાંમાં જરથોસ્તી લોકો તદન—
હાય મારી કરવા લાગા રદન*
તે દિન સર્વેને લાગેા અકારો—
ને થયો, ન થાતો તેવો નકારો*
એ જીગર તે દિવસ શું હતો બિહામણો—
ધરેધર હાય ! ને પુકારો ગમનો*
જે રદનનો હેવાલજ ફકત—
કેહવાને છઇએ અમો અશકત*
પણ દુકાંમાં અમો જણાવીયેછ આ—
કે એ ફાજેલ દસ્તુરના નેક ખાહ*
સગાંવ્હાલાં ને મળંતાવિશોકો—
તેઓને કલેજે લાગીછે મેખો*
શેહેનશાહી લોકોને ઘણો કકળાટ—
નેક કદીમીઓનેખી ઊકળાટ*
એકદમ થયો હતો ઉત્પંત—
ઓહવાથી આવો બ્રહ્મચારી સંત*
જે ગમીનો નહીજ કંઇ અંત—
જાણેછે સઘળા મુએદાનાં પંથ*
હવે એ જીગર અને નામદાર—
જે ઓહ્યું રતન આપણે કામદાર*
તેની મોહબતની દેખાડવા ઈધાણી—
જરથોસ્તી અંજુમન મોટી નાની*
એને અવલમંજલ પોંહચાડતી વખ્ત—
ઊંચકાયું એનું જ્યારે 'અવલ' તખ્ત*
જે વખ્તે નીયેાની કરતા યજદો—
તે વખ્તે કરવા છેલ્લો સેજદો*
ખારથી એકઠી સર્વે હતી મળી—
પાયદસ્ત જોઇ કંઇકોની આંખો ગળી*
કોઇએ કહ્યું, એ દીનના પેરાવા !—
પએગમ્બર જોડે તું જાયછ એસવા*
પણ નથી હવે કોઈ દીનનો હામ !—
ખાલી છે તારી જગા ને નામ !
તેજ રીતે એનાં દાનાવઉદમણાને દિશા—
મિજલસ થાઇતી એકઠી અતિશ*
તેવી વખાણ લાયક ભારી ઠઠ—
નથી મળી ફરીની શોધી કાહાડવા મથ*
ન યાદ કોઇને આવતો ઇસારો—
તે થયો હોએ કખી એનો વીસારો*
એવી મિજલસ મળી હોય સરસ—
મળે નહી તુને જો એયે કંઇ વરશ*
હવે એ ધર્માચારીની સખી—
નવા ઊમેદવારો જો જોવા ચાહે કખી*
તે વિષે આ જાણવા જોગ હકીકત—
નિચે આવશે વાંચ્યામાં વિગત*
કે એ આતશબેહેરામના હકદાર—
બક્ષેશનાં ખાવીંદ ને સતદાર*
એ આતશકદેહનો ખુદ મુતવલી—
તેને સુચના આ મુજી ભલી*
તે કોણ ? નામી અકાબર આપણો—
એલકાબ આખાં ગામમાં છે ખાપનો*
નામ જેનું બહમનજી હોરમજજી શેઠ—
કંઇએક છે જેની સરદારી હેઠ*
તેણે એ દસ્તુરના મરણ †અગાઉ—
એક ઉસ્તાદ ને ચિતારો સાહુ*
મિસ્તર ગ્રીન જેનું હતું નામ—
આપી તેને મનપુરતું દામ*
ઊતરાવી એ પંડિતની મુરત—
આએહુબ જેમાં ઊતારીતી મુરત*
તે એ દસ્તુરનાં ઊઠમણાંને દિને—
એ નેક ખસલતના શેઠ ગુણીજનેને*
પોતીકાં આતશબેહેરામના હાલમાં—
મોટા ને મરતબાવાળા માહાલમાં*
મુકીછે આપવાને થકી જેબ—
જેપર પસંદ હોજો હમેશાં ગેબ*
તે તસ્વીરની એક નકલ ખરી—
આ પુસ્તકમાં આપીછે વરી*
હવે એ પંડિતની યાદ રાખવા—
એનાં નામથી ઉત્તમ ફળ ચાખવા*
એનું નામ રાખવા કાયમ ને સદા—
આપણી પંચાતના અકાબરો વડા*
તેઓએ ઊધરાણાની ટીપ કીધી એક—
જેમાં સર્વે જોઇ પોતીકો ટેક*
નાણાની ભરી હતી એ રકમ—
તે વિશે ઠેરાવ કીધોતો મકમ*
કે એ અને એ મધે પછી ભરાતા—
રૂપીયાઓ હોયે જે એકઠા થતા*

† મરણ અગાઉ ચાર માસ*

તે પંચાયતને હસ્તક કરવા—
દસ્તુરનાં નામનું ખાતું કરી ભરવા*
પારસી પંચાયતના દપ્તર માહે—
તેની અંદરથી જે વ્યાજ થાય*
તે શિખવવા પેહલવી ને જંદ—
ઠેરાવ કીધોતો બહુ દિલપસંદ*
તેસાથે એ એલમમાં થાય વધારો—
તેવો ગુણગારો ને ખર્ચે સારો*
તે રકમની આવકમાંથી કરવા—
જે યાદ હમારી ન માંગે વીસરવા*
તો પંચના મેહતાએ અંજુમન આગળ—
ઊપલી બાબતથી વિસ્તારેલો કાગળ*
મોટે અને વળી બુલંદ સાહેદે—
વાંચી સંભળાવ્યોતો તેજ દાહેડે*
પણ અમોને લખવાને લાગેછ ગમી—
કે વિચાર જે કીધોતો ધામી ધમી*
તે પંચની આપણી અંધેર રીત—
જે એપર ચહડી ગઈછ અતીશે કીટ*
જે એ છે આળસુ ને અયાસી—
તેએએ આ નામી ને ગેાઠવણ ખાસી*
તેનું શું કીધું તે નથી ખબર—
હવે તે ક્યાં તુલીક કરીએ સબર*
અફસોસ તેએાનાં એવાં કામપર—
અપ્રસોસ તેએાનાં મોટાં નામપર*
કે બોલીને પછી જાયછે વિસરી—
ગેાયા બોલેલું ગયું નિસરી*
એ તે શું બોલીને કાહડવા સખુન—
ચોખુણમાં તેએાને લાગેછ જખુન*
જો કાંઈ બીજું હતેતો અમો ન લખ્યતે—
પણ જોસો ચહડ્યોછે અમોને આ વખ્તે*
કે આ કામ કેહવું હતું માહભારત—
જેમ ઇસિલામો કરેછે પીરોની ઝીયારત*
તે શા માટે? રેહવા યાદ તેની—
તેમજ આ કીર્તિ રેહવા થકી એની*
એની તે કેાણુની? આપણા હેતુની—
બુલંદ સેતારો અથવા "કેતુની"*
આપણા ખાસ નખીના શીરાની—
યાદ રાખવા માટે શેઠો ને ખીસની*
તેએાએ આ ઠેરાવ રાખ્યોતો બાહાલ—
પણ જુવો પછવાડેથી તેનાં હાલ*
ઠેરાવ ગયો ઠેરાવને ઠેકાણે—
કરવું ન કરવું તે પંચાત જાણે*
કકે આપણુને ન મળતો બસારો—
કે શા સબબથી કીધોછે વિસારો*
આ ઉપ્યોગી બાબદને રાખીછે ઢાંકી—
તેને કેમ કરી રહીયે અમો સાંકી*
અમોતો શું, પણ શેહેનશાહી ટોળો—
જે છે બીજા કરતાં અતિશે બોહળો*
તેએા એ પાંતીની કરેછે જીકર—
પણ તમોને ન લાગતી કશી ફિકર*
તમોતો બેઠા છો રાખીને ધીર—
કેટલું કહીયે પ્યારા અમારા વીર*
એા! મહજબપર રેહનારા ચુસ્ત(?)—
શેહેનશાહી શેઠો કાંએ થાવોછ સુસ્ત*
સુસ્તી તમોને એબ લગાડે છ—
સુસ્તી કામ તમારૂં બીગાડેછ*
હજુર તમો કરતાં ભલા સો હીસ્સે—
નિચે લખીયેછે અમો જે વિશે*
કે કદીમીના શેઠીયાએા છે મોતબર—
જેએાને છે મહજબની પુરી કદર*
જાંખી શાહદત મુકી કુટુંબ જોવો—
બેપરવાએા હવે ના બોહવો*
કે મુલ્લાં રૂસ્તમ જે પામ્યોછ મરણ—
માસ જોને બહુતો થાયાછ ત્રણ*
તેની યાદગારો સારૂં એક ઠામ—
બંધાવી આપેછ અરદેશર નેકનામ*
કે જેમાં ગરાશે નિશાળનો બ્યામ—
પણ હાલબી નથી બેઠા બેકામ*
કાકે જંદ, પારસી ને પેહલવી બલમ—
શિખવેછે હાલ ન લગાડતા વીલંબ*
નહી શિખવતા કાંઇ આજ કાલથી—
પણ ગયા કદમીના નવાં સાલથી*
જે જોઇ અમો ઘણું થાઇયેછ બુશાલ—
કે જીવતા રેહેજો એવા બોદાના લાલ*
નહી કેહતા મોહડે, પણ અંતકરણ—
દુવા ચાહીયેછ 'તેને' થાજો શરણ*
કે એવા સતવાદીએાનાં કામને—
તે સાથે તેએાનાં બુલંદ નામને*
જીવતું ને રાખે તેને જાગતું—
કે જે કામ હતું તેમને લાગતું*
તે પાડી દીધું સિતાબીથી પાર—
હવે એા શેહેનશાહી અમારા યાર*
અકાબર સાહેબો ઊઘાડો આંખ—
છતે પૈસે કાં લગાડોછ ઝાંખ*
તમારી પાસે છે બહુ દ્રવ્ય—
તેથી કહીએછ અમો રાખી ગર્વ*

કે દ્રવ્યના બળથી જે તમો ચાહવ—
તો અનદીઠ પવનનેખી શાહવ*
તો આ કામતો શું હતું દિકટ—
કે તેપર થાઇ બેઠાછો ચીકટ*
સાહુચેત થયો અને કરો તારણ—
સરંજામ પોંહચોડો કહેલાં કારણ*
કે તેથી વધે તમારી નામદારી—
તો પછે કોઈ અમો જેવા કામદારી*
તમારી લાયકીનું ટુંકે બાંકુ—
અકાબરો વિશેનું લાવી હંઈ નાકુ*
આપ્યા શેહેનશાહી ટોળાને અરજ—
કરીયે છીયે કાંઇ જાણી ફરજ*
કે એ મરહુમનું જે થયું છે ફંડ—
શિખવવા પેહેલવી, ફારસી ને જંદ*
તેપર વખત સારે ને માઠે—
નામદારીનો ન કોહાડતા હાથે*
ન ભરતા તેમાં કાંઇ મોટી રકમ —
પેશવાની યાદગારીનો ગાડવા ખંમ*
તે જોઇ અમો બહુ છીયે દુખી—
કે વચલે વાંધેના જેઓ છે સુખી*
તેઓખી એ કામથી કાં હટેચ પછાત—
ઓ શેહેનશાહીઓ! નાથાવો માહાત*
હુશીઆરી ભરેલી તમો રમો બાજી—
યાદ કરો જે હતો તમારો કાજી*
જેનાં 'ઇમામપણા' હેઠે રહ્યા—
ઓ જ્ઞાનીઓ! રાખો હીયાં*
તે મરનારની યાદ રાખવા—
તે નામ હંઈથી નહી કાહડી નાખવા*
બાંધો તમો હવે કંમર કશી—
અને રકમો ભરો તમો હસી*
કે તેથી માલમ પેડે તમારો ચાહ—
કહેછ એવું તમારા નેક ખાહ*
હવે આ હેવાલ કરતાં તમામ—
ન કરતાં કશી રીતનો દમામ*
અમો ફરીથી કરીયેછ અફસોસ!—
કે એ રાખનારા અકલ ને હોરા*
દસ્તુરના ગુજરી જવાથી—
એ નેક નામની જગો ખાલી થવાથી*
કબૂલ કરેછે કંઈ અરો મદા—
કે આપણા ટોળાપર પડયો પડદો*
ફરતાં આસમાનથી પડયોછ ટુટી—
મુસ્કેલ છે બહુ નાખવો ચુટી*
આસમાનપરથી કાળી પડીછ ચાદર—
ઇમારત થઇછે વગરની દાદર*
કંઇએક કહેછે પહરેજગાર નર—
કે પાયા વગરનું ઊભું છે ઘર*
સિપાહો કહેછ કે ખાલીછે મ્યાન—
પણ તલવાર નથી તે દરમ્યાન*
એવા પુકારો સઘળેથી થાય
કે ખાલી જગા એની ક્યારે પુરાય?*
તે વિશે અમો કહીયેછ આમ—
કે જગો પુરાવવી મુસ્કેલ છે કામ*
સબબ કોઈ એવો ન નજર પડતો—
કે એલંમના સાગરમાં હોય તે તરતો*
તેથી છે અમારો કમ વિશ્વાસ—
ફુલ તો કરમાયું રહ્યોછે વાસ*
એ દસ્તુરના જેવા થોડા હરો ભોગી—
ઊગમણ પ્રાંતના એલમના જોગી*
હવે 'એદલ દારાબ'ના રહને સલામ—
કરીને પહડીયેછે ઓદાઇ કલામ*
કે ભોગવે સદા તે જીન્નત—
એજ છે અમો ફિદવીઓની મીન્નત*

બતાવો એવો રહ્યોછે કહ્યો જેવો પંડિત આ ઉઠી ગયો

બદ નસીબ અને બદ સિતારો—
સંતાઇ ગયો તે આપણો તારો*
ભોલાઓને જેની લાગીછ ગમી—
શામશેહેર તેજીમાં થાઇ કમી*
કારીભાલાઓ આ છાતીએ લાગાછ—
દિલની અંદર કાંટા ભાગાછ*
ભાઇતે કોણુનાં હેશાનને થકી—
એદલ દારાબની ઓળખ પકકી*
જે આપણે હઇડામાં છે ધરેલી—
ઘડી ને પળખી ન જુદી કરેલી*
જે ગુણી હૃદયમાં છે કરમાયો—
યાને વાકો જેનો છે થાયો
પાક તનનો હતો અશો નર જે—
કરીને ગયોછે સંગ્રહ તે*
જાણતો હતો જે ભાષાઓ ઘણી—
તેથી કેટલી કેતાબો પણ બની*
જે ગુણી હાલ અણડીઠ દીસેછ—
આંખથી તે અતિત ક્યાં ખીસેછ*
જેણે તજી છે આ લાલચુ જગત—
હતો ખરો ઊદારી, તે આ ભગત*

આ હા! દીઠી તેં ભગતની ઊદારી—
માર્ગ તજી ભુડાં વાતો સુધારી*
થાય થોડાજ હવે એવા શખ્સ—
એ ખોદા! જન્નત તેને બક્ષ
તેનાં રહને બક્ષ અમન—
કે જન્નત માહે તે કરે ચમન*
ચમનતો કરતો હશે એમાં શું શક—
ચાલો મુગા રહો નો કરો બકબક*

જમાનાનો દોર

હવે એ અમારા પ્યારા ને અજીજ—
દુનિયાદારી છે નાપાયદારી ચીજ*
યાને કશી ચીજ ન રેહતી હંમેશા—
નહી જમાનો જમીન ને દેશ*
નહી ધરદાર ને પ્યારો મલુક—
નહી રેહતી દેહ અને કાયમ સુખ—
નહી રેહતો આપણો પ્યારો જન—
નહી રેહતી મગરૂરી ને માન*
નહી રેહતું કુટુંબ ને એશ—
નહી રેહેતો લેબાશ ને વેશ*
નહી રહેતો સદાનો ભરમ—
નહી રેહતો કોઈનો હમેશ ધર્મ*
નહી રહેતું ઝાડ ફળવંત—
નહી રેહતો સાધુ ને સંત*
નહી રેહતો કોઈબી જીવજંત—
નહી રેહતું કઈ સર્વેનું છે અંત*
નહી રેહતો બગીચો ને બાગ—
નહી રેહતો સદાનો દાધ ને લાગ*
નહી રેહતો ઊડતો સકરો ને કાગ—
નહી રેહતો શેર મદ, સિંહ ને વાધ*
નહી રેહતું કોઈ પરંદુ ને ચરંદુ—
નહી રેહતું પશુ ને જનવર દરંદુ*
નહી રેહતા ખોહ અને પાહાર—
નહી રેહતા ઊંડા, ને બીહામણા ગાર*
નહી રેહતી સર્દી, ગર્મી ને ઠાર—
નહી રેહતું કંઈ, સંધુછે ખુહવાર*
નહી રેહતું ઊજડ ને જંગલ બીહામણું—
નહી રેહતું નિરોપયોગી ને કામનું*
નહી રેહતું કંઈબ્બેક નામ છે રામનું—
નહી રેહતું હા ! આવેછે સબળાં ગામનું*
નહી રેહતો કોઈ ગંભીર ને ધીર—
નહી રેહતો દુશ્મન ને સદાનો મિત્ર*
નહી રેહતા અદના ને આળા—
નહી સફેદ અને રંગના કાળા*
નહી રેહતું કોઈ, સમજ એ લાલા—
નહી રેહતું, દુનિયાંના બાલી છે ભાલા*
નહી રેહતા જુવાન ને બુઢા—
નહી રેહતા રાસ્ત ને શુધ્યા*
નહી રેહતા કોઈ બરા બેહુંદા—
નહી રેહતા બરા ગુરૂઓના મુદા*
નહી રેહતા પીર ને સૈયદ—
નહી રેહતા, કુરાણ ને જાણનારા વેદ*
નહી રેહશે 'તોરાત,' એ બાલી છે ભેદ—
નહી રેહશે કંઈ, કર તે નામની બેદ*
નહી રહ્યો (તિ) જેનું નામ અમર—
નહી રહ્યો જમાના ને જમીનનો પેગમ્બર*
નહી રહ્યો (તુ†), ગયો આકાશની અંદર—
નહી રહ્યો ગુસ્તાસ્પ જેવો બીજનો ચંદર*
નહી રેહતી વળી ચાંદની ને રાત અંધારી—
નહી રેહતો કરપીણ ને જુલમગાર ભારી*
નહી રેહતો વનવાસી અને સંસારી—
નહી રેહતો બળવંત ને સદા હથિયારી*
નહી રેહતો કોઈ સદા લડાયક—
નહી રેહતો કોઇ લાયકીને લાયક*
નહી રેહતો કોઈ હુશ્યાર ને ફ્રાબ્બેક—
નહી રેહતું કાંઈ આબ્બે ફેરો છે નાહેક*
નહી રેહતો કોઈ ગરીબ મુફલેશ—
નહી રેહતા માતબરોના બેશ*
નહી રેહતો સિતારો, ઈડો ને નેહરા—
નહી રેહતું માણસ, ગુણીજન બેરા*
નહી રેહતા કોઈ કરનારા બદી—
નહી રેહતા કોઈ દુનિયા મિસાલે દડી*
નહી રેહતાં બુલંદ ને મોટાં દરબ્બત—
નહી રેહતા કોઇને કરનારા હરબ્બત*
નહી રેહતો જેનાં નામની હોબ્બે બરકત—
નહી રેહતા કંઈ કરનારા તરકટ*
નહી કાબ્બેમ રેહતું વાદળ ને વીજ—
નહી પુનમ ને હંમેશાં બીજ*
નહી રેહતી વસતડ હલકી ને નીજ—
નહી ચારે રૂતુ, સાંભળ અજીજ*
નહી રેહતા કાયમ કોટ ને કિલ્લા—
નહી રેહતા તીરપર ચહડાવેલા ચીલ્લા*

† જરથોશ્ત.

નહી રેહતા ફરેબકાર અને ખીલ્લા—
નહી રેહતા, સર્વેને અંતે છે હીલ્લા*
એ દિલદાર ! જો છે સર્વેને એવું—
તો સમજ, નથી આ નાહકનું કેહેવું*
આ જંજાલીભરેલી જંહાનમાં ન રેહવું—
કર અદા શ્રિમંત સીરદારનું દેવું*
ચીત ધરીને કરી લે જપ—
માયા થારે તેની કારણે તપ*
ખરાં મનથી કર તે નામનો ખપ—
હાથ જોડીને કરે તું, તે બંદગીથી શપ*
એતમાહ ને મોટો જે છે ધણી—
સિફત ને તારીફ તેની છે ધણી*
એકાએક ને મર્યાદાથી જો તે ભણી—
કે શોહર કરેછે કરનારો મણી*
તેથી એ સત વાતે ચાલનાર—
હેશાનથી ઉદારપણે છે જે પાળનાર*
કરોડોપરની કંઈકે બળાએ બાળનાર—
કેવી માહ આફત સારૂં કરી ટાળનાર*
નેકીનાં કામને જે હંમેશાં ધાયછ—
ગરીબને તુવંગરી આપવા જાયછ*

નાના જીવરા જેવી વસ્તુને ચાહેછ—
રે ! ખુશીનો તેની શુમાર ક્યાં થાયછ*
તેવા એક સાહેબને હરદમ ભજ—
જેથી પેદા થાયું છ સોનું ને રજ*
કર બંદગી, છાતી થાય તારી ગજ—
થોડુંકમાં ભાઈ તારી કૂરી જાય ધજ*
કર બંદગીનો વેપાર હરદમ—
પુન થાએ વધુ, ને પાપ થાય કમ*
સબબ કે નિકળી જવાનો એ દમ—
નહી ના કેહવાય જ્યારે આવે જમ*
હંઈ વસવું છે ભાઈ દિવશ પાંચ સાત—
નાહેકની કરવા ભુંડી ભલી તાત*
તેનીમાહે કાંઈ ન આવતું હાથ—
રે ! જમ આવે એટલે થાય માહાત*
વાસ્તે કરીયે એવું કે સુરખરૂ રહીએ—
જ્યારે હંઈથી વતન પોતકે જઈયે*
શેવટે આ છે આધીનોનો ઓલ—
કે ઉસ્તવાર રાએ તમારો કોલ*
રૂડા માર્ગની કરતા રહો ઓળ—
કરો સાહેબ યાદ એ સર્વેથી અમોળ*

૧૮૫૪ નાં ભયંકર તોફાનની નોંધ

આ ગ્રંથ પુરૂં કરતાં તદન—
શેવટે અમો કરીયછે રદન*
જો કે અમોએ થાવું જોઈયે મધન—
પણ આફતી તોફાન ને સખ્ત વધન*
જે આ ટાપુમાં ગુજર્યું છ હાલ—
જેવું ન ગુજર્યું તું કોઈખી કાલ*
તેવું એ તોફાન સખ્ત ઘાતકી—
જે જોઈ કાંપ્યા કૂર ખાટકી*
સખ્ત હૈડાંના જેઓ છે કસાબ—
તેઓખી રેઢ જોઈ આવો હિસાબ*
કાને સાંભળ્યો પવનનો શોશો —
ઓ એલાહી ! ન એવો જોસ્સો*
કાને સાંભળ્યો પણ નજરે જોયો—
બુઢાઓ કહેછ, બધો જમાનો ઓહ્યો*
તેવો બનાવ આ નવેમ્બર માસે—
પેહેલી તારીએ જે થાયો નાસે*
અઢારશો ચોપણ, ઈસવી સને—
૧૨૨૪, માહ ખીજે, પારસીઓ ગણે*
રોજ ૭ મો અમરદાદ સાલ—
બુધવાર, તથી બારસ રાઓ બાહાલ*

સંવત એગણીશે અગિયારે—
એ દિવસે રાતના કલાક અગિયારે*
જે બન્યું છ તેનો સેજ વિસ્તાર—
આ પુસ્તકની શેવટે આપીયે છે યાર*
હા ! મુંબઈમાં આફત અજબ—
ઓ એલાહી ! આ તારો ગજબ*
ઓ કરીમ ! એ તારૂં કરવું—
તારી ઈછાથી પ્રાણીઓનું મરવું*
દરખ્તોનાં ઊખડવાં મૂળ—
તીર થઈ વાગી રસ્તાની ધુળ*
એ તારો કોપ ઓ ભગત—
બુહાર થઈ જેથી આ જગત*
એકાએક અને પવન અચબુચ—
તારી દરયાથી કરતો આવ્યો કુચ*
વર્ષાદખી હતો ચારદિવસનો જારી—
ઓ ઓદા તુંએ કીધી બુહારી ! ! !
રાતના દરાથી તેની થઈ વધ—
બાર ઉપર ત્રણેતો બસ થઈ હદ*
બંધ હતાં જે બારી ને બારણાં—
બુદરતી ઊધડયા, ઝાડ પડયાં તાડનાં*

માહર, પીપરા અને વર—
એનાતો ન હતી કસર*
બીજી જાતના કાંઈ દરખ્ત—
જે કાપતાં અતિશે પડે હરકત*
તે વગર મજુરીએ થયાં સફા—
એવો તે સાહેબ થયોતો કફા*
ઘરનાં નળિયાં ચરદાં થાઈ—
ઊડવા લાગાતાં, સાંભળી લો ભાઈ*
એક ઘરથી બીજા ઘરપર પડે—
વળી તે સાથે હાળ્યાંતાં ઘરે*
સેજવાર થયોતો ધર્તિ કોપ—
નહી ! નહી ! એ ઈશ્વરી કોપ ! ! !
કંઈકિ ઘરની ઊડી અગાસી—
કંઈકિ ઈમારત પડી ગઈ બાસી*
તેમાં ગયા કંઈકિના જીવ—
આફત ! આફત ! અરે એ શીવ ! ! !
કંઈકિનાં ઘરો અર્ધાં પડ્યા—
કંઈ પ્રાણીને જખમી કર્યાં*
હવે દરિયાઈ આફત તો જાણે બળી—
ખુરાકીની આફત શો હીસા ભલી*
જે લખ્યતાં અમને લાગેછ કંટાળો—
અરે ! અરે ! એ કુદરતી ભાળો*
એશુમાર બગલા ને ફતેમારી—
મછવા, પરઊએાની થાઈ ખુહારી*
અતિબહુ ગોરાબ, ને કટર—
તે સાથે ભાગી કંઈ ઈસ્ટીમર*
જોખમાયાં કંઈ ખુલંદ વહાણ—
કેટલાંકની કરીયે અમો જાણ*
સ્ટીમર જંમશેદજી જીજીભાઈ તમામ—
ફલાખ્શા, જે કરતીતી દમામ*
ઈસ્ટીમર સર જાર્જ રસલ કલાર્ક—
એએએએ બાધી એકેદંમ થાક*
યાને તે આગબોટો તદનજ ભાગી—
ન સંતાપ કરતા તેને આગ લાગી*
પણ પ્રાણીએાના અમૂલ્ય જીવ—
અપાર બોહવાયા, અરે એ શીવ*
સાહડી ચારશોથી જીવરા વધારે—
એ ગજબનાક તોફાનેને દાહેડે*
ભર આશા સમેત થાયા ભ્રષ્ટ—
જે વિશેનું લાગુંચ અતિધણું કષ્ટ*
પુર ઊમેદમાં થયા નિષ્ફળ—
અરે એ કરીમ ! એતો તારૂં બળ—
તે વિશે અફસોસ ને કરીયે છે જરી*
કે એ તોફાન હેબતનાક ભારી—
આખી બાબતની હંઈએ રતી*
લખીછે કહીયેછ રાખી ગતિ*
લંબાણ કથાને કીધીછે ટુક—
નહી તરકે એની થાએ એક બુક*



00043867

Digitized with financial assistance from the
Mr. Sangi
on 12 April, 2019

EXPRESS